લેખક,

મગનલાલ ગોવિંદલાલ

એન્જીનીયર—અમદાવાદ

શ્રી કડવા પાટીદાર શુભેચ્છક સ

ત્રીજો મહોત્સવ.

બાવળા.

છપાવી પ્રસિદ્ધ કરનાર,

પુરૂષોત્તમ લલ્લુભાઈ સેક્રેટરી

ધી કડવા પાટીદાર શુભેચ્છક સમાજ—વિરમગામ.

પ્રત ૪૦૦ કિં. અમૂલ્ય.

Real Patidar Library

About Real Patidar books

For Reference See Pages: 10, 29.
For page numbers, see the page footer. Page numbers are in 'Page x of y' format

લેખક,
મગનલાલ ગોવિંદલાલ
એન્જીનીયર—અમદાવાદ

શ્રી કડવા પાટીદાર શુભેચ્છક સ

ત્રીજો મહોત્સવ.

બાવળા.

છપાવી પ્રસિદ્ધ કરનાર,
પુરૂષોત્તમ લલ્લુભાઈ સેક્રેટરી
ધી કડવા પાટીદાર શુભેચ્છક સમાજ—વિરમગામ.

પ્રત ૪૦૦ કિં. અમૂલ્ય.

"શ્રી કડવા પાટીદાર શુભેચ્છક સમાજ"ની

ત્રીજી બેઠકના પ્રમુખ સાહેબ.



શેઠ રતીલાલ કેશવલાલ શીતવાળા.

ॐ

"શ્રી કડવા પાટીદાર શુ. સમાજ"ની

ત્રીજી બેઠક—બાવળા.

ડિસેમ્બર ૧૯૧૨.

સને ૧૯૦૯ માં જ્યારે 'શ્રી કડવા પાટીદાર શુભેચ્છક સમાજ' ની સ્થાપના થઇ ત્યારે વિરમગામ, પાટડી અને અમદાવાદના આગેવાન ગણાતા પુરૂષોએ જ્ઞાતિ ઉન્નતિના આ પ્રયાસને છોકરવાદી–વેજા ભેગી થઇ છે, વગેરે શબ્દોમાં ગણી કહાડયું હતું; પરંતુ જ્યારે જુદા જુદા વિભાગોમાંથી સમાજના કાર્યને ઉત્તેજન મળતું જણાયું ત્યારે તેમનામાં ગભરામણ પેઠી હતી કે રખેને આપણી લગ્નપદ્ધતિ તુટી જાય ! તે વખતે લગ્નસરા નજીક આવતી હોવાને લીધે સમાજના કાર્યને તોડી પાડવા અને સુધારકોને રંજાડવામાં આગેવાનોએ લેશ પણ કચાસ રાખી નહોતી. 'કોઇ કોઇનું નથી' એ પરમસત્ય તે વખતે વિરમગામની જ્ઞાતિએ અનુભવ્યું અને સત્યાગ્રહની લડત ચલાવનાર જ્ઞાતિના બાળકો (?) ને નાત બહાર કે વહેવાર અને કુટુંબ બહાર મુકવા સુધીના પ્રયત્નો થઈ ચુક્યા હતા. સુધારાની હીલચાલ કરનારા યુવકો ઘોડીઆમાં સુતેલા બાળકો નહોતા. વડીલોમાં પૂજ્યતા ટકાવી રાખી સત્યાગ્રહ અને ધર્મયુદ્ધમાં પોતાની તમામ શક્તિઓ અને જ્ઞાન નિચોવી નાંખવું એ તેમનો મહામંત્ર હતો. પોતાના વડીલોની સાથે લડયા ઝગડયા તેમનામાં પૂજ્યતા ટકાવી રાખી પોતાનુંજ ધાર્યું કર્યું અને માતાજીની કૃપાથી એવા સંયોગો ખડા થયા કે છોકરાંની સમાજમાં આવતાં શરમાતા જ્ઞાતિબન્ધુઓને ફરજ્યાત રીતે તેમણે ઉઠાવેલી જ્ઞાતિ સેવામાં મદદ કરવાની જરૂર પડી. માતાજીના બ્હાને લગ્નપદ્ધતિ વાળી અંધશ્રદ્ધા જે ધાર્મિક અસહિષ્ણુતાને લઈને છવાઇ રહેલી તે સુધારકોના અંતિમ પણ જુજ વખતના પુરૂષાર્થ વડે દુર થઈ અને પ્રતિકૂળ સંયોગો સાનુકૂળ થતા ગયા તેનું કારણ ધર્મ અધર્મ જાણવાની આપણી કોમની આતુર જીજ્ઞાસા અને ઉન્નત સ્થિતિ પ્રાપ્ત કરવા કરાવવાનો આપણા સમજુ આગેવાનોનો સહકારી સદ્ભાવ છે. સમાજની હીલચાલ પછી આપણી કોમને નવિન પ્રકારનું જીવન પ્રાપ્ત થયું છે. એટલે કે છુટાંલગ્ન કરવાનો રિવાજ સ્થાપિત થયો, મરણ પાછળનાં જમણો–ફરજ્યાત પ્રેતભોજનો–મૃતઃપ્રાય થઇ ગયાં અને શાસ્ત્રવિરૂદ્ધ હોય તેવાં દરેક કાર્યોમાં જ્ઞાતિના હુકમને માન આપવાની અંધપ્રનાલિકા અજ્ઞાન આગેવાનોનાં પાપ લેઈ (?) સ્વર્ગે સિધાવી ગઇ છે.

જુદા જુદા વિભાગમાંથી પધારેલા જ્ઞાતિના આગેવાનો અને વિદ્વાનોની મોટી સંખ્યાવાળી સમાજની બીજી બેઠક વડોદરા મુકામે થઇ હતી જેમાં ના. ગાયકવાડ સરકાર અને અમલદાર વર્ગે પણ હાજરી આપી હતી; તેમજ આપણા જ્ઞાતિ શિરોમણી ના. [illegible] પણ સમાજના કાય તરફ દિલસોજી બતાવી હતી. સને ૧૯૧૧ ના ડિસેમ્બરમાં, [illegible] વર્ષ

દુષ્કાળ જેવું હોવાને લીધે બેઠક મુલત્વી રહી હતી અને તેમ કરવાનું બીજું પણ એ કારણ હતું કે લગ્નપદ્ધતિ છિન્ન ભિન્ન થઇ જવાને લીધે સમસ્ત જ્ઞાતિનો એક મેળાવડો કરી લગ્નના રિવાજનું બંધારણ (!) કરી આપવા માટે જૂના વિચારના કેટલાક ભાઇઓએ ના. દરબારશ્રીને પ્રસંગોપાત આજીજી કરેલી જે ઉપરથી પાટડીમાં જ્ઞાતિબન્ધુઓનો મેળાવડો થવાની વકી હતી. પાટડીના મેળાવડા સંબંધી આગાહી કરી સમાજની બેઠક મુલત્વી રાખવામાં વ્યવસ્થાપકોએ જે ડહાપણ વાપર્યું હતું તે ખરેખર ફળદાયકજ થયું હતું કારણ કે ડિસેમ્બરના દિવસોમાં થતી સમાજની બેઠક મુલત્વી રહ્યા પછી માર્ચ મહિનામાંજ સમસ્ત જ્ઞાતિનો મેળાવડો ના. દરબારશ્રીએ પોતાના પાટનગરમાં કર્યો હતો, અને તે વખતે પણ સમાજના મેમ્બરોએ પોતાની ફરજ બજાવવા માટે જે પુરૂષાર્થ કર્યો છે, તે ઉપરથી કહી શકાય તેમ છે કે સમાજની બેઠક વખતે જ્ઞાતિ બન્ધુઓના વિચારોમાં જે ઉચ્ચ પરિવર્તનો કરાવી શકાય છે તે કરતાં આ મેળાવડા વખતે ઘણું સારૂં કાર્ય થઈ શક્યું હતું; એટલે આપણું ત્રીજું વર્ષ નકામું ગયું નથી. જ્ઞાતિનો મોટો ભાગ કેળવણીમાં પછાત હોવાને લીધે સામાન્ય રીતે સુધારામાં મત ભેદ છે એવી જે માન્યતા હતી તે નષ્ટ થવા ઉપરાંત આખી કોમના વિચારો સુધરેલા છે, અને લગ્નના રિવાજમાં ધાર્મિક પદ્ધતિ અને વ્યવહારૂ ફેરફાર કરવાની જરૂર છે એવું આ મેળાવડાથી સાબીત થઈ શક્યું છે.

સમાજની ત્રીજી બેઠક પોતાના ગામમાં કરવા માટે જે જે બન્ધુઓએ વડોદરાની બેઠક વખતે માગણીઓ કરી હતી તે પૈકી વ્યવસ્થાપકોએ બાવળા ગામની કુમકુમપત્રિકા માન્ય રાખી, ચોથા વર્ષની ત્રીજી બેઠક બાવળા મુકામે કરવાનું જાહેર કર્યું હતું અને બેઠકને લગતું કામકાજ શરૂ કરવામાં આવ્યું હતું. શરૂઆતમાં એવું કહેવામાં આવતું કે જેઓ અમુક પ્રકારના વિચારો ધરાવતા હોય તેવાજ 'સમાજમાં જાય છે, કારણ કે તે વખતના સંયોગોને લઇને–કેટલાક હિતશત્રુઓની તોફાની વર્તણુકને લીધે–મેમ્બર થવા ઇચ્છતા દરેક ભાઇઓને સમાજના આશયો માન્ય છે તેની કબુલાત તરિકે–અંગીકરણ પત્રો ભરાવીને સમાજમાં દાખલ કરવામાં આવતા હતા. પરંતુ જેમ જેમ સંયોગો સાનુકુળ થતા ગયા અને સુધારા તરફ આખી કોમની લાગણી છે એવું પાટડીના મેળાવડા વખતે સ્પષ્ટ થઇ જવાથી સમાજના કાર્ય તરફ જ્ઞાતિ બન્ધુઓની સહાનુભૂતિ છે એવું સમજી અંગીકરણ પત્રો ભરાવવાની વ્યવસ્થાપકોને જરૂર જણાઇ નહિ; એટલે આ ત્રીજી બેઠક વખતે અંગીકરણપત્રો ભરાવવાની પ્રથા મુલત્વી રાખવાથી સમાજનું કાર્ય સંગીનપણે આગળ વધે છે અને આખી કોમ તે કાર્ય તરફ દિલસોજી ધરાવે છે એવું પ્રતિપાદન થઈ શક્યું છે.

આ વખતે ખાસ દીલગીરિ ઉપજાવે તેવો બનાવ એ બન્યો હતો કે, 'સમાજમાં મતભેદ છે, કોઇ સારા માણસો જવાના નથી, જવામાં કાંઇ સાર નથી' વગેરે પ્રકારનું વાતાવરણ ફેલાયાથી અને તેની પુરવણીમાં **"ગુજરાતી પંચ"**માં છેલ્લી ઘડી સુધી લેખો પ્રસિદ્ધ થતા રહેવાને લીધે મેમ્બરોનાં નામ આવતાં અટકી પડયાં હતાં જેથી મેમ્બરો વધારવા અને પ્રમુખ પસંદ કરવાનુ કાર્ય અગવડભરેલું થઇ પડવાથી સમાજના કેટલાક મેમ્બરોને બોલાવી પોતાની સ્થિતિ જાહેર કરવાનો માર્ગ પસંદ કરવામાં આવ્યો હતો એટલે સેક્રેટરીની સહી સાથે નીચે જણાવ્યા પ્રમાણે છાપેલાં કાર્ડથી ખબર આપવામાં આવી હતી.

"સમાજ ભરવા સંબંધીના, પ્રેસીડેન્ટ પસંદ કરવાના તથા બીજા કેટલાક સમાજના ઘણા અગત્યનાં કામોનો વિચાર કરવા અમુક પ્રકારના સંયોગોને લઇને, સમાજની ઑફીસે વિરમગામ પધારવા નીચે જણાવેલા બન્ધુઓને આમંત્રણ કરવામાં આવ્યાં છે, તેમાં આપની હાજરીની ખાસ જરૂર છે માટે તા. ૮–૧૨–૧૨ રવિવારે બપોરના એક વાગે જરૂર પધારશો."

દે. લાલસિંહજીભાઇ.	ડૉ. સાહેબ પિતામ્બરદાસ.
,, નારણસિંહજીભાઈ.	રા. જેઠાલાલભાઈ પ્રોફેસર.
,, નારણદાસ જોરાભાઈ.	,, હીરાલાલભાઈ.
,, કાળીદાસ હરજીવનદાસ.	,, પુરૂષોત્તમ તંત્રી.
,, કરસનદાસ જેસીંગભાઈ.	,, કેશવલાલ વકીલ.
,, અમરસિંહજી દેશાઈભાઇ.	,, બેચરભાઈ ગણપતપુરા.
,, ઝીણાભાઇ મગનલાલ,	,, મગનલાલ ઇજનેર.
,, અંબારામ શીવલાલ.	,, ચુનીભાઇ ભરૂચ.
રા. મુળજીભાઈ ભાવનગર.	,, મોહનલાલ ત્રીભોવનદાસ.
,, પુરૂષોત્તમ ફકીરભાઇ.	,, હરજીવનદાસ મુંબઇ.
,, મફતલાલભાઇ શેઠ.	,, રતીલાલ સીતવાળા.
,, ગોરધનભાઈ શેઠ.	,, કેશવલાલ હીરાચંદ
,, જેસીંગભાઇ વઢવાણ.	,, છગનલાલભાઈ સરઢવ.
,, છગનલાલભાઈ અઘાર.	,, ધનસા ભગત આદ્રજ.
,, પુરૂષોત્તમ માસ્તર વડોદરા.	,, કેસવલાલ છક્કડસી શેઠ.
,, પુરૂષોત્તમદાસ બાવળા.	,, ત્રીકમલાલ દલપતરામ.

રા. જમનાદાસ સાણંદ.

ઉપર પ્રમાણે ખબરો મોકલ્યા પછી બહાર ગામથી બોલાવેલા ભાઇઓ પૈકી માત્ર ત્રણ ચાર બંધુઓએજ હાજરી આપી હતી અને કેટલાકે વ્યવસ્થાપકોના કાર્ય તરફ સંમતિ દર્શાવી હાજરી નહિ આપી શકવાનાં કારણો જણાવ્યાં હતાં. તા. ૮–૧૨–૧૨ના રોજ બેઠકના કામ-કાજ સંબંધી અને પ્રમુખ પસંદ કરવાના કેટલાક ખુલાસા થયા બાદ શેઠ ચંદુલાલ, શેઠ રતીલાલ, દે. અમરસિંહભાઈ અને મી. મુળજીભાઇને પ્રમુખપદ સ્વિકારવા માટે વિનંતી કર-વાનું અને ત્યારબાદ અમુક પ્રકારનાં સુચના પત્રો પ્રમુખના નામ સાથે પ્રસિદ્ધ કરવાનું ઠર્યું હતું.

આ બેઠકનું પ્રમુખપદ કામકાજની અનિવાર્ય અગવડોને લીધે શેઠ ચંદુલાલભાઇ સ્વિકારી શક્યા નહોતા; જેથી ઉત્તર હિન્દુસ્થાનની યાત્રાએ ગયેલા શેઠ રતીલાલભાઇ આવ્યા તેજ દિવસે તે માટે તેમને વિનંતી કરવામાં આવી અને સમાજના કામકાજમાં આવેલી મુશ્કેલીઓથી તેમને વાકેફ કરવામાં આવ્યા હતા. સમાજના કાર્યવાહકોની અગવડો ધ્યાન-માં લઇ પોતાના ખાનગી કામકાજ અને પિતાજીની નાદુરસ્ત તબીઅત વગેરે અનેક પ્રકારના માઠા સંયોગો છતાં પણ સમાજ પ્રત્યે પોતાની હંમેશની કાળજી હોવાથી પ્રમુખ પદ સ્વિકારવાની મહેરબાની કરી હતી અને ત્યારબાદ વ્યવસ્થાપકોની સૂચનાનુસાર નીચે જણા-વેલાં સૂચના પત્રો પ્રસિદ્ધ કરી સમાજના મેમ્બરોવાળા જ્ઞાતિના તમામ વિભાગોમાં મોકલી આપવામાં આવ્યાં હતાં.

"શ્રી કડવા પાટીદાર શુભેચ્છક સમાજ"ના મેમ્બરોને સૂચના.

જ્ઞાતિ ઉન્નતિ અર્થે પ્રયાસ કરવા ઈચ્છતા દરેક સભાસદોને આ ઉપરથી ખબર આપવામાં આવે છે કે સમાજની આવતી બેઠક તા. ૨૮-૨૯-૩૦ મી ડિસેમ્બર સને ૧૯૧૨ ના દિવસે **બાવળા** મુકામે થવાની છે તે દરેક કાર્ય કરવા માટે સમાજની વ્યવસ્થાપક કમીટિએ સુરતવાળા **શેઠ રતીલાલભાઇ સાતવાળાને પ્રમુખ** તરિકે પસંદ કર્યા છે, અને પ્રમુખપદ સ્વિકારવાની તેમણે મહેરબાની કરી છે.

અમારા જાણવા પ્રમાણે કેટલાક વિઘ્નસંતોષિ માણસોએ એવી ખબર ફેલાવી છે કે "સમાજમાં મતભેદ છે, કોઈ માણસો ભાગ લેવાના નથી" પરંતુ આ અફવા તદન ખોટી છે અને જુઠી છે, સમાજનું કાર્ય ઉત્સાહભેર ચાલે છે અને મત ભેદ જેવું કાંઈજ નથી.

પાટડી, વિરમગામ, અમદાવાદ, ધ્રાંગધ્રા, ભાવનગર, વડોદરા, ભરૂચ, સુરત અને મુંબઈ વગેરે શહેરોમાથી તેમજ દશકોષિ, ભાલ, કડીપ્રાંત, કાઠીઆવાડ, ચુંવાળ, ઝાલાવાડ, કચ્છ, માળવા વગેરે દરેક વિભાગોના સભાસદો આ બેઠકમાં ભાગ લેનાર છે.

ઉપરોક્ત ખોટી અફવાને લીધે મેમ્બરો થવાની મુદત છેલ્લી તારિખ સુધી લંબાવવામાં આવી છે.

વિરમગામ
તા. ૧૭-૧૨-૧૨.

હુકમથી,
પુરૂષોત્તમ લલ્લુભાઈ.
સેક્રેટરી.

ઉપર પ્રમાણેનાં સુચના પત્રો મોકલી આપ્યા પછી સમાજના કાર્યવાહકોના બળમાં નવિન ઉમેરો થવાથી કામકાજને લગતી તૈયારીઓ ઘણીજ ત્વરાથી ચાલવા લાગી હતી. વિરમગામવાળા દે. નારણદાસ તથા મી. લાલભાઇ તેમજ અમદાવાદથી મી. દ્વારકાદાસ ગોવિંદલાલ વગેરે સમાજને લગતું કામકાજ કરવા માટે બાવળે ગયા હતા. વોલંટીઅર્સની આવેલી અરજીઓ પૈકી બનીશકે તેટલી વધારે અરજીઓ સ્વિકારી તા. ૨૬મીના દિવસે દરેક સ્વયંસેવકોને બાવળા મુકામે આવી જવાની ખબર આપવામાં આવી હતી, તેમજ સ્વયં-સેવકોના નાયક મી. માણેકલાલ પણ પોતાની ફરજ અદા કરવા માટે કલકત્તા જેવા દુર સ્થળેથી આવ્યા હતા. ધી બાવળા વહેપાર ઉત્તેજક જીનીંગ કું. લી. ના ચેરમેન શેઠ બાલભાઈ કીશોરદાસે પોતાના જીનનું કમ્પાઉન્ડ અને કેટલોક સરસામન સમાજના ઉપયોગ માટે વાપરવા આપ્યાથી તેમજ રસોઈગૃહ તથા મંડપ એકજ કંપાઉન્ડમાં હોવાથી સમાજના કામકાજમાં ઘણીજ સગવડ થઇ હતી. લગભગ સાત હજાર ચોરસફીટ જમીન ઉપર મંડપ બાંધીને ધજા પતાકા અને મુદ્રા લેખોથી શણગારવામાં આવ્યો હતો અને મંડપની શોભામાં વૃદ્ધિ કરવા માટે બની શકે તેટલી મહેનત દેશાઇ ચુનીલાલ નારણદાસ વગેરેએ કરી હતી. ઘણા જુજ વખતમાં રાત દિવસ મહેનત કરી મંડપ શણગારવાનું તેમનું કાર્ય ઘણુંજ પ્રસંશનીય અને ધન્યવાદને પાત્ર જણાયું હતું. પ્રમુખ સાહેબ વગેરેને બેસવા માટે લગભગ ત્રણ ફીટ ઉંચુ, મંડપની શોભામાં વૃદ્ધિ કરતું એક પુલપીટ-સિંહાસન-બનાવવામાં આવ્યું હતું, અને મંડપની જમીન ઉપર સમાજની ૫૦૦ ખુરસીઓ તેમજ માગી લાવેલી બીજી ખુરસીઓ અને બાંકડા વગેરે ગોઠવી લગભગ છસો સાતસો માણસો બેસી શકે તેવી ગોઠવણ કરવામાં

આવી હતી. ભાષણકર્તાઓ પુલપીટ ઉપરજ ઉભા રહી બોલી શકે તેમજ લાયક સદ્‌ગૃહસ્થો અને માજી પ્રમુખોને બેઠક આપી શકાય તે માટે પુલપીટ મોટું રાખવામાં આવ્યું હતું વળી તેની લગોલગ નીચે જમણી તથા ડાબી તરફ વર્તમાનપત્રોના રીપોર્ટરો માટે ગોઠવણ કરવામાં આવી હતી. મંડપની તદ્દન નજીક રસોઇગૃહ હતું અને જમવા બેસવાની જમીન ઉપર ચંદનીઓ વગેરે બાંધી લેઇને ન્હાવા ધોવાની સગવડ પણ કમ્પાઉન્ડમાંજ કરવામાં આવેલી હોવાથી મેમ્બરોને ઘણી સગવડ થાય તેવું હતું. નીચે જણાવેલા ઉત્સાહી સ્થાનિક બન્ધુઓની એક રીસેપ્સન કમીટિ–સન્માનકારીણિ સભા–નિમવામાં આવી હતી.

મી. પુરૂષોત્તમ લલ્લુભાઈ પ્રમુખ.	શેઠ બાલમુકન કીસોરદાસ.
રા. રામદાસ નારણદાસ.	અમીન કેશવલાલ કુબેરભાઈ.
,, મોહનલાલ દેશાઇભાઈ.	દે. પ્રહેલાદજી નારણદાસ.
,, મોહનલાલ દામોદરદાસ.	રા. મોહનલાલ કરશનદાસ.
,, પુરૂષોત્તમ નાથાભાઈ.	,, નારણદાસ વ્રજલાલ.
,, સાંકલચંદ મોહનલાલ.	,, હરગોવિંદ મોરારદાસ.
,, નારણ હરગોવિંદ કુબેર.	,, પુરૂષોત્તમ મુળજીદાસ.
,, અંબારામ વ્રજલાલ.	,, અંબારામ ઇશ્વરદાસ.
,, ડાહ્યાભાઇ ગોરધન.	,, અમૃતલાલ પ્રહેલાદજી.
,, સોમનાથ જેસીંગદાસ.	,, શ્રીધરદાસ દેશાઇભાઇ.
,, ચુનીલાલ રણછોડભાઇ.	,, રામદાસ જેઠીદાસ.

તા. ૨૮ મી ડિસેમ્બરનો પહેલો દિવસ.

બેઠકના આગલા દિવસથી જુદા જુદા ભાગના મેમ્બરોએ હાજરી આપવી શરૂ કરી હતી અને મેમ્બરોનો મોટો ભાગ તા. ૨૮ મીની સવારમાં આવવાનો હોવાને લીધે અમદાવાદ તેમજ સાબરમતીના સ્ટેશને હાજર જણાતો હતો. સાબરમતી સ્ટેશનથી બાવળા જવા માટે ધોળકાલાઇન તા. ૨૮ મીના પ્રભાતમાં નીકળી તે વખતની મેમ્બરોની હાજરીથી આખી ટ્રેન ચીકાર જણાતી હતી અને અમદાવાદના મેમ્બરો તથા પ્રમુખ સાહેબ વગેરે એલીસબ્રીજ સ્ટેશનથી બેસવાના હોવાને લીધે ત્યાંથી ટ્રેનમાં ગીરદી જણાઈ હતી. એલીસબ્રીજના સ્ટેશને પ્રમુખ સાહેબ, શેઠ દુર્ગાપ્રસાદભાઇ, શેઠ કેશવલાલભાઇ વગેરેએ મુંબઇથી પધારેલા કચ્છી બન્ધુઓ રા. નારાયણજી મીસ્ત્રી તથા રામજીભાઇ, તેમજ જુદા જુદા વિભાગમાંથી પધારેલા સમાજના ઉત્સાહી આગેવાનો સાથે મુલાકાત કરી હતી. લગભગ નવ વાગતાં બાવળા સ્ટેશને ટ્રેન આવી પહોંચી હતી. બહારગામથી પધારેલા બન્ધુઓ અને પ્રમુખ સાહેબને લેવા માટે સ્વાગતકારિણી સભાના સભાસદો તેમજ રા. અમરસિંહજી વકીલ, રા. પુરૂષોત્તમ તંત્રી, રા. કેશવલાલભાઈ વકીલ, રા. નારણદાસ મારફતીઆ વગેરે સભાસદો તેમજ વૉલીંટીઅરોની ટોળીના નાયક મી. માણેકલાલ પોતાની ટુકડી સાથે સ્ટેશનપર આવ્યા હતા. શરૂઆતમાં ઉમિયામાતાની જય બોલાવી રીસેપ્સન કમીટીના ચેરમેને, પ્રમુખ સાહેબને હારતોરા અર્પણ કર્યા બાદ હાજર રહેલા મેમ્બરોની ઓળખાણ કરાવી હતી. તે પ્રસંગે જુદા જુદા વિભાગના બંધુઓ પણ દુર દુરથી પધારેલા ભાઇઓ સાથે વાતચીત કરતાં આનંદમાં મસ્ત જણાતા હતા.

સ્ટેશન ઉપરથી સરઘસના રૂપમાં સઘળા બન્ધુઓ ગોઠવાઇ ગયા પછી સ્વયંસેવકોએ " પ્રમુખ સાહેબનો જય થાઓ "ના હર્ષનાદો કર્યા બાદ સરઘસ મંડપ તરફ વિદાય થયું હતું. મંડપમાં આવી પહોંચ્યા બાદ તમામ મેમ્બરોની હાજરી વચ્ચે સમાજના સેક્રેટરી મી. પુરૂષોત્તમદાસ તંત્રીએ જણાવ્યું કે—

ભાઇઓ! જુદા વિભાગ પ્રમાણે આપણા રિવાજમુજબ દરેક મેમ્બરો માટે ઉતારાની ગોઠવણ કરવામાં આવી છે અને હમણાંજ આપ દરેકને પોતપોતાના ઉતારે લઈ જવામાં આવશે, પરંતુ મેમ્બરો થવાની મુદત આ વખતે છેલ્લી તારીખ સુધી લંબાવેલી હોવાથી તેમજ ઘણાખરા મેમ્બરોની સરભરા ફી બાકી હોવાથી તેમને ટીકીટો મોકલાવી આપવામાં આવી નથી. જેજે બન્ધુઓને ફીઇ વગેરે આપી ટીકીટો લેવાની હોય તેમને મંડપમાં ટીકીટો આપવાનું શરૂ થયું છે તે લઇ લેવી કે જેથી કરીને કોઈને અગવડ પડે નહિ. ટીકીટો વગેરે લઈ લીધા પછી દરેક ભાઇઓએ પોતાને ઉતારે જઈ સરસામનનો બંદોબસ્ત કરી ન્હાવા ધોવા તથા જમવા માટે અહીંજ પધારવાનું છે, એટલે બાર વાગે જમવાનું થશે અને તેમાંથી પરવાર્યા બાદ ત્રણ વાગે સમાજની બેઠકનું કાર્ય શરૂ થશે, માટે દરેક ભાઇઓએ તે પહેલાં પોતાના કામથી પરવારી મંડપમાં હાજરી આપવી.

ઉપર પ્રમાણેની સૂચના અપાયા બાદ ઘણાખરા મેમ્બરો ટીકીટો લેવાના કાર્યમાં પડયા હતા અને ત્યારબાદ સ્વાગતકારીણી સભાના મેમ્બરો અને વૉલીંટીઅરો તેમને ઉતારે લઈ જતા હતા. લગભગ ૧૧ વાગતાં ન્હાવા ધોવા માટે સઘળા ભાઇઓ આવી ગયા હતા અને બાર વાગે જમવા માટે ભોજનશાળાના મંડપમાં પધાર્યા હતા. ત્યાં રિવાજ મુજબ દરેક ભાઇઓની ટીકીટો તપાસીને શાંતિથી દાખલ કરવામાં આવતા હતા. કેટલાક દુરથી આવેલા મેમ્બરોને આરામ લેવાની જરૂર જણાયાથી જમી રહ્યા બાદ બે કલાક જેટલો ટાઇમ ફાજલ રાખવામાં આવ્યો હતો, જેથી દરેક ભાઇઓ આરામ લેઇ બે વાગ્યાથી મંડપમાં હાજરી આપવા લાગ્યા હતા. લગભગ ત્રણ વાગ્યામાં મંડપ સભાસદોથી ભરાઇ ગયો હતો અને ત્રણવાગતાં પ્રમુખ-સાહેબ શેઠ રતીલાલભાઈ, શેઠ દુર્ગાપ્રસાદભાઇ, કુમાર શ્રી લાલસિંહજી, શેઠ ગોરધનભાઈ, મે. ડૉક્ટર સાહેબ વગેરે પધારતાં વૉલીંટીઅરોએ તેમને હર્ષનાદથી વધાવી લીધા હતા, અને મંડપમાં શાન્ત ખુશાલી પ્રસરી રહી હતી. દરેક મેમ્બરોએ પોતપોતાની જગા લીધા બાદ ઉમિયા માતાની જય બોલાવી સમાજના સેક્રેટરી મી. પુરૂષોત્તમ તંત્રીએ ઉમાદેવીની સ્તુતિ સંગીતના સાજ સાથે ગાઇ સંભળાવી હતી.

કલ્યાણની સાખી.

સુખદાતા સતિ પાર્વતી, દુ:સહ દુ:ખ હરનાર,
ભાગ્યવંત હે ભગવતિ, વરદાઇ ઉદાર;
સેવક જન રંજન સદા, નમું હું વારંવાર,
સહજ સમરતાં સહાય હો, જય જય ગુણ આગાર.

(અનંત એકજ છે-એ રાગ.)

સફળ કૃતિ કર માતુ હે મ્હારી,
સુમતિ પ્રેરક સદાયે દયાળી; સફળ.

જ્ઞાતિ હિત ચિત સ્થીર કરી સ્થાપો,
ઇચ્છું ભવાની કૃપા એ ત્હારી; સફળ.
અધમ ઉદ્ધારક જ્ઞાતિ કે ગંગા,
ઉભય શિવા નહિ અન્ય હિતકારી; સફળ.
દ્રઢિભૂત છે એ મંત્રજ મ્હારો,
સાધક તેનો **અમર** સુખાળી. સફળ.

ઉપર પ્રમાણે મંગળાચરણ થઇ રહ્યા બાદ સ્વાગત કમીટિના ચેરમેન મી. પુરૂષોત્તમદાસે જણાવ્યું કે.—

બન્ધુઓ ! આપ સઘળા કચ્છ, કાઠીયાવાડ વગેરે દુર દુરના દેશોથી પધારી અત્રે હાજરી આપી છે તે માટે મને અત્યંત આનંદ થાય છે, આપ સઘળાએ સમાજના આમંત્રણને માન આપ્યું છે અને શોભામાં વૃદ્ધિ કરી છે તે માટે સ્વાગત કમીટિના ચેરમેન તરિકે આપને આવકાર આપી કૃતાર્થ થાઉછું. અમારા ગામમાં આપણી સમાજના એક ઉત્સાહી મેમ્બરનું મરણ થવાથી અને કેટલાંક કારણોને લઇને અત્રેના સુધારા મંડળમાંથી રા. કેસવલાલ, અમારી કમીટિના ચેરમનનું કાર્ય કરી શક્યા નથી અને તે માન મને આપ્યું છે જે માટે હું તેમનો અને આપ સઘળાનો ઉપકાર માનું છું તેમજ ઉક્ત બન્ધુના મરણથી અમારા કામકાજમાં કેટલીક મુશીબત આવી પડે તે સ્વાભાવિક છે અને તેથી અમારી કોઇ પ્રકારની ખામીને લઇને આપને કાંઇ અગવડ જણાય તો દરગુજર કરશો એવી આશા રાખું છું.

ભાઇઓ ! આપણી આર્થિક સ્થિતિ ઘણીજ નબળી થઇ જવાનાં મુખ્ય કારણો એ છે કે આપણે કેળવણીમાં ઘણાજ પછાત છીએ. અન્યદેશોના ખેડુતોની માફક આપણે ખેતીવાડીનો જોઇએ તેવો બદલો લેઈ શકતા નથી કારણ કે ખાતર, ખેડ, બી, પાણી વગેરે પ્રકારનાં જે મુખ્ય સાધનો છે તેના અભાવે અને તે વાપરવાના યોગ્ય જ્ઞાનની ખામીઓને લીધે આપણે નિર્ધન રહ્યા છીએ. અજ્ઞાનતાને લીધે આપણે કરેલું કેટલુંક ખર્ચ નકામું જાય છે અને બીજું પણ એ કારણ છે કે આપણી ગરિબ સ્થિતિ ને લીધે આપણી પાસે જમીનો રહી નથી. પા અને અડધા વીઘા જેટલા જમીનના ટુકડાઓના માલિક થઈ જવાથી આપણને ખેતી-વાડીમાં વિશેષ ખર્ચ આવે છે અને કદાચ મોટા પ્રમાણમાં જમીનો હોય તો સાધનોના અભાવે કિંવા તેટલી જમીન નહીં સાચવી શકાવાનાં કારણોને લઇને આપણી સ્થિતિ સુધારી શકાતી નથી, એટલે કે ખેતીવાડીમાં આપણે જે ખર્ચ કરીએ છીએ તે ઘણી વખતે નકામું જાય છે. આર્થિક સ્થિતિ નબળી થઇ જવાનાં અન્ય કારણો પૈકી બીજુ કારણ એ, છે કે આપણે ઉડાઉ ખરચો કરી મિથ્યા મોટાઈ મેળવવાને લલચાઇએ છીએ. આપ સઘળા જાણો છો કે આપણી જ્ઞાતિનો મોટો ભાગ મરણ પાછળનાં ખરચો કરી પાયમાલ થઈ ગયો છે. આવાં ખરચો કરવા માટે કેટલાક લાલચુ અને મૂર્ખ આગેવાનોમાં ખપતા બન્ધુઓ આપણને ઉંધાચતા પાટા બંધાવે છે, પૈસાની મદદ કરતા નથી એટલુંજ નહિ પરંતુ આપણી જમીન અને ઘરબાર વેચાવામાં પણ તેઓજ પાછા સામેલ થાય છે.

બીજી જ્ઞાતિઓ આપણાં લગ્ન જોઈ હાંસી કરે છે અને આપણો ઘર સંસાર કફોડો થઇ પડે છે તેનું કારણ આપણો લગ્નનો રિવાજ છે. છોકરાઓ પરણાવવાને દરેક માણસો

ખંત ધરાવે છે, પરંતુ છોડીઓને કુલના દડે પરણાવે છે પરિણામે કન્યાવિક્રય થાય છે. કુલના દડા કહાડી નાંખીને જો યોગ્ય ઉંમરે મરજી આવે તે વખતે લગ્ન કરવાનો રિવાજ હોય તો આપણી સ્થિતિ સુધરે અને ગોળ કરવાની બીલકુલ જરૂર પડે નહિ એમ મારૂં માનવું છે. કન્યાવિક્રય કરવો તે મહા પાપ છે અને બાળલગ્ન કરવાથી કજોડાંજ થાય છે. સંસાર વ્યવહાર જોઇએ તે પ્રમાણે ચાલી શકતો નથી, તેમ શારીરિક અને માનસિક શક્તિઓ ખીલતી નથી તેનું કારણ પણ આપણાં લગ્નનો રિવાજ છે. મારા ધારવા પ્રમાણે વરકન્યાની ઉંમરમાં પાંચ-સાત વર્ષ જેટલો તાફવત રહે તેવી રીતે લગ્ન કરવામાં આવે અને કોઇને તેમ કરવામાં મુશ્કેલી આવે નહિ એમ કરવાની ખાસ જરૂર છે. આપણા કેટલાક ભાઇઓ હજુ તે સંબંધી અજ્ઞાન છે. તેમને લગ્નની મહત્તા અને સ્થિતિ સુધારવાનો ઉપદેશ આપવા માટે ઉપદેશકો રાખવાની ખાસ જરૂર છે અને હું તે માટે આપ સઘળાઓને ભલામણ કરૂં છું. આપણા વિદ્વાનોએ પોતાંની વિદ્યાનો અને ધનિકોએ પોતાની ઉત્તમ સ્થિતિનો લાભ જ્ઞાતિ બન્ધુઓને આપવો તે ઇશ્વિરી ફરજ છે તે અદા કરવા માટે આપ સઘળા પુરૂષાર્થ કરશો એજ મારી ઉમેદ છે. આપણે સઘળા આજે જે ઉત્તમ કાર્યને માટે અત્રે એકઠા થયા છીએ તેવા મહદ્ કાર્યમાં આપણને સીધ્ધે રસ્તે દોરવા માટે એક નેતાની જરૂર છે અને તે માટે આપણી જ્ઞાતિ તરફ સંપૂર્ણ લાગણી ધરાવતા જે સદ્‌ગૃહસ્થને પસંદ કર્યા છે તે શેઠ રતીલાલભાઈ સીતવાલા છે અને તેમને આપણી આ બેઠકનું પ્રમુખપદ આપવાની અમારી વિનંતીમાં આપ સઘળા સંમત થશો. (તાળીઓ) આપ સઘળા ભાઇઓએ પધારી જે અહેશાન કર્યો છે અને વ્યવસ્થાપક કમીટીએ અમારૂં આમંત્રણ સ્વિકારવાની કૃપા કરી છે તે માટે આપ સઘળાનો અને પ્રમુખ સાહેબનો ઉપકાર માનુંછું અને અમારા કામકાજમાં ખામીઓ જણાય તો તે દરગુજર કરવાની બીજીવખત પણ વિનંતી કરૂં છું. (તાળીઓ).

રી.કમીટિના ચેરમેનનું ભાષણ પુરૂ થયા પછી સમાજની વ્યવસ્થાપક કમીટિના અધ્યક્ષ કુમારશ્રી લાલસિંહજીભાઇએ જણાવ્યું કેઃ—

દરેક જ્ઞાતિઓના મેળાવડા, સમાજ કે સભાઓમાં તેમજ ધાર્મિક કાર્યોની પ્રવૃત્તિમાં પણ અધ્યક્ષ કે પ્રમુખ નીમવાની જરૂર પડે છે અને તે સિવાય કાર્યની મહત્તા સચવાઈ રહેતી નથી. પ્રમુખ પસંદ કરવાનો રિવાજ વિદ્વાનોએજ પાડયો છે અને આપણે તેમના પગલે ચાલીએ છીએ. આ રિવાજ ઘણા પ્રાચિન કાળથી ચાલ્યો આવે છે તેની પ્રતીતિમાં એટલુંજ કહીશ કે જ્યારે પાંડવોએ રાજસૂય યજ્ઞ કર્યો ત્યારે તે યજ્ઞમાં પણ અધ્યક્ષ નીમવાની ચર્ચા ચાલી હતી અને છેવટે શ્રીકૃષ્ણને અધ્યક્ષ નીમવામાં આવ્યા હતા. આવા સેંકડો દાખલા આપી શકાય તેમ છે. એક પ્રસંગે બ્રાહ્મણ અને ક્ષત્રિય વર્ણોમાં મહા યુદ્ધ ચાલ્યું હતું પરંતુ બ્રાહ્મણોમાં કોઈ અધ્યક્ષ નહિ હોવાથી તેમની હાર થઇ હતી. એટલે જે કાર્યોમાં અનુભવી અને યોગ્ય અધ્યક્ષ ન હોય તે દરેક કામો સારાં થઈ શકતાં નથી. ગૃહરાજ્યમાં પણ અધ્યક્ષની કેટલી જરૂર છે તે વિષે બોલતાં આપણાં દયાળુ મર્હુમ મહારાણી અને તેમના પતિ પ્રીન્સ આલ્બર્ટનું દૃષ્ટાંત આપી પ્રમુખની જરૂરીઆત વિષે વિવેચન કર્યા બાદ છેવટે જણાવ્યું કે શિષ્ટાચાર મુજબ પણ લાયક પ્રમુખ પસંદ કરવો જોઇએ અને તે

માટે શેઠ રતીલાલભાઈ સીતવાળાને પ્રમુખ પદ આપવામાં આપ સઘળા સંમત થશો. (તાળીઓ.)

ત્યાર બાદ રા. કાળીદાસભાઇએ જણાવ્યું કે,—

શેઠ રતીલાલભાઈ, ગૃહસ્થો તેમજ સાધારણ વર્ગમાં પણ જાણીતા છે એટલુંજ નહિ પણ દરેકે દરેકના સમાગમમાં આવી ગયા હશે એમ હું ધારૂં છું. સુધારાની હીલચાલને તેમણે શરૂઆતથીજ મદદ કરી છે અને કેટલીક અથડામણોમાં પણ તેમણે દીર્ઘદષ્ટિ વાપરી આપણી હીલચાલને ઘણી મદદ કરી છે. કૂળવાન ગૃહસ્થો પૈકી તેમણે સુધારાની હીલચાલને જે અંતઃકરણથી મદદ કરી છે અને કરશે તેથી કૂળવાનો સુધારાની વિરૂદ્ધ છે એવી જે માન્યતાઓ ખુણે ખોચરે ભરાઈ રહી છે તે નષ્ટ થશે અને કૂળવાનો વિષે જે ખોટી લાગણીઓ ફેલાયેલી છે તે તેમના જેવા એક કાર્યકુશળ માણસના હાથમાં સમાજનું નાવ સોંપવાથી નાબુદ થઇ જવા ઉપરાંત આપણી હીલચાલ કેવી સંગીન છે તે જણાઈ આવ્યા સિવાય રહેશે નહિ. કેટલાક કૂળવાનો આ હીલચાલમાં ભાગ લેતા નથી અને પાછા પાછા હઠે છે પરંતુ સુધારાનો કોઈ બીજો આશય નથી. સુધારા એટલે સુ+ધારો=સારા ધારા, સારા રીતરિવાજ એનું નામ સુધારો છે. જમાનામાં જેમ જેમ ફેરફાર થાય છે તેમ તેમ ધારાઓ એટલે રીતરિવાજોમાં પણ ફેરફાર કરવાની જરૂર પડે છે. માત્ર જૂનું છે તેનેજ વળગી રહેવું એવી માન્યતાવાળા કોઇ કોઈ હોય છે પરંતુ તેમણે પણ પોતાના વડીલો કરતાં જુદાજ પ્રકારના આચાર વિચાર અને પહેરવેશ ધારણ કર્યા છે તો જૂનાનેજ વળગી રહેવાનો ઉપદેશ તેમના વર્તનમાંજ રહી શક્યો નથી જે આપ સઘળા જાણતા હશો. જગતનું સ્વરૂપ પણ રૂપાંતર પામે છે. તમે જોશો કે પહાડ ત્યાં નદી, નદી ત્યાં પહાડ, ઉજ્જડ જમીનોમાં મકાનો અને મહેલો બંધાયેલા નજરે પડે છે આવા સેંકડો દાખલા આપણને ઇતિહાસો ઉપરથી પણ જણાય છે. સતયુગ બદલાઇને બીજા યુગો થયા અને છેલ્લો કળીયુગ આવ્યો તે શું છે? આ ઉપરથી સ્પષ્ટ સમજાશે કે ફેરફાર થવો અથવા કરવો તે કુદરતનોજ નિયમ છે.

આ સઘળા ઉપરથી મારે આપને એજ કહેવાનું છે કે અમુક ધારાઓજ રહેવા જોઇએ એવો કોઈ નિયમ નથી, કારણકે માણસ માત્રના વિચારોમાં ફેરફાર થયા કરે છે એટલે રિવાજો પણ ફરે છે. માટે આપણને અડચણ કરતા જે જે ધારાઓ હોય તે દુર કરી આપણે ઉચ્ચ સ્થિતિ પ્રાપ્ત કરવા માટે જે જે સારા ધારા–સુધારા–કરવાની જરૂર છે તે કરવાજ જોઇએ અને તેટલા માટે આપણે જે પુરૂષાર્થ કરીએ છીએ તે કરવાનો છે અને વહેલો અથવા મોડો કરવોજ પડશે. વહેલો કરવાથી વહેલું ફળ મળશે અને મોડેથી કરીશું તો વધારે દુઃખી થઇશું એ વાત ચોકસ છે. આપણે જે સુધારાઓના કાર્ય માટે એકત્ર થયા છીએ તે આપણા કાર્યમાં અધ્યક્ષપદ માન્ય રાખી શેઠ રતીલાલભાઇ આપણને માન આપશે અને આપ સઘળા તેમને વધાવી લેશો (તાળીઓ) એવી હું આશા રાખું છું.

ત્યાર બાદ રા. રણછોડલાલ્ અમૃતલાલ વસાએ પણ પ્રમુખ સાહેબને વિનંતી કર્યા બાદ શેઠ રતીલાલભાઈ સીતવાળાએ પ્રમુખ સ્થાન સ્વિકારી પોતાની બેઠક લીધી હતી. રી. કમીટિના ચેરમેને, મહેરબાન પ્રમુખસાહેબને હારતોરા અર્પણ કર્યા બાદ લગભગ ચાર વાગતાના સુમારે મે. પ્રમુખ સાહેબ તાળીઓના અવાજ વચ્ચે પોતાનું ભાષણ આપવાને ઉઠયા હતા.

પ્રમુખ સાહેબનું ભાષણ.

જ્ઞાતિ બન્ધુઓ !

આપણી જ્ઞાતિના ઉદ્ધાર માટે જુદા જુદા સ્થળોએથી પધારેલા શુભેચ્છક બન્ધુઓનો આ ભવ્ય મેળાવડો જોઇ મને અનહદ આનંદ પ્રાપ્ત થાય છે. જે **સાભાર સ્વિકાર.** મહત્વના કાર્ય માટે આપણે સઘળા એકત્ર થયા છીએ તેમાં સુપંથે પ્રયાણ કરાવનાર અધ્યક્ષ–પ્રમુખ–તરિકે આપ સઘળાએ મને પસંદ કરી જે માન આપ્યું છે તેના માટે હું આપનો ઉપકાર માનું છું. પરંતુ મારે આપને કહેવું જોઇએ કે જ્ઞાતિ સમસ્તના આવા ભગીરથ પુરૂષાર્થમાં નેતા તરિકે કાર્ય કરનારા ઘણા માણસો મારા કરતાં વિશેષ લાયક છે, એટલે વિશેષ લાયકાતવાળા કોઈ માણસને પસંદ કર્યો હોત તો આપણું કાર્ય વિશેષ સારૂં થઈ શકત એવી મારી માન્યતા છે. મારા તરફ આપ ભાઇઓએ પસંદગી બતાવી જે પવિત્ર ફરજ અદા કરવાનો પ્રસંગ આપ્યો છે તેથી હું કૃતાર્થ થયો છું અને આપની આજ્ઞા શીરે ચઢાવું છું. (તાળીઓ) મારી દરેક ફરજો બજાવવામાં આપ સઘળા મને મદદ કરશો એવી આશા રાખું છું, અને તે જગનિયંતા આપણું કાર્ય દિનપ્રતિદીન આગળ વધારવાની સરળતા કરી આપશે એવી મને તેનામાં સંપૂર્ણ શ્રદ્ધા છે.

ક્ષત્રિય વીરો ! 'શ્રી કડવા પાટીદાર શુભેચ્છક સમાજ'ના જે પવિત્ર મંડપ નીચે આપણે સઘળા બેઠા છીએ તે કલ્યાણકારી આપણી માતા (સમાજ)નો, **સમાજનો આશય.** તેનાં બાળકોને સુશિક્ષિત કરવાનો જે ઉદ્દેશ છે તે આપણે સમજી શકયા છીએ, તોપણ તે ઉત્તમોત્તમ આશયનું હું આપને અભિસ્મરણ કરાવવાની જરૂર સમજું છું. " જ્ઞાતિમાં વિદ્યા વધારવી, ખેતીવાડી સુધારવી, દેશકાળને અનુસરતા ન હોય તેવા ચાલુ રીત રિવાજોમાં સુધારા વધારા કરી મિથ્યા મોટાઇમાં થતાં અયોગ્ય ખરચો બંધ કરી, સશાસ્ત્ર સ્વધર્મે વહન કરવું અને કરાવવું."

આપણા તે હેતુઓ બર લાવવા માટે છેલ્લાં ચાર વર્ષો થયાં આપણે જે પુરૂષાર્થ કરીએ છીએ તે આપ બન્ધુઓને સુવિદીત છે. આપણે પહેલા વર્ષે **આપણી પ્રવૃત્તિ.** વિરમગામ મુકામે અને બીજી વખતે વડોદરે મળ્યા હતા. ત્યાર પછી ત્રીજું વર્ષ દુષ્કાળ જેવું જણાવાથી સમાજની બેઠક મુલત્વી રાખવામાં આવી હતી, તોપણ પાટડીમાં થનારો મેળાવડો આપણા સંચાલકોની જાણ બહાર નહોતો. આ છેલ્લા મેળાવડાથી આપણા લક્ષ્યબિન્દુની વધારે નજીક ગયા છીએ અને આપણા માર્ગમાં પ્રયાણ કરવાનું વિશેષ બળ પ્રાપ્ત થયું છે. જેથી આપણું ત્રીજું વર્ષ નકામું ગયું નથી પરંતુ તે નવિન શક્તિથી ઉત્તજીત થયેલા આપણે ચોથા વર્ષનું કાર્ય બજાવવા સશક્ત થયા છીએ. વિરમગામના યુવક બન્ધુઓએ મહાન્ કાર્ય ઉઠાવી લેવાનું સાહસ કર્યું અને જુદા જુદા વિભાગના બન્ધુઓએ ઉત્તેજન આપ્યું તે વખતનાં પ્રતિકુળ સંયોગો આપણા જુજ વખતના પુરૂષાર્થથી કેવા સાનુકૂળ થયા હતા, તે આપણે છેલ્લા મેળાવડા વખતે નજરે જોયું છે.

દ્રશ્ય અને અદ્રશ્ય પરિણામ.

પહેલી બે બેઠકોનું કાંઇ સ્પષ્ટ પરિણામ આવ્યાનું આપણને જણાયું નહોતું તોપણ જે સંકુચિત વિચારોની મર્યાદા સેંકડો વર્ષો થયાં બંધાઈ ગઈ હતી તે ધીમે ધીમે નષ્ટ થઈ જવાનાં આશાજનક ચિન્હો દષ્ટિગોચર થયાં હતાં જેની પ્રત્યક્ષ પ્રતીતિ ના. દરબારશ્રીના ભાષણ ઉપરથી તેમજ શંભુમેળામાં પધારેલા આગેવાનોએ દર્શાવેલી મૃદુતા અને બંધન મુક્ત થવાના સ્વતંત્ર વિચારો જણાવી આપે છે. ના. દરબારશ્રીના સ્વમુખે ઉચ્ચરાયેલા સુવર્ણમય શબ્દોમાં કહીએ તો " લગ્ન છુટાં થઇ ગયાં છે, * * * જુના વિચાર વાળાઓની હઠીલાઇથી એ પરિણામ આવ્યું છે વગેરે. " * * આપણા શુભેચ્છકોના સતત્ પુરુષાર્થનુંજ એ પ્રત્યક્ષ પરિણામ હતું અને આપણાં કાર્યોના ઉમદા ફળ તરિકે તેને લેખવામાં આવે તો તે ખોટું નથી. આપણી પ્રાચીન મહત્તા ભ્રષ્ટ કરી નાંખનાર બાળલગ્નની નઠારી પ્રદ્ધતિ મૃતઃપ્રાય થઈ છે એટલે માત્ર ચારજ વર્ષના પુરુષાર્થથી બાળકોનાં રૂધિરપાન કરતી આ નઠારી રૂઢી રફેદફે થઈ થઇ ગઇ છે, અને ફરીથી તે જન્મ પાપે નહિ તેના માટે આપણો પુરૂપાર્થ ચાલુજ છે. ના. દરબારશ્રીએ ચુકાદો આપવાનું મુલત્વી રાખ્યું છે, તોપણ જ્યાં સુધી શાસ્ત્રોક્ત લગ્નનો રિવાજ દ્રઢિભૂત થાય નહિ ત્યાં સુધી આપણે સંતોષ માનવાનો નથી.

સમાજના જન્મ વખતે સંસાર સુધારાનો સવાલ છેલ્લો રાખવામાં આવ્યો હતો પરંતુ તેજ અરસામાં લગનસરા આવવાથી બાળલગ્નનો વિષય હાથ ધરવાની ફરજ્યાત જરૂર ઉભી થઈ હતી. આપણા સંચાલકોએ તેને મુલ્તવી નહિ રાખવામાં ખરેખર ડહાપણ વાપર્યું છે, કારણ કે તેને મુલત્વી રાખ્યો હોત તો બીજાં કેટલાંક વર્ષો સુધી આપણા આયુષ્ય અને પુરૂપાર્થનો ભોગ આપવા સિવાય કાંઇ વિશેપ થઇ શક્ત નહિ, છેલ્લા શંભુમેળા વખતે આપણે જે રણપાંડિત્ય દાખવ્યું છે તે ખરેખર આવકારદાયકજ ગણાશે.

વિદ્યાવૃદ્ધિ અને ખેતીવાડી.

સાંસારિક સવાલને આગળ ધરવાથી આપણે બીજા આશયો તજી દીધા નથી. વિદ્યાવૃદ્ધિનો અગત્યનો પ્રશ્ન પહેલીજ બેઠક વખતે આપણે હાથ ધર્યો છે. જ્ઞાતિનાં બાળકોને વિદ્યાભ્યાસની સગવડ કરી આપવા એક ફંડ કરી અમદાવાદમાં આપણે બોર્ડિંગ હાઉસ-વસતિગૃહ-ખોલ્યું છે, જેનો બહારગામથી આવેલા વિદ્યાર્થીઓ લાભ લઇ શકે છે ખેતીવાડીને લગતો વિષય પણ હાથ ધરવામાં આવ્યો હતો અને ના. સરકારને અરજ કરવા વિશે આપણે કેટલાક ઠરાવો કર્યા હતા. પરંતુ અત્યાર સુધી સાંસારિક સવાલમાંથી આપણે નિવૃત થઇ શકયા નહોતા એટલે તે દિશામાં આપણા પુરૂપાર્થની કાંઇ અસર થઇ નથી, તો પણ જુદા જુદા વિભાગમાંથી આપણા કૃપિકાર બન્ધુઓ પધારે છે અને અહીં ખેતીવાડીના વિપયો ચર્ચાય છે તેના ઉમદા સંસ્કારો તેમના હૃદયમાં યા આડકતરી રીતે પણ અસર કર્યા સિવાય રહ્યા નથી.

વિદ્યાવૃદ્ધિ અને ખેતીવાડીનો સર્વ દેશી-સામાન્ય-વિષય, ના. દરબારશ્રીના અધ્યક્ષપણા નીચે ચર્ચાવાથી એક ફંડ એકઠું કરવાની યોજના ઘડાઇ તે વખતે આપણી બોર્ડિંગ સંભાળી લેવાનું વચન અપાયા બાદ " શ્રી કડવા પાટીદાર હિતવર્ધક મહામંડળ " નામે

સંસ્થાની સ્થાપના થઇ છે. સદરહુ મંડળે આપણા સાહસને દદ્દિભુત કરવાનું જે વચન આપ્યું છે તે ખાતે આપણે તેનો ઉપકાર માનવો ઘટે છે અને આપણી બોર્ડીંગ તે મંડળને સોંપી દેવી એવો મારો નમ્ર અભિપ્રાય છે. ઉક્ત મંડળે સમયને અનુસરી ઉદ્દેશની મર્યાદા ઘણી સંકુચિત ઠરાવી છે તોપણ આપણે કરવાનું લગભગ અડધું કામ તેણે ઉપાડી લીધું છે એટલે આપણા કામનો બોજો ઘણોજ હલકો થઇ ગયો છે, હવે આપણે તે મંડળના વ્યવસ્થાપકોને વિનંતી કરીશું કે વિદ્યાવૃદ્ધિ અને ખેતીવાડીના મહાન્ આશયો બનતી ત્વરાએ અમલમાં મુકી આપણા જ્ઞાતિબન્ધુઓને સગવડ કરી આપવામાં વિલંબ કરવાની જરૂર નથી. વળી મારે એ પણ કહેવું જોઇએ કે સદરહુ મંડળને આપણે બનતી દરેક સગવડ અને મદદ કરવી તે આપણી ફરજ છે અને તેને વિસારી દઇશું નહિ.

આપણે શું કરવાનુ રહેશે.

ભાઇઓ ! મહામંડળની સ્થાપના થયા પછી આપણી ખેતીવાડી અને ઔદ્યોગિક સ્થિતિનો વિચાર કરવાનું કાર્ય તેણે ઉપાડી લીધું તોપણ તે દરેકના પાયારૂપ આપણી સાંસારિક સ્થિતિ સુધારવા માટે આપણે હજી ઘણું કરવાનું છે. આપણા બન્ધુઓ અયોગ્ય ખરચો બંધ કરી ધન સંચય કરતાં શિખે, તેમનો ઘરસંસાર સુખરૂપ નીવડે અને ધર્મપરાયણ થાય તે માટે આપણે ખાસ પુરૂષાર્થ કરવાની જરૂર છે. જીવનના આધાર રૂપ આપણા સાંસારિક રીતરિવાજોનું જે અનિષ્ટ પરિવર્તન થઇ ગયું છે તેથી આપણો સંસાર ઉપાધિ રૂપ થઈ પડયો છે એટલે જીવન સાફલ્યના માર્ગમાં, કજોડાં, દ્વિત્રિયા અને છુટાછેડાનો રિવાજ મેરૂ સમાન આડો આવે છે. તદુપરાંત ગૃહસ્થાશ્રમ ચલાવવામાં સ્ત્રી પુરૂષના વિચારોની ભિન્નતા અને દાંપત્ય પ્રદેશની નિરસ શુષ્કતા, અધર્મયુક્ત મર્યાદાને ઉત્તેજીત કરે છે. તે સઘળાનું મૂળ બાળલગ્નનો નઠારો રિવાજ છે, આપણા ફરજ્યાત લગ્નના રિવાજથી આપણી જ્ઞાતિમાં કન્યાવિક્રય અને જુદા જુદા વિભાગવાળાઓને ગોળ કરવાની જરૂર ઉભી થાય છે, તેથી આપણી જ્ઞાતિમાં કુસંપ અને વિચારોની ભિન્નતા ઉત્પન્ન થવાનો સંભવ રહે છે. આપણી બ્હેન દિકરીઓની અધમ દશા જ્યારે આપણી સમક્ષ ઉભી થાય છે ત્યારે ખરેખર આપણા રીતરિવાજો તરફ આપણને તિરસ્કાર ઉત્પન્ન થયા સિવાય રહેતો નથી. મરણ પાછળનાં પ્રેતભોજનો અને તે પણ ફરજ્યાત કરાવવાની કેટલાક આગેવાનોની પદ્ધતિ કેવી ભયંકર છે તેનો ચિતાર જ્યારે આપણી સમક્ષ ખડો થાય છે ત્યારે આંસુ આવ્યા સિવાય રહેતાં નથી. કન્યાદાન તરિકે અપાયેલા પૈસા-ચાંલ્લાનો ઉપયોગ પોતાનાજ સ્વાર્થ માટે કરનાર માબાપોની ધૃષ્ટતા આપણે નવી જાણવાની નથી. આવી અનેક પરિસ્થિતિમાં આપણો સંસાર, અસાર થઇ પડયો છે તે સુખરૂપ બનાવવાનાં દરેક કાર્યો હાથ ધરવાં તે આપણા શુભેચ્છક બન્ધુઓનું પરમ કર્તવ્ય લેખાશે.

પ્રાચીન મહત્તા.

બન્ધુઓ ! આપણી આધુનિક પરિસ્થિતિ જ્યારે ઉપર પ્રમાણે થઇ પડી છે, ત્યારે પ્રાચીન સ્થિતિ કેવી ઉચ્ચ હતી તેનો કાંઇક ચિતાર આપવાની મને ઇચ્છા થઇ આવે છે. આજે આપણને કેટલાક 'વૈસ્ય' અને કોઇ અનાડીઓ શુદ્ર કહેવાને પણ અચકાતા નથી. પરંતુ પ્રાચીન સમયમાં આપણા બાપદાદાઓ એક રાજકરતી પ્રજા તરિકે પ્રખ્યાત થયેલા છે અને આપણા પૂર્વજો ક્ષત્રિયો હતા તેની સંપૂર્ણ પ્રતીતિ ઐતિહાસિક ગ્રંથોના અવલોકનથી મળી શકે છે. કાળે

કરીને અ. ણે સાધારણ સ્થિતિના સંરદારો તરિકે પંકાયા અને તેનું પણ પરિવર્તન અધા-ધુનીના સમયમાં એ થયું કે જુદા જુદા ગામોના માલિક મટી મુખી મતાદારો અને ખેડુ-તની ગણનામાં જઇ પડ્યા છીએ. ચાવડા, સોલંકી, ગોહેલ, પરમાર ઇત્યાદિ ક્ષત્રિય તેમજ પઠાણ અને મોગલ વગેરે રાજવંશી ઓલાદો જેવા રીતે અધમ દશામાં આવી ગઈ છે તેમ આપણું પણ થયું છે. રાજ્યની ઉથલ પાથલ અને જુદા જુદા દેશ પ્રતિ પ્રયાણની અનેક અગવડોને લઇને આપણી પ્રાચીનતાનું સ્થિત્યાંતર થઈ ગયું છે, અને રીત રિવા-જોમાં પણ ધર્મ સંબંધી અસહિષ્ણુતાને લઇને. આર્ય પ્રજાની હરીફાઈમાં આપણી કોમ પશ્ચાત પડી ગઇ છે.

અત્યુપયોગી પુસ્તક.

કુળદેવી ઉમા અને પિતા શંકરે આપણાં દોઢ દોઢ માસનાં બાળકો પરણાવી દેવાનો આજ્ઞા નહીં આપ્યા છતાં બાંલ્યવર, કુલનો દડો અને નાતરાનો રિવાજ ખોટી રીતે સ્થાપિત કર્યો છે તે અસત્ય વિચારોની અસર આપણા મગજમાંથી ભુસાઇ ગઈ નથી તે દુર કરવા માટે આપણને જે ઉપયોગી પુસ્તકની જરૂર હતી તે આજે પુરી પડી છે. જ્ઞાતિબંધુઓના હૃદય પ્રદેશમાં આપણી પ્રાચીન મહત્તાનો પ્રકાશ પડે અને નઠારા રીતરિવાજોની અંધપરંપરામાંથી આપણી કોમ મુક્ત થાય તે હેતુસર મી. પુરૂષોત્તમદાસે "કણબી ક્ષત્રિય ઉત્પત્તિ અને ઇતિ-હાસ" નામનું પુસ્તક બહાર પાડયું છે. (તાળીઓ) આ પુસ્તકના અભ્યાસથી બેશક આપણા જ્ઞાન પ્રદેશમાં નવિન અજવાળું પડશે અને કેટલીક અકુદરતી અને અધર્મયુક્ત માન્યતાઓ આપોઆપ મરી જશે. મારે આપ બંધુઓને એ પણ જણાવવું જોઇએ કે આવું કિંમતી પુસ્તક માત્ર જુજ કિંમતે આપણા ભાઇઓને પુરૂં પાડવામાં તેમણે જે શ્રમ ઉઠાવ્યો છે તે ખરેખર ધન્યવાદને પાત્ર છે.(તાળીઓ)

ક્ષત્રિય વીરો ! આપણા બાપદાદાઓ વિશે જે હકીકત આ પુસ્તક પુરી પાડે છે તે જાણ્યા પછી આપણા આવા અશાસ્ત્રોક્ત અને દેશકાળને અનુસરતા ન હોય તેવા રીતરિવા-જોમાં ફેરફાર કરવાનું સરળ થઈ પડશે. સુધારાની હીલચાલનો સંપૂર્ણ ઇતિહાસ આપણને તેમાંથી પ્રાપ્ત થાય છે એટલે સન્માર્ગે પ્રયાણ કરવામાં તે આપણો આધારરૂપ થઈ પડશે, અને જે કૃષિવર્ગની આજે હલકી ગણના કરવામાં આવે છે તે આપણી કોમ જનસમાજમાં પ્રતિષ્ટીત થઇ પડશે એવી મને ખાત્રી થાય છે. હિન્દુસ્થાનની અન્ય કોમો સાથે હરીફાઇમાં આગળ વધવા માટે આપણી સામાજિક સ્થિતિ સુધારવાના જે પ્રયાસો આદરવાના છે તે વિશે હુંમારા વિચારો જણાવું છું અને આપ તેતરફ લક્ષ આપશો એવી હું આશા રાખું છું.

સાંસારિક સ્થિતિ.

લગ્નની મહત્તા.

પૃથ્વિ ઉપરના તમામ દેશોના, અને આપણા દેશના આર્યોનાં લગ્નના આશયમાં ઘણો તફાવત છે. અન્ય દેશોના લગ્નનો ઉદ્દેશ માત્ર, સ્ત્રી પુરૂષોએ વિષય વાસનાઓ તૃપ્ત કરી પ્રજોત્પત્તિ કરવાનોજ છે પરંતુ આપણાં લગ્નનો આશય તેના કરતાં જુદાજ પ્રકારનો ને આર્યોનો જીવન વ્યવહાર ધાર્મિક વિચારોના પ્રાધાન્યરૂપ બંધાએલો હોવાથી રીત રિવાજોમાં પણ ધાર્મિક તત્વો દૃષ્ટિ-ગોચર થાય છે. મનુષ્યે જન્મ ધારણ કરી તેના હેતુરૂપ, ધર્મ, અર્થ, કામ અને મોક્ષ એ

ચારે પદાર્થ સંપાદન કરવા જોઇએ અને તેમાં પણ છેલ્લો પુરૂષાર્થ મોક્ષ સાધ્ય કરવા માટે આપણે પરમાત્માના સ્વરૂપમાં લીન થવું જોઇએ, મારાથી પરમાત્મા જુદા અને દૂર છે એવી ભેદ રૂપ પ્રેમ ભાવના ટાળી નાંખી હું પોતે પરમાત્મ સ્વરૂપ છું તેવી દઢ ભાવના રાખી પરમ પદને પ્રાપ્ત કરવા માટેજ આપણા જીવનની પ્રવૃત્તિ હોવી જોઇએ. એટલા માટે સંસાર શાળામાં રહી પતિ પત્નિએ અન્યોન્ય વિશુદ્ધ પ્રેમભાવે રહેતાં શીખી તે વ્યવહારિક દાંપત્યપ્રેમ પ્રવાહને આંતરદ્રષ્ટિએ પરમાત્મ સ્વરૂપમાં દ્રઢ કરી મુક્તપદ પ્રાપ્ત કરવું તે આપણા ધાર્મિક લગ્નનો મુખ્ય હેતુ છે અને તેથીજ આપણાં લગ્ન, વિષય-સુખો ભોગવવા માટે નહિ પણ પરમાત્મપદ સાધ્ય કરવાની નિષ્કામ સ્નેહની પ્રાથમિક શાળારૂપ છે. આવા પ્રકારનાં લગ્નો હોવાથી તેને બ્રહ્મલગ્ન કહેવામાં આવ્યાં છે. વળી દેવ-લગ્ન, ગાંધર્વ લગ્ન વગેરે આપણા માટે કાળે કરીને નિર્માણ થયેલાં છે તોપણ દરેકનો અંતિમ હેતુ ધર્મ પ્રાપ્ત કરવાનોજ છે. છેલ્લા જમાનામાં ક્ષત્રિઓએ લગ્નની બાબતમાં સ્વયંવર પદ્ધતિ સ્વીકારી હતી અને તે પણ જ્યાં સુધી પતિ પત્નિ સંપુર્ણ વિદ્યા પ્રાપ્ત કરી સમજણમાં આવતાં ત્યારે લગ્ન કરતાં ત્યાં સુધી ઠીક ઠીક ચાલી. પરંતુ અંધાધુનીવાળા જમાનામાં આવી ઉત્તમ પદ્ધતિઓનો નાશ થયો અને નિષ્કામ લગ્નનો રિવાજ બદલાઇને આજે આપણે જોઇએ છીએ તેમ બાળલગ્નના રૂપમાં પરિવર્તન પામ્યો છે તેમાં પણ તેના પ્રાચીન ગૌરવની ઝાંખી ઝાંખી છાયા દ્રષ્ટિગોચર થાય છે.

બાળ લગ્નનું પરિણામ.

આર્યપ્રજાની અન્યજ્ઞાતિઓ કરતાં આપણી લગ્ન પદ્ધતિ વિશેષ કઢંગી હોવાને લીધે આપણી સાંસારિક સ્થિતિ અધમ પ્રકારની થઈ પડી છે. દોઢ દોઢ માસમાં બાળકોને પરણાવી દેવાનો રિવાજ એ શું લગ્ન કહેવાય ? નિર્દોષ બાળકો લગ્ન પ્રસંગે માહ્યરામાં મંગળ ધ્વનિને બદલે કરૂણ સ્વરથી રૂદન કરતાં જણાય છે. આવા પ્રકારની વસ્તુસ્થિતિમાં તેમના જીવન વ્યાપારની શરૂઆતમાંજ એકને એક બેને બદલે ત્રણ ગણાય છે તેથી પાછળથી ગમે તેવી કાળજી રાખવા છતાં પણ જીંદગીના વ્યાપાર તરિકે કરેલી ભૂલ સુધારી શકાતી નથી. માબાપોની આ અંધપરંપરાના પરિણામે વરકન્યાનાં કજોડાં ઉત્પન્ન થાય છે, વરને બે સ્ત્રીઓ કરવાની જરૂર પડે છે, અને વરકન્યાના છેડાછુટકા પણ થાય છે તે સઘળુ દુઃખ બાળલગ્નના હાનીકારક રિવાજમાંથીજ ઉત્પન્ન થાય છે. વળી આપણી લગ્નપદ્ધતિથી જ્ઞાતિના મોટા ભાગમાં કન્યાઓની અછત જણાઈ લગ્નસરામાં પુષ્કળ કન્યાવિક્રય ચાલે છે, અને તે પીડા ટાળવા માટે કેટલાંક ગામોના જથાવાળાઓએ પોતાનાંજ ગામોમાં કન્યાઓ આપવા લેવાના ગોળ કર્યા છે. પરંતુ તેમ કરવાથી આ રૂઢીની હયાતીમાં કન્યાવિક્રય. કજોડાં અને છેડાછુટકા વગેરેની ઉપાધીઓ દુર થઈ શકે તેમ નથી.

કન્યાઓની અછત મટાડવા અને કન્યાવિક્રય બંધ કરવા માટે ગોળ થાય છે, પરંતુ વગર વિચારે બાળકોને ફરજ્યાત રીતે પરણાવી દેવાનો રિવાજ હોવાથી તેનું પરિણામ ઉલટુ વિપરીત આવે છે. કન્યાના બાપને પોતાની બાળકન્યાને કુલના દડે પરણાવાનો રિવાજ હોવાથી વર શોધવાની ગરજ રહેતી નથી, પરંતુ વ્યવહાર દૃષ્ટિએ પુત્ર કુંવારો રહે તે નાલાસી ભરેલું સમજાવાથી પુત્ર પરણાવવાના ગરજુ બાપ, પુત્રીઓના બેગરજુ બાપને ક્ષુપા ક્ષુપ

પૈસા આપી કન્યાવિક્રયને ઉત્તેજન આપે છે. ઉપર પ્રમાણે આપંણી લગ્નપદ્ધતિ હોવાથી વર વધુની ઉમ્મર વિષે પણ નિયમ રહી શકતો નથી એટલે સેંકડે ૯૫ ટકા જેટલાં કજોડાં થાય છે.

દુઃખરૂપ સંસાર. મનુષ્ય જીવનના પ્રદેશમાં જે ચાર પ્રકારના આશ્રમો નિર્માણ થયા છે તે પૈકી "ગૃહસ્થાશ્રમ" બીજા ત્રણે કરતાં શ્રેષ્ટ ગણ્યો છે, તેનું કારણ તે બીજા આશ્રમોના આધારરૂપ છે. આવો ઉત્તમ ગૃહસ્થાશ્રમ કજોડાં થયા પછી ચાલુ રહે તો તે કેટલો ફળદાયી નિવડે તે સમજવું મુશ્કેલ નથી. પતિ પત્નિએ બજાવવાના વ્યવહાર ધર્મોનું પાલન થઈ શકે ખરૂં ? લગ્ન પ્રસંગે કરવામાં આવતી પ્રતિજ્ઞાઓનું સત્ય સાચવી શકાય ? આપણી જ્ઞાતિમાં ધણી ધણીઆણીનું જીવન આફતરૂપ થઇ પડે છે તેનું મુખ્ય કારણ કજોડાં છે તેઓ આવી પડેલી આફત સમાન પોતાનું જીવન ગુજારી છુટે છે ત્યારે સુખી સંસારની આશા રહેજ કયાંથી ? આવી સ્થિતિમાં પુરૂષનો હાથ ઉપર હોવાથી આખરે તે પોતાના સુખની શોધમાં રખડે છે અને બીજી સ્રી કરવાને તૈયાર થાય છે.

સ્રીઓની સ્થિતિ ત્યાર પછી દુ;ખરૂપ થઇ પડે છે અને તે સાથે પુરૂષની પણ સુખરૂપ ભાગ્યેજ નીવડે છે. પ્રથમની સ્રીને પોતાનો પતિ અને સોક્ય એ બન્ને ઉપાધિરૂપ જણાય છે, પરસ્પર કુસંપ અને કલેશની શરૂઆત થયા પછી ભાગ્યેજ દ્વીત્રીઆનું રાજ્ય નભે છે, કહો કે નભતુજ નથી અને છુટાછેડા થાય છે. એક ઘર, બે ઘર અને ત્રણ ઘર ગણનારી ઘણી સ્રીઓ આપણે જોઇએ છીએ, તેમજ કન્યાનાં માબાપ પાસેથી પૈસા કઢાવવા અથવા લાગ આવે તો કોઈ ધનવાનની પુત્રી સાથે પોતાના પુત્રનું સગપણ કરવા લલચાય છે. આવા પ્રકારની વસ્તુસ્થિતિ આડીઆમાંજ ચાલે છે એવો દોષ મુકનારા ઘણાં ભાષણો આપણે સાંભળ્યાં છે, પરંતુ વાસ્તવિક રીતે તેમ નથી. જેઓને કન્યાઓ મળી શકે છે તેવો જ્ઞાતિનો મોટો ભાગ આ પ્રમાણે કરે છે. એક વખતે અમુક સ્રીનું પાણીગ્રહણ કર્યા પછી તેને તજી દેવી એના જેવું નીચ કર્મ બીજું શું હોઇ શકે? માટે ભાઇઓ! આપ દરેકને મારી વિનતી છે કે, વર કન્યાની લાયકાત જોયા સિવાય તેમને લગ્નની ગાંઠથી જોડી દેવાનો રિવાજ ઘણોજ હાનીકારક છે અને તેમાંથી મુક્ત થવા માટે આપણે પ્રયત્ન કરવો જોઇએ.

એવા પણ કેટલાક માણસો હોય છે કે, બીજી સ્રી કર્યા પછી પ્રથમની સ્રીને છુટકો પણ આપતા નથી તેમ ખોરાકી પોસાકી માટે રખડાવે છે અને તે મામલો છેવટે કોરટે જાય છે. ક્ષત્રિયની પુત્રીઓ કોરટોમાં ફેરા ખાય એ કેટલું શરમ ભરેલું છે! કેટલીક વખતે ન્યાત જાત મારફ્ત આવા ફેંસલા થાય છે, પરંતુ બાર મણ દાણા અને મકાન બાડું અપાવનાર આગેવાનોએ તેમના ખર્ચે ખુટણનો યોગ્ય બંદોબસ્ત નહિ કરેલો હોવાથી કન્યાની મરજી ન હોય છતાં તેને બીજે ઘેર નાતરે જવાની ફરજ પડે છે. જે સ્રીઓને પુત્ર અથવા પુત્રી હોય તે નાતરે જઇ શકતી નથી અને કોઇ લઇ જતું પણ નથી. અપવાદરૂપ આવા બનાવ બને છે, પરંતુ જુદા જુદા વિભાગોની જ્ઞાતિના આગેવાનોએ આ બાબત કાળજી રાખી ઓછામાં ઓછા રૂ. ૫૦ નું વાર્ષિક ખર્ચે સ્રીઓને અપાવવાની જરૂર છે, અને છુટાછેડાનો રિવાજ અટકાવવા માટે બંદોબસ્ત કરવાની પણ તેટલીજ આવશ્યકતા છે.

સંસાર સુધારો. આપણી સાંસારિક સ્થિતિ સુધારવા માટે મારે આપને એજ કહેવાનું છે કે, તમારાં બાળકોની યોગ્યતાનો વિચાર અને તપાસ કરવાના અખાડા કરીને તમે સંસાર સુધારો. બાળલગ્નની બેડીમાં પુરો છે ત્યાં સુધી તેઓ ઉંમરે આવતાં તેમાંથી છુટાં થવાને પ્રયત્ન કરે તે સ્વાભાવિકજ છે. મને હિમ્મતથી કહેવા દેવામાં આવે તો હું એજ કહું છું કે, બે સ્ત્રીઓ, અને વળી છુટાછેડા કરવાના આધારેજ આપણો બાળલગ્નનો રિવાજ આજ સુધી જીવતો રહ્યો છે; નહિ તો તેનાં માઠાં પરિણામોએ કરીને તેવા રિવાજો અથવા જ્ઞાતિનો નાશ થઇ ગયો હોત. અત્યાર સુધી બાળલગ્નના બળતામાં બળવા માટે આપણી હયાતી હોત કે નહિ તે કહી શકાય નહિ ! હાલની લગ્નપદ્ધતિએ છોકરાને પુંખવાની વહેલી જરૂર પડે છે, કારણ સ્ત્રી ઉંમર લાયક થાય છે. પરંતુ વર તો ભોંયમાંજ પેસતો જાય છે, કાચુ અને કાચુ પુષ્પ કરમાઈ જાય છે, જુવાનીમાંજ હિમ્મત હારી બેસે છે, વિદ્યાભ્યાસ થઇ શકતો નથી અને પરિણામે ઉન્નત સ્થિતિએ પહોંચી શકાતુ નથી જેથી આપણી કોમ અત્યાર સુધી પછાત રહી છે.

આપણાં બાળકોને વિદ્યાભ્યાસ કરાવવો હોય, તેમનો સંસાર સુખરૂપ બનાવવો હોય તો તેમને અયોગ્ય વયે લગ્નની ગાંઠથી જોડી દેવાં જોઇએ નહિ પુત્રી ૧૩–૧૪ વર્ષે અને પુત્ર ૨૨–૨૫ વર્ષે પરણવાને લાયક થાય છે, તો પછી તેઓને બાલ્યાવસ્થામાંજ પરણાવી દેવાની શી જરૂર છે ? તેઓની લાયકાત જોયા સિવાય પરણાવી દેવાનું મહાન્ પાપ કરવાની માબાપોએ શા માટે હિમ્મત કરવી જોઇએ ? મનુ ભગવાન કહે છે કેઃ—

काममामरणातिष्टेद्गृहे कन्यर्तुमत्यपि ।
नचैवैनां प्रयच्छेत्तु गुणहीनाय कर्हिचित् ॥

અર્થ:—કન્યા ઋતુમતી થયા છતાં પણ મરણ સુધી તેને ઘરમાં બેસી રહેવા દેવી, પરંતુ કોઇ પણ દિવસ ગુણરહિત વરની સાથે કન્યાને પરણાવવી નહિ.

માનવધર્મશાસ્ત્ર અ. ૯—૮૯.

વર અને કન્યા, ઉભયની લાયકાત અથવા ગુણ જોયા સિવાય તેઓનું લગ્ન થઈ શકે નહિ એવું ધર્મશાસ્ત્રો ઉપરથી સિદ્ધ થાય છે, અને તેમની લાયકાત જોયા જાણ્યા પછીજ આપણે તેમનાં લગ્ન કરવાં એજ સંસાર સુધારાનો મહાન્ હેતુ છે. બાળલગ્નની પદ્ધતિથી શારીરિક શક્તિનો નાશ થઇ જાય છે. કાંઇ પણ મહદ્કાર્યો કર્યા સિવાય શક્તિહીન થઇ જ્યાં ત્યાં પ્રારબ્ધના આસરે એક ખુંણામાં જીવન ગુજારવું પડે છે.

આપણી લગ્નપદ્ધતિથી વિરમગામ, પાટડી, અમદાવાદ, સુરત, વડોદરા વગેરે ગામોના બાઈઓને કન્યાની તાણ પડતી નથી પણ બીજા ભાગમાંથી કન્યાઓ તણાઈ જવાને લીધે કન્યાવિક્રય ચાલતોજ રહ્યો છે. ગોળ બાંધવા છતાં પણ જોઇએ તેવું પરિણામ આવી શકતું નથી, કારણ અમુક વખતેજ પુત્રને પરણાવી દેવાનાં ગરજાઉ માબાપો પોતાની ઇજ્જત જાળવવાની ખાતર પુત્રીના બાપને પૈસા આપે છે, જેથી દીનપ્રતિદિન કન્યાવિક્રય વધતો જાય છે. જેવી રીતે બાળકોને પરણાવી દેવાં તે હાનીકારક છે. તેવીજ રીતે જ્ઞાતિ બન્ધુઓને કન્યાઓની તાણ પડે તે રિવાજ પણ નુકસાનકારક છે. અપણાં લગ્ન, માતાજીએ બાર બાર વર્ષે કરવાની આજ્ઞા

આપી છે એવી માન્યતા તદ્દન ખોટી છે. માતાજી તો આપણાં કુળદેવી અને જગતજનુની છે, તે આપણને શાસ્ત્રવિરૂદ્ધ આજ્ઞા કરેજ નહિ. કોઈ પણ શાસ્ત્રમાં આપણા રિવાજ મુજબ લગ્નો કરવાની આજ્ઞા નથી. માટે આપણે જો હિન્દુ હોવાનો દાવો કરતા હોઇએ અને ધર્મશાસ્ત્રોને માન આપતા હોઇએ, તો તેમાં જણાવ્યા પ્રમાણેજ લગ્નનો રિવાજ રાખવો જોઇએ એવી મારી વિનંતી છે. આપણો સંસાર ધર્મશાસ્ત્રોની આજ્ઞા પ્રમાણે ચાલ્યા સિવાય સુખરૂપ નીવડવાનો નથી અને તે સુખી કેમ નીવડે તેનો વિચાર કરવાને આપણે એકત્ર થયા છીએ, તો મને આશા છે કે આપ દરેક ભાઇઓ મારા વિચારને અનુમતી આપશો. (તાળીઓ.)

કેળવણી.

બન્ધુઓ !

આજકાલ કેળવણીની મર્યાદા ઘણીજ ઓછી આંકવામાં આવે છે, એટલે નિશાળમાં જઇ અભ્યાસ કરવો એનું નામજ કેળવણી અને તેથીજ ઉદ્ધાર થઇ જતો હોય એવું સમજવામાં આવે છે, પરંતુ કેળવણીની મર્યાદા ઘણીજ વિસ્તીર્ણ છે. શારીરિક, માનસિક, વ્યવહારિક, અધ્યાત્મિક વગેરે અનેક જુદા જુદા વિભાગોમાં કેળવણી શબ્દનો સમાવેશ થાય છે. આપણે એવા ઘણા વિદ્વાનો જોયા છે, કે જેઓ માત્ર બે ત્રણ રોટલી કરતાં વધારે જમી શકતા નથી અથવા એકાદ માઇલ ચાલવું પડે તો હાંફી જાય છે. શરીર બળની આ ખામી પાછળથી સુધારી શકાતી નથી, માટે બાળકોને અંગકસરત આપી તેમને નાજુક થઈ જતાં અટકાવવાની જરૂર છે, અને તે કરતાં પણ વિશેષ જરૂર તેમને યોગ્ય વયે પહોંચ્યાં ન હોય ત્યાં સુધી લગ્નની ગાંઠથી જોડાતાં અટકાવવાની છે. મનુષ્યજીવનની દરેક સંપત્તિના સાધનરૂપ બ્રહ્મચર્યનું પાલન કર્યા સિવાય કોઈ પણ પ્રકારની કેળવણીમાં નિપુણ થઈ શકાતું નથી, એટલે શારીરિક સંપત્તિ પ્રાપ્ત કરવાની વિશેષ અગત્ય છે.

કેળવણી એટલે શું ?

માનસિક કેળવણીની જે મહાન્ ખામી આપણામાં દેખાય છે તેનું કારણ વિદ્યા ભણવામાં આપણે પછાત રહ્યા છીએ. ઘણી વખતે અજ્ઞાન માણસોમાં અંધશ્રદ્ધા રાખી આપણે આડે માર્ગે દોરવાઇ જઇએ છીએ અને ધર્મને બ્હાને કે મોટાઇ પ્રાપ્ત કરવાની ખોટી લાલસામાં તણાઇ કઢંગી સ્થિતિમાં જઇ પડીએ છીએ. તેનું કારણ આપણામાં સારાસારનો વિચાર કરવાની ખામી છે. કદાચ વિદ્યા ભણી એકાદ બે સર્ટીફીકેટ મેળવ્યાં અને બી. એ. કે એમ. એ. થયા એટલે વ્યવહાર કુશળ થઇ ગયા એમ સમજી જનસમાજનો અભ્યાસ કરવાનું મુખ્ય કર્તવ્ય સમજતા નથી એવા સેંકડો ઉમ્મર લાયક વિદ્વાનોને આપણે બાલ્યાવસ્થામાંજ જોઇએ છીએ. આપણા જુના વિચારના વૃદ્ધો કહે છે, કે અંગ્રેજી ભણ્યા કે થઇ રહ્યું ? વાત વંઠી ! ભાઇઓ. તેનું કારણ જો તમે તપાસશો તો જણાશે કે વ્યાવહારિકજ્ઞાનની ખામીવાળા વિદ્વાનો પોતાનાં માબાપોનેજ સંતોષ આપી શકતા નથી. મારે કહેવું જોઇએ કે ઘણાં માબાપો માત્ર જૂનું છે તેટલુંજ સાચું છે એવા વિચારોને વળગી રહેનારાં હોય છે, પરંતુ જે વિદ્વાન યુવક પોતાનાં માબાપ કે કુટુંબના વિચારોમાં પરિવર્તન કરાવી શકતા નથી તેમનું વ્યાવહારિક જ્ઞાન કેટલું સમજવું ? શું તેવા અચરે અચરે રામ કહેનારા કે કોલેજની ડીગ્રીઓ મેળવનારા માણસોને વિદ્વાન કહી શકાય ? માત્ર ધાર્મિક કેળવણીની ખામીને લઇનેજ હાલનો વિદ્વાન વર્ગ અપૂર્ણ જણાય છે, કેટલીક વખતે આપણી ગુલાબ સમાન માન્યતાઓમાં

તેમની નજરે કાંટા કાંટાજ દેખાય છે, રામ અને કૃષ્ણનું ચરિત્ર તેમની દ્રષ્ટિએ મનુષ્ય જીવન કરતાં વિશેષ પૂજ્ય સમજાતું નથી; પરંતુ આપણે તો આપણા સનાતન ધર્મને અનુસરીને ચાલવાનું છે એટલે ધાર્મિક કેળવણીની ખાસ આવશ્યકતા છે.

વિદ્યાની આવશ્યકતા.

ધર્મશાસ્ત્રોના અધ્યયન માટે કહો, અથવા માનસિક, વ્યવહારિક યા આર્થિક સંપત્તિ મેળવવા માટે સમજો, પરંતુ વિદ્યા સંપાદન કરવાની અગત્ય છે, જેથી તેની મહત્તા વિષે ઘણું કહી શકાય તેમ છે પરંતુ હું આપને ટુંકાણમાંજ કહીશ કે, " વિદ્યા એ માણસનું ખરેખર અધિક રૂપ છે, ચોરી ન શકાય તેવું ગૂપ્ત ધન છે, દરેક પ્રકારના ભોગ, સુખ, અને યશ પ્રાપ્ત કરાવનારી વિદ્યા છે. ગુરૂઓનો ગુરૂ વિદ્યાજ છે, દેશાટનમાં પણ ભાઇની ગરજ સારનારી અને પરમ્ દૈવત રૂપ વિદ્યા છે. રાજાઓનાં ધન નહિ પરંતુ વિદ્યા પૂજાય છે, એટલે વિદ્યા વિનાનો માણસ પશુ સમાન છે."

ઉપરોક્ત કારણોને લીધે **ના૦ ગાયકવાડ મહારાજા**એ પોતાની વહાલી રૈયત માટે ફરજ્યાત કેળવણીનો કાયદો ઘડયો છે, એટલે છોકરા અને છોડીઓને ભણાવવાની તેમનાં માબાપોને ખાસ ફરજ પડે છે. શરૂઆતમાં કેટલાક અજ્ઞાન માણસો તે કાયદાનું રહસ્ય સમજી શકયા નહોતા, પરંતુ જેમ જેમ તેમનાં બાળકો કેળવાતાં જાય છે તેમ તેમ તે કાયદા તરફ તેમની અભિરૂચી વધતી જાય છે. આપણે અહીંઆં પણ બ્રીટિશ સરકાર ફરજ્યાત કેળવણી કરવાનો વિચાર ચલાવે છે, અને તે વિચાર જલદી અમલમાં મુકવા માટે આપણી દયાળુ સરકારને આગ્રહ પૂર્વક વિનંતી કરવાની જરૂર છે. કેટલાંક માબાપો પોતાના પુત્રને ભણાવવા કરતાં વ્યવહારમાં જોડી દેવાનું વિશેષ પસંદ કરે છે, ભણાવવાનુ ખર્ચ કરવા કરતાં તેના માટે દાગીના ઘડાવવાનું તેમને વહાલું લાગે છે. પરંતુ આપણે સમજવું જોઇએ કે તેટલું ધન આપી પુત્રને શ્રીમંત બનાવવા છતાં પણ જો તેણે વિદ્યા સંપાદન કરી હશે નહિ તો જુજ વખતમાં તે ઉડાવી દેશે અથવા પોતાનો વ્યવહાર સુખરૂપ બનાવી શકશે નહિ, આપણે પૈસા આપી જઇશું તે લાંબો વખત ચાલશે નહિ પરંતુ જો તેને વિદ્યા રૂપી ધન આપી સમૃદ્ધ કરીશું તો તેની જીંદગી પર્યંત તે ખુટશે નહિ અને તેનાં બાળકોને પણ તે વારસામાં આપી જશે.

સ્ત્રી કેળવણીનો પ્રદેશ.

સામાન્ય રીતે એવું કહેવાય છે કે " છોડી તો પારકા ઘરની વસ્તી છે. " એ વાત ઠીક છે પરંતુ પારકે ઘેર મોકલવાની છે માટેજ તેને દરેક પ્રકારની કેળવણી આપી, ગૃહવ્યવહારમાં કુશળ બનાવવાની જરૂર છે છોડીઓને નિશાળે મોકલી ચાર પાંચ ચોપડી ભણાવી કે આપણી ફરજ પુરી થઈ જતી નથી. તે તો અપૂર્ણ કેળવણી છે. વિવેક, મર્યાદા, ધૈર્ય, સહનશક્તિ વગેરે સ્ત્રીઓના શણગાર રૂપ પાઠો તો માતાનાજ શિક્ષણને આભારી હોય છે. ભૂગોળ અને ઇતિહાસ વાંચતાં શિખે કે ત્રિરાશી આવડતી હોય તેથી બાળા કેળવાયેલી છે એમ કહેવાય નહિ પરંતુ જ્યારે કરકસરથી ઘરનો વહિવટ ચલાવવાની તેનામાં શકિત હોય, પતિને સાનુકૂળ થઈ, કુટુંબ તરફ સદ્‌ભાવ રાખી સદ્દવર્તનશાળી બને ત્યારેજ વિદ્યા ભણ્યાનું સાર્થક ગણાય. ઘણી સ્ત્રીઓ અભ્યાસ કર્યા પછી નાજુક થઇ જાય છે એટલે રાંધવા કે વાસણ કુસણ સાફ કરવા જેટલી પણ તેમનામાં શક્તિનો અભાવ હોય તેવું સમજાય છે, એટલે તેમને ભણાવવા કરતાં તન્દુરસ્ત રાખવાની વિશેષ આવશ્યકતા છે. અ મણે કહેવાની

એવી મતલબ નથી કે છોડીઓને ભણાવવીજ નહિ, બેશક ભણાવવાની તો જરૂરજ છે પરંતુ તેમને વ્યવહારિક અને ધાર્મિક કેળવણી આપવાની પણ તેટલીજ જરૂર છે અને ત્યારેજ આપણો ગૃહસંસાર ઉત્તમ નિવડશે. ઘર ખર્ચનો હિસાબ રાખવો, પાકશાસ્ત્રમાં નિપુણ થવું, ભરતકામ, અને કપડાંલત્તાં શીવતાં શિખવું, સ્વચ્છતા અને સુઘડતાના નિયમો સમજવા, બાળકો ઉછેરવાં, તેમનું લાલન પાલન કરતાં શિખવું, આપ્તવર્ગમાં પ્રિય થઈ પડી પતિનો સંસાર દીપાવવો એ વગેરે પ્રકારનું જ્ઞાન મેળવી સનાતનધર્મના ઉચ્ચ સંસ્કારોથી વિભૂષિત થવું તેનું નામ સ્ત્રી કેળવણી છે; અને તેવા પ્રકારની કેળવણી આપી આપણી બાળાઓને સમૃદ્ધ કરવી એ આપણી પવિત્ર ફરજ છે, જેથી હું આશા રાખું છું કે દરેક ભાઇઓ તે ફરજમાંથી મુક્ત થવા માટે પ્રયત્ન કર્યા સિવાય રહેશે નહિ. હવે હું આપણી આર્થિક ઉન્નતિ અર્થે ખેતીવાડીને સ્થાન આપી તે સંબંધી કાંઇક કહેવા માગું છું.

ઔદ્યોગિક પરિસ્થિતિ.

ભાઇઓ !

આધાર રૂપ ખેતીવાડી.

જ્ઞાતિનો શહેરી વર્ગ વેપાર રોજગાર અને નોકરી કરી પોતાની આર્થિક સ્થિતિ સુધારવા પ્રયત્ન કરે છે, જ્યારે આપણી વસ્તીનો ૯૦ ટકા જેટલો ભાગ કૃષિકર્મ ઉપર ગુજરાન ચલાવી રહ્યો છે. પ્રાચીન વખતમાં ઉત્તમ ખેતી, મધ્યમ વેપાર વગેરે કહેવાતું હતું પરંતુ હાલમાં આપણા દેશના ખેડુતોની સ્થિતિ ઘણીજ અધમ પ્રકારની થઈ પડી છે જ્યારે આપણી પ્રાચીન કહેવત બીજા દેશોમાંતો સત્ય રૂપેજ ઠરી છે. અમેરીકાનો ખેડુતવર્ગ ધનવાન અને સત્તાધારી જેવો થઇ પડયો છે, તેનું કારણ ત્યાંના ખેડુતો પોતાની ખેતીવાડી સુધરેલી ઢબ પ્રમાણે કરે છે અને હંમેશાં કાંઇને કાંઇ નવું કરી જોવાની જીજ્ઞાસવાળા દેખાય છે. તેમને જોઇએ તેવા પ્રકારનાં અનુકૂળ સાધનો અને મદદ મળે છે અને તેનો ઉપયોગ તેઓ ખંત રાખીને કરે છે, મહેનત કરવામાં જરા પણ પાછા હઠતા નથી. લક્ષાધિપતી ખેડુતો પોતાની જમીનમાં કામ કરતા માણસો ઉપર દેખરેખ રાખે છે એટલુંજ નહિ પરંતુ જાતે કામ કરવામાં પણ પોતાની મહત્તા સમજે છે. આપણે અહીં તેથી ઉલટુ જણાય છે, ચાલીશ પચાસ વિઘા જમીનના માલીકો ભાગ્યેજ જાતે કામ કરતા હશે અથવા તો બે હજારની આવકવાળા ખેડુતો મજુરો પાસેથી કામ લેવામાં અગર કયા પ્રકારે વધારે પેદાશ થઇ શકે તેનો વિચાર કરવાની તકલીફ લેતા હશે ! કદાચ લેતા હશે તોંપણુ ઉત્સાહ અગર ખંત કે કાંઇક નવિન પ્રયોગો શોધી કહાડવાની વૃત્તિ રાખીને તો નહીંજ. અન્ય દેશોની હરીફાઇમાં આપણી ઉપજ, ખર્ચના પ્રમાણમાં વધતી જાય નહિ ત્યાં સુધી કડવા પાટીદારની કોમ ધનવાન થઈ શકે તે આકાશ કુસુમવત્ છે.

દિવસે દિવસે ખેતીવાડીના અંગભૂત-જેવાં કે બળદ, બીઆં, મજુરી, ખાતર અને પાણી મેળવવાનાં સાધનો મોંઘાં થતાં જાય છે, કૃષિકારો દેવાદાર સ્થિતિમાં હોવાને લીધે જોઇએ તે ટાંકણે સાધનો મેળવી શકતા નથી, પરિણામે ખેતીની ઉપજ ઘટતી જાય છે. પ્રથમના જેવું શારીરિક બળ પણ તેમનામાં હોવાનું સંભવિત નથી જેથી ત્રણ ચાર વિઘા જમીનવાળાને પણ સાથી રાખવાની જરૂર પડે છે, નિકાસનો મોટો ભાગ મહેસુલ ખરચ અને મજુરી કે કામદારોને આપવામાં વટાઇ જાય છે, અને જે બચે તેમાંથી લેણદારોને આપે છે તેમજ બહેન દીકરીઓના કર પણ તેમાંથીજ ચુકવાય છે, જ્યારે છેવટે વધારેમાં વધારે ઉપજનો

ત્રુ ભાગ કુટુંબના નિર્વાહ માટે સીલક રહેઃછે. આવી દયાજનક સ્થિતિમાં ખેતીવાડીના ધંધાની હિમાયત કરનાર ગૃહસ્થોને આપણે એજ પુછીશું કે, આવી વસ્તુસ્થિતિમાં ખેતીવાડી ઉત્તમ છે કે કોઈ મીલમાં જઈ બે ત્રણ સાળો ચલાવી ત્રણસેંહ રૂપિઆ કૂટીકહાડવા તે સલામત ભરેલું છે ?

શિખામણના બે શબ્દ.

કૃષિકાર બન્ધુઓ ! આપણે જરાપણ ગભરાવાનું પ્રયોજન નથી. આપણા બાપદાદાઓએ તેમાંથીજ ધન પ્રાપ્ત કર્યું છે, અને તેજ આપણી ભૂમિમાતા આપણો ઉદ્ધાર કરશે એવી શ્રદ્ધા રાખી સંપ અને પુરૂપાર્થ કરવાની જરૂર છે. એક જથે જમીન કરવા માટે આપણે એક બીજાની સાથે કેટલી ઉદારતા અને ઐકય સાધવાની જરૂર છે ? ગામ સમસ્ત નાવન પ્રકારનાં ખાતરો લાવીને કે પાણીનાં સાધનો ખરીદ કરીને અથવા એક બીજાને જરૂર હોય તે વખતે ઉછીતુ આપવા લેવાથી આપણને કેટલી બધી સરળતા થઈ શકે તેવી છે, તેનો ખ્યાલ કરો, ?દીર્ઘદ્રષ્ટિથી વિચાર કરશો તો તેમાં મહોટો ફાયદો રહેલો સમજાશે. મજુરીની મોંઘવારીને લીધે બાળકો પાસેથી કામ લઇ તેમને વિદ્યા ભણાવવાનુ માંડી વાળવાથી તો એવડું નુકસાન થવાનું છે. મજુરી બચાવવી હોય તો જાતે મહેનત કરો, ખંત રાખો અને બીજાના ભરોંસા ઉપર બેસી રહેવાનું માંડી વાળો. તમારી ખેતી પદ્ધતિમાં જે જે પ્રકારની ખામીઓ જણાય તેનો અહોનિશ વિચાર કરો અને તમારી ઉન્નતિના વિચારોનેજ તમારો ખોરાક બનાવી કાઢો. કરકસર કરી ધનનો સંચય કરો અને દેવામાંથી મુક્ત થવાના અગર તમારા ભાઇઓને પણ દેવું હોય તો તેમને ઋણમુક્ત કરવાના વિચારોનું સેવન કરો એજ ખરો પુરૂપાર્થ ગણાશે. આપણી જ્ઞાતિની મોટી સંખ્યાનો લાભ લેતાં આપણે શિખીએ તો આપણે બધુએ ભણ્યા છીએ એમ સમજવું, એ ન સમજાયું તો ઉન્નતિ થવી કઠીન છે.

અસલના વખતથી પ્રાચીનતાને વળગી રહેવાનું આપણામાં એક લક્ષણ છે, પરંતુ દેશકાળને અનુસરી આપણે આપણા વિચારો અને પદ્ધતિમાં પણ ફેરફાર કરવો જોઇએ. **स्वामि रामतीर्थ** કહે છે,– "ફેરફાર કરો, નહિ તો સદાને માટે પસ્તાત રહો." આપણા બાપદાદાએ ખેતીને માટે જે જે સાધનો બનાવ્યાં તેનેજ આપણે વળગી રહ્યા. બળદને બદલે પાડાથી ખેતી કરી શકાય કે નહિ તેનો તો આપણે વિચારજ કર્યો નથી. પાણી ખેંચવાના કોષ જો કે ફાયદા કારક હશે, તોપણ વધારે પ્રમાણમાં પાણી ખેંચવાની જરૂર હોય ત્યાં યન્ત્રોથી ફાયદો થઈ શકે છે; ત્યાં યંત્રોનો ઉપયોગ કરો. તમને જે જે માહેતીની જરૂર હોય તે તે વિષયો " કડવા વિજય "માં ચર્ચાવો અને મારી ખાત્રી છે કે જોઈતી દરેક માહેતી જ્ઞાતિબન્ધુઓ અગર અન્ય વિદ્વાનો તરફથી પુરી પડી શકશે.

ભાઈઓ ! આપના અમુલ્ય વખતનો ભોગ નહિ આપતાં હવે હુ કૃષિકવર્ગની ઋણમુક્તિ અને કેટલાક પ્રકીર્ણ વિષયો જણાવવાની રજા માગું છું.

કૃષિક વર્ગની ઋણમુક્તિ.

ખેડુતોને દેવાદાર સ્થિતિમાંથી મુક્ત કરવા માટે આપણી સરકાર ઘણા પ્રયત્નો કરે છે, પરંતુ સામાન્ય રીતે એવી માન્યતા છે કે ગુજરાતનો કૃષિક વર્ગ બીજા ભાગ કરતાં ઓછો દેવાદાર છે. આ હકીકતમાં ગમે તેટલું સત્ય હોય પરંતુ આપણા વડીલો પાસે જેટલી જમીન જાગીર હતી તેટલી આપણી પાસે તો નથીજ, કેટલીક લેણદારોને લખી આપી છે અને

કેટલીક તો મહેસુલ-દર-નહિ ભરી શકાવાથી માધુરીમાં ગઈ છે. છેલ્લાં પોણોસો વર્ષ થયાં આવા પ્રકારની ઉથલપાથલ વધતી આવી છે એટલે એક બીજાના નામ ઉપર ચાલતી જમીનોમાં ઘોટાળો થવાથી ના. સરકારે રેકર્ડ ઑફ રાઈટ્સ (Record of Rights) નો ધારો ઘડયો છે; એજ સુચવે છે કે આપણી જમીનો આપણી પાસે રહી નથી અને દેવાદાર થયા છીએ. આપણે બારિક વિચાર કરીશું તો જણાશે કે છેલ્લાં પોણોસો વર્ષ થયાં લગ્ન પાછળનાં ખરચો અને મરણ પાછળનાં જમણોમાં પૈસા ઉડાવી આપણી જમીનો લખી આપી દેવાદાર બન્યા છીએ અને રેકર્ડ ઑફ રાઈટ્સનો કાયદો આપણા માટેજ કરવો પડયો છે.

આપણી સ્થિતિ સુધારવા માટે **મે. કેન સાહેબે** તપાસ કરીને એવી સૂચના કરી હતી કે ' શાહુકારો સાથેનું દેણું પતાવી દઈ, તે પેટે જુજ કાંધાના રૂપમાં ના. સરકારે ખેડુતો પાસેથી રકમ વસુલ કરવી. ' આ સૂચનાના અમલ તરિકે શાહુકારોનું લેણું નક્કી કરવા માટે કૉન્સીલીએટરો નિમાયા છે અને ટેન્યુર પદ્ધતિ દાખલ કરી છે, પરંતુ તેથી ખેડુતો ઋણમાંથી મુક્ત થઇ શકે તેમ નથી. વળી ના. સરકારે કૉઓપરેટીવ ક્રેડીટ સોસાયટીઓ સ્થાપી ખેડુતોને કરકસર કરતાં શિખવવાની યોજના ઘડી છે;પરંતુ તેવી સહકારી મંડળીઓનો આપણી તરફ જન્મ સરખો પણ થયો નથી. ગુજરાતનો શ્રીમંત વર્ગ માત્ર મીલ ઉદ્યોગમાંજ પડયો છે પરંતુ આવી સહકારી આંટની મંડળીઓ તરફ બિલકુલ લક્ષ આપતો નથી તેનું પરિણામ ઉભયના ગેરલાભમાં આવે છે. દેશ સુધરતો નથી એટલે નિર્ધન થાય છે, પરતુ મીલવાળાઓને તેમાં નુકશાન નથી તે તો દીનપ્રતિદીન શ્રીમંત થતા જાય છે. 'ખેતીવાડી સુધારો ! અમારા ખેડુતો ગરિબ થઈ ગયા છે ! ભાઈ ખેતીવાડીમાં સુધારા કરો' ! વગેરે અનેક પ્રકારના સદ્‌બોધ આપે છે, પણ તેમની સ્થિતિ સુધારવા માટે પૈસાની જરૂર છે તે વાત ભાગ્યેજ કોઇના લક્ષમાં આવી હશે ! આવે તોપણ કામની શું ? શું તેમણે કાંઈ આપણા માટે જન્મ લીધો છે ? નહીંજ. આપણે પોતેજ તેનો વિચાર કરવાનો છે અને આપણા સાર્વજનિક યા ખાનગી પૈસાનું રોકાણ સહકારી મંડળીઓમાંજ કરવાનું છે એ વાત હમેશાં લક્ષમાં રાખવી જોઇએ.

આપણી ગઇ બેઠકના પ્રમુખ **રા. રા. કરસનદાસભાઈ**નાજ શબ્દોમાં કહીએ તો "આપણામાં ઘણો ભાગ ખેડૂત છે, તેથી ખેતીવાડી સુધરે અને ખેતીવાડી સારી રીતે થઈ શકે તેને માટે પ્રથમ વિચાર કરવો જોઇએ. × × × હાલમાં મજુરની તાણ ઘણી છે અને મજુરીનો દર પણ વધી ગયો છે. વળી પ્રથમ કરતાં આપણે વધારે અન્ન, કપાસ વગેરે પેદાસ ઉત્પન્ન કરવી જોઇએ, તેને માટે યાંત્રીક બળથી ચાલતાં ખેતીનાં ઓજારો આપણે બને તેટલાં વાપરવાં જોઇએ. તેવાં ઓજારો મળી શકે, વખતસર બી સારૂં મળી શકે, અને જાઈતાં જાનવરો મળી શકે તેને માટે નાણાંની ખાસ જરૂર પડે છે. હાલમાં ખેડુતના કાયદાને લીધે શાહુકાર ધીરધાર કરતા ઘણે અંશે બંધ થાય છે. ત્યારે નાણાં જોઇએ તે કયાંથી લાવવાં ? તેને માટે ક્રેડીટકોઓપરેટીવ સોસાઈટી **(પરસ્પર સહાય કરનાર મંડળ.)** ઠેકાણે ઠેકાણે સ્થાપવી એ ઘણુંજ જરૂરનું છે." આવાં મંડળોની જે અનિવાર્ય આવશ્યકતા ઉભી થઇ છે તેની આપણાથી ના કહી શકાય તેમ નથી અને આપણી આર્થિકસ્થિતિ સુધારવા માટે તેવી સોસાઈટીઓ સ્થાપવાની હું આપને ભલામણ કરૂં છું જે દરેક ભાઇઓ ધ્યાનમાં લેશો,

મહામંડળને વિનંતિ.

ભાઈઓ ! આપને જણાવતાં મને ઘણોજ આનંદ થાય છે કે ના. દરબારશ્રીના શુભ પ્રયાસથી શ્રી કડવા પાટીદાર હિતવર્ધક મહામંડળની સ્થાપના થઇ છે અને મુખ્યત્વે કરીને આપણી ખેતીવાડી સુધારવાનું અને વિદ્યાનો પ્રચાર કરવાનું કાર્ય થોડાજ વખતમાં શરૂ થશે. ખેતીવાડીનું શિક્ષણ આપવાનો ગંભીર સવાલ લાંબા સમયથી ચર્ચાય છે, તેની કોલેજો સ્થપાઇ છે પરંતુ આપણા ખેડુત ભાઇઓ તેનો લાભ લઇ શકતા નથી. આ વસ્તુસ્થિતિમાં મહામંડળને આપણે સૂચના કરવી જોઈએ કે ગામડાના અજ્ઞાન ખેડુતોને પુસ્તકો અને ઉપદેશ દ્વારા ખેતીવાડીનું શિક્ષણ આપવાનું કાર્ય હાથ ધરવાની યોજના ઠીક થઇ પડશે અને પ્રાથમિક કેળવણીની સાથે ગામડાંના બાળકોને ખેતીવાડીનું શિક્ષણ આપવાની ગોઠવણ વિશેષ ફળદાયક નિવડશે. તે સાથે મારે એ પણ જણાવવું જોઇએ કે ખેડુતભાઈઓને ઋણમાથી મુક્ત કર્યા સિવાય તેમની સ્થિતિ સુધરી શકે તેમ નથી. ઢોરો ઉછેરી સસ્તી કિંમતે તેમને જરૂર પડે તે અવસરે આપવાં, તેમજ ખેતીનાં સાધનો સરતે દરે પુરાં પાડવાની ગોઠવણ પણ તે મંડળ તરફથી કરવામાં આવશે તો દરેક હેતુ પાર પડશે.

વિદ્યાનો ફેલાવો કરવાનું કઠીણ કાર્ય પણ તેટલુંજ અગત્યનું છે. ગરિબ વિદ્યાર્થિઓને આગળ વધવામાં મદદ કરવી અને તેમની લાયકાત જોઇ ઉચ્ચ કેળવણી પ્રાપ્ત કરાવી વિદ્વાન વર્ગનો વધારો કરવો એ આવકારદાયક છે. પરંતુ દરેક કામની યોજનાઓનો સંપૂર્ણ વિચાર કરી જેમ બને તેમ તાકીદે પોતાનું કાર્ય શરૂ કરવાથીજ જોઈએ તેવી અસર થઇ શકશે કારણ કે આપણી કોમ ઘણીજ પછાત છે. બીજાઓ આગળ વધે છે તેમના કરતાં વિશેષ ઝડપે આપણે આગળ વધીશું ત્યારેજ આપણો આશય ફળીભૂત થયો જણાશે અને મહેનતનો બદલો મળશે.

ઉપસંહાર.

ક્ષત્રિય બન્ધુઓ !

છેવટે આપને હું એ કહેવા માગું છું કે આપણી સ્થિતિ સુધારવા માટે ઘણા રિવાજોમાં ફેરફાર કરવાની જરૂર છે. મરણ પાછળનાં ભોજનો કેવાં અઘટિત છે ? માણસનું માણસ જાય છે અને છોકરાં છૈયાં પૈસે ટકે ખાલી થાય છે! એક વખત ખાલી થઇ ગયા પછી જીંદગીભર પૈસા ટકાની અગવડ ભોગવવી પડે છે. આ નઠારા અને અધર્મયુક્ત રિવાજથી આપણી જ્ઞાતિ ગરીબ થઇ ગઇ છે. તોપણ હવે તે રીવાજ દિનપ્રતિદિન બંધ પડતો જાય છે એ તમારા શુભ પ્રયાસનુંજ પરિણામ છે. રોવા કુટવાનો રિવાજ પણ એટલોજ હાનીકારક છે. મરણ થયા પછી આપ્તવર્ગને અસહ્ય દુઃખ જણાય છે અને રડવું આવે છે તે રોકી શકાય નહિ, પરંતુ ખુલ્લી છાતીએ બજાર અને ચકલામાં રોવા કુટવાથી મર્યાદા સચવાતી નથી એટલુંજ નહિ પરંતુ તેથી સ્ત્રીઓનાં શરીર ઉપર પણ ઘણીજ ખરાબ અસર થાય છે. ખાસ કરીને બાળક માતાએ તો કુટવાનો પ્રયત્ન કરવોજ નહિ જોઇએ. કડી પ્રાંતના સુબા સાહેબે તે સંબંધી કાયદો કરી સુધારો કર્યો છે (તાળીઓ) તે તરફ હું આપનું ધ્યાન દોરૂં છું. તે સિવાય અનેક પ્રકારના હાનીકારક રિવાજો દુર કરવાની જરૂર છે જે વિષે મેં આગળ કહ્યું છે, અને તે સંબંધી આપને જે જે ઠરાવો પસાર કરવા જણાય તે કરશો એવી હું આશા રાખું છું. (તાળીઓ.)

છેલ્લાં ચાર પાંચ વર્ષો થયાં આપણી આ સમાજની સ્થાપના થઇ છે અને આપણા પુરૂષાર્થનાં દ્રશ્ય અદ્રશ્ય પરિણામ આપણે નજરે જોયાં છે. આવો સતત્પુરૂષાર્થ દીર્ઘદ્રષ્ટિ અને બન્ધુભાવે–સુસંપથી ચાલ્યો જશે તો આપણી ઉન્નતિની આપણે વધારે અને વધારે નજીક જતા જઇશું તે ખસુસ કરીને માનશો.

હું આપ સઘળા ભાઇઓનો ફરીથી ઉપકાર માનું છું અને જે માન આપ બન્ધુઓએ આપ્યું છે, તે પવિત્ર ફરજ અદા કરવાનું પરમાત્મા મને બળ આપે એવી તે દયાળુને વિનંતી કરૂં છું. (તાળીઓ.)

લગભગ પાંચ વાગે મહેરબાન પ્રમુખ સાહેબનું ભાષણ પુરૂ થયા પછી સમાજના સેક્રેટરી મી પુરૂષોત્તમ તંત્રીએ જણાવ્યું કે, આપણા આ પવિત્ર કાર્યમાં જે જે બન્ધુઓ અનિવાર્ય અડચણોને લીધે ભાગ લઈ શકયા નથી તેમના તરફથી આવેલા તાર અને કાગળો હું આપને વાંચી સંભળાવું છું (તાળીઓ) અને આપણા કાર્ય તરફ તેમણે જે સહાનુભૂતિ દર્શાવી છે તે માટે આપણે તેમને અંતઃકરણથી ધન્યવાદ આપવો જોઇએ. (તાળીઓ)

તારના સંદેશા.

દેશાઇશ્રી નારણસિંહજી ચંદ્રસિંહજીનો પાટડીથી.
કામદાર સાહેબ મગનલાલભાઇનો પાટડીથી.
"પટેલ બન્ધુ" ના રા. સબએડીટરનો સુરતથી.

કાગળો.

રા. ચતુરભાઈ રાધાભાઇ અમીન કડીથી.
માજી પ્રમુખ કરસનદાસભાઈ મુનસફ સાહેબનો.
દેશાઇ અંબારામભાઇ શિવલાલ વિરમગામવાળાનો.
મી. નંદુલાલ મંછારામ બારાબાકીથી.
મી. અમૃતલાલ અચરતલાલ મોગરા અમદાવાદથી.

ઉપર જણાવેલા બન્ધુઓ તરફથી આવેલા તાર અને કાગળો વાંચી સંભળાવ્યા બાદ તેમણે જણાવ્યું કે ભાઇઓ ! થોડા દિવસ ઉપર દિલ્હી ખતે બનેલા એક ગમખ્વાર બનાવની યાદ આપતાં મને અત્યંત દીલગીરિ થઇ આવે છે અને તે માઠો બનાવ આપ સઘળા પણ જાણતા હશો. દિલ્હીને પાટનગર બનાવવાના શુભ દિવસે ચડેલા બાદશાહી સરઘસમાં આપણા લોકપ્રીય વૉઇસરાય ના. લોર્ડ હાર્ડિંજ ઉપર કોઇ નીચ હીચકારાએ તેમના પ્રાણ લેવા માટે બોમ્બ નાંખ્યો હતો અને તેથી તે નામદારને સખ્ત ઇજા થવા ઉપરાંત એક વફાદાર નોકર–તેમના અંગરક્ષકના પ્રાણ ગયા છે. હાલમાં તે નામદાર માંદગી ભોગવે છે, તોપણ આપણા દેશની પ્રજાની રાજભક્તિ વિષે તેમના વિચારો જેવાને તેવાજ રહ્યા છે તે માટે તે નામદારનો આપણે જેટલો ઉપકાર માનીએ તેટલો ઓછોજ છે. તેમનાં પત્નિ ના. લેડી હાર્ડિંજ પણ આ માઠો બનાવ બન્યા છતાં આપણી તરફ સંપૂર્ણ પ્રેમભાવથી જુએ છે, જે માટે તેમના ઉમદા ગુણો અને આભારનો બદલો આપણે વાળી આપવા શક્તિવાન નથી, તોપણ તે નામદારે આપણા દેશના ભલા માટે અંતિમ મહેનત લીધી છે અને લેશે તેનો બદલો પરમાત્મા તેમને આપે એવી તે દયાળુને આપણે

પ્રાર્થના કરીશું. સમગ્ર દેશની પ્રજા આ હીચકારાના કૃત્યથી દીલગીર થઈ છે અને તે નામદારને મુબારક બાદી આપવા માટે તારના સંદેશાઓ મોકલે છે. આપણી કોમ તરફથી પણ તે નીચ કૃત્ય તરફ ધિક્કાર દર્શાવી તે નામદારને થયેલી ઈજા માટે દીલગીરિ દર્શાવાનો અને તે દુઃખમાંથી જલદી સાજા થઈ દીર્ઘાયુષ્ય ભોગવે તેવી જગન્નિયંતાને પ્રાર્થના કરવાનો આપણે ઠરાવ કરવો જોઇએ. (તાળીઓ.) આપણી સમાજ તરફથી આ સંદેશો મોકલી આપવા માટે વિલંબ થયો છે તોપણ આપ સઘળા બન્ધુઓની હાજરી વચ્ચે આ ઠરાવ પસાર થાય છે તેથી આપણે વિશેષ ભાગ્યશાળી થયા છીએ (તાળીઓ.) અને સઘળાની હાજરીમાં અત્યારેજ નીચે પ્રમાણેનો ઠરાવ પસાર કરીએ છીએ. (તાળીઓ.)

"This Samaj views with the indignation and abhorrence the abominable attempt made on the life of our noble Viceroy at Delhi and congratulates our beloved Lord and Lady Hardinge for the escape; and expresses its hatred towards such fanaticism. The Samaj also prays to the Almighty for the speedy recovery of our Kind Excellency."

એટલે કે "આ સમાજ આપણા લોકપ્રિય વૉઇસરૉયના પ્રાણ લેવાનો દિલ્હીખાતે જે ધિક્કારયુક્ત પ્રયત્ન થયો છે તે તરફ સંપૂર્ણ તિરસ્કાર અને ક્રોધથી જુએ છે, આપણા વહાલા લૉર્ડ અને લેડી હાર્ડિંજ તેમાંથી બચી ગયાં છે તેની મુબારક બાદી આપવાનો અને તેવા પ્રકારની ધર્માંધતા તરફ પોતાનો તિરસ્કાર પ્રદર્શિત કરવાનો ઠરાવ કરે છે. વળી આપણા માયાળુ નામદારને જલદી આરામ થઈ જાય તે માટે આ સમાજ ઈશ્વરની પ્રાર્થના કરે છે."

મી. પુરૂષોત્તમ તંત્રીએ રજુ કરેલો ઉપરનો ઠરાવ એકે અવાજે તાળીઓના અવાજ વચ્ચે પસાર થયા બાદ તાર મારફતે તે નામદારને મોકલી આપવામાં આવ્યો હતો. ત્યાર બાદ ઠરાવો પસંદ કરવા માટે નીચેના મેમ્બરોની એક સબજેક્ટ કમીટિ નિમવામાં આવી હતી.

મે. પ્રમુખ સાહેબ શેઠ રતીલાલભાઈ. અમદાવાદ.	કુ. લાલસિંહજીભાઇ રાયસિંહભાઇ વિરમગામ.
મે. ડૉક્ટર સાહેબ પિતામ્બરદાસ. અમદાવાદ.	શેઠ સાહેબ દુર્ગાપ્રસાદભાઇ લસ્કરી. અમદાવાદ.
શેઠ કેસવલાલ છક્કડસીભાઇ. અમદાવાદ.	દે. અમરસિંહજી વકીલ. ધ્રાંગધ્રા.
રા. રણછોડલાલ અમૃતલાલ વસા. અમદાવાદ.	રા. જગજીવનદાસ દૂધવાળા. અમદાવાદ
શેઠ ગોરધનભાઇ મોહનલાલ વિરમગામ.	રા મોહનલાલ ત્રિભોવનદાસ. અમદાવાદ.
રા. મગનલાલ એન્જીનીઅર. અમદાવાદ.	,, જીવણલાલ અમૃતલાલ. ,,
,, કેસવલાલ ડાહ્યાભાઈ વીમાવાળા ,,	,, પુરૂષોત્તમ લલ્લુભાઇ તંત્રી. વિરમગામ.
,, કેસવલાલ માધવલાલ વકીલ. ,,	,, નારણદાસ જોરાભાઈ મારફતીઆ ,,
,, ચંદુલાલ મણીલાલ મારફતીઆ વિરમગામ.	શેઠ ગોરધનભાઇ દયારામ. સુરત.
,, નારાયણજી રામજીભાઈ મીસ્ત્રી. મુંબાઇ.	રા. રામજીભાઇ જેઠાભાઇ કચ્છ-ગઢશીશા.

રા, જવેરભાઇ રાયજીભાઇ ગણુપતપુરા.	રા. પુરૂષોત્તમ હરગોવિંદ માસ્તર વડોદરા.
,, ઝીણાભાઇ મગનલાલ ફોજદાર પાટડી.	,, છગનલાલ પિતામ્બરદાસ સરઢવ.
,, ઇશ્વરદાસ જોઇતનદાસ. સરઢવ.	રા. ધનસાભાઇ જેકણદાસ આદ્રજ
,, પુરૂષોત્તમ લલુભાઇ બાવળા	,, નાથાભાઈ ધનજીભાઇ. લાડોલ.
રા. કાળીદાસ હરજીવનદાસ. અમદાવાદ.	શેઠ બાલમુકંદ કીશોરદાસ. બાવળા.
દે. ચુનીલાલ નારણદાસ બાવળા.	,, કાળીદાસ મોહનલાલ અમદાવાદ.
રા: શિવલાલભાઇ પિતામ્બર ટીકર.	રા. હરિલાલ રણછોડદાસ સુપરવાઇઝર. ,,
,, ગોકળદાસ કાનજીભાઇ કૃષિ ઉપદેશક ગોંડલ.	,, તુલસીદાસ ગોપાળદાસ કાસવા.
, ખુશાલદાસ વેલજીભાઇ ગાબટ.	,, માણેકલાલ કેશવલાલ અમદાવાદ.
રા. જમનાદાસ બાપુ. અમદાવાદ.	રા. જેસીંગભાઇ જેઠાભાઈ લાડોલ.
,, મોતીલાલ કહાનદાસ. કઠલાલ.	,, લક્ષ્મણભાઇ ભીખાભાઇ માસ્તર. અમદાવાદ
,, ચતુરભાઇ હીરદાસ વકીલ ચાણસ્મા.	,, ભગવાનદાસ ડાક્તર. ભરૂચ.

સબજેકટ કમીટી નિમાયા બાદ મે. પ્રમુખ સાહેબે જણાવ્યું કે આજની બેઠકનું કામ ખલાસ થયુ છે. હમણાં અર્ધો કલાક આરામ લીધા પછી સબજેકટ કમીટી પોતાનુ કામ-કાજ કરશે તે વખતે જે જે ભાઇઓને કાંઈ બોલવુ હોય તેમને આવવાની છુટ છે. ત્યાર પછી લગભગ છ વાગે પહેલા દિવસની બેઠકનું કાર્ય ખલાસ થયું હતું અને બીજે દિવસે જમી કરીને પરવાર્યા બાદ એક વાગે બેઠક કરવાનું જણાવ્યું અને ઘણા ભાઇઓ જમવાને ગયા હતા. લગભગ અરધો કલાક આરામ લીધાબાદ સબજેકટ કમીટિ મળી હતી જેણે રાતના દશ વાગ્યા સુધી કામ કર્યું હતું તે વખતે ઘણાખરા મેમ્બરોએ હાજરી આપી હતી.

તા. ૨૯-૧૨-૧૨ નો બીજો દિવસ.

બીજે દિવસ સવારના નવ વાગતાથી મેમ્બરો સમાજના સ્થળે આવવા લાગ્યા હતા; કારણ કે તેમને માટે ન્હાવા ધોવા અને જમવા વગેરેની સગવડ પણ સમાજના મંડપની નજીકમાંજ કરવામાં આવી હતી. લગભગ અગીઆર વાગતાં નાહીને પરવાર્યા અને જમવા માટે પધાર્યા હતા. ત્યાંથી પરવાર્યા બાદ મંડપમાં તેમણે હાજરી આપવા માંડી હતી. લગભગ એક વાગ્યા પછી મંડપમાં સઘળા મેમ્બરો આવી ગયા હતા તેમજ મે. પ્રમુખ સાહેબ વગેરે પણ દોઢ વાગે પધાર્યા અને શરૂઆતમાં—

વિરમગામ નિવાસી મી. ઇશ્વરલાલ છોટાલાલ સ્વયંસેવકે રા. નારણદાસ મારફતીઆની બનાવેલી ઉમા સ્તુતિ ગાઈ સંભળાવી હતી, જેમાં આપણી જ્ઞાતિનાં બાળકોને બાળલગ્નના નઠારા રિવાજમાં ઝપલાતાં અટકાવવા—તેમનાં માબાપોને સદ્‌બુદ્ધિ આપે તેવી પ્રાર્થના ઘણીજ અસરકારક રીતે કરવામાં આવી હતી. ઉક્ત સ્તુતી ખલાસ થતાં

તેજ સ્થળેથી સમાજની સેવા ઉઠાવવા આવેલા મી. રતીલાલ અંબારામ સ્વયંસેવકે રા. મારફતીઆનીજ નીચે જણાવેલી એક બીજી કવિતા સમાજના મેમ્બરોને ઉદ્દેશીને ગાઈ હતી.

तमे सहु करो कार्य कल्याण कारी.

ભુજંગી છંદ.

મળ્યા આજ છો જ્ઞાતિના હિત કાજે, ગુણી સજ્જનો આપની આ સમાજે;
લહો કીર્તિ બંધુ તણાં કષ્ટ ટાળી, તમે સહુ કરો કાર્ય કલ્યાણ કારી. ૧.
હણોને અવિદ્યા સુસંપો કરીને, વધારો સુવિદ્યા કુસંપો તજીને;
જશે એથી અજ્ઞાનની અંધીઆરી, તમે સહુ કરો કાર્ય કલ્યાણ કારી. ૨.
ભણાવો તમારી પ્રજાને પ્રીતેથી, બને ધર્મધારી રૂડા તે રીતેથી;
પછી ઉપદેશો કહી જ્ઞાતિ તારી, તમે સહુ કરો કાર્ય કલ્યાણ કારી. ૩.
સ્થિતિ સમ મળ્યુ જ્ઞાન તે જુજ જાણી, ફરે સોધતા આશ્રિતોને પિછાણી;
વિના દામ પાછા પડે હાય મારી, તમે સહુ કરો કાર્ય કલ્યાણ કારી. ૪.
કૃષિ રોજગારે જુઓ ઝાંખ લાગી, ભૂખ્યા સાધનોના ફરે નીરભાગી;
મળે લાભ કયાંથી પુરૂ જો ન વારી, તમે સહુ કરો કાર્ય કલ્યાણ કારી. ૫
કૃષિજ્ઞાન આપી કૃષિકાર તારો, વધે જ્ઞાતિમાં જયમ રૂડા રોજગારો;
કરો યોજનાઓ મહા સુખ ધારી, તમે સહુ કરો કાર્ય કલ્યાણ કારી. ૬
જુઓ લગ્ન રૂઢી નથી હીત કર્તા, ભૂખ્યા હાડભોગી પડી કુપ મરતા;
સ્વ શાસ્ત્ર ધર્મે હવે લો સુધારી, તમે સહુ કરો કાર્ય કલ્યાણ કારી. ૭
સન્નારી પાળે પતિ વૃત જેથી, ભલાં ભોગવે સુખ દંપતિ તેથી;
પુરૂષો કરે ન બીજી ત્રીજી નારી, તમે સહુ કરો કાર્ય કલ્યાણ કારી. ૮
વિચાર્યા વિના ખર્ચ ભોળા કરે છે, મુકી જર જમીન ઘર તજી તે ફરે છે;
ભરે પેટ ક્યાંથી ન કોડી ઉગારી, તમે સહુ કરો કાર્ય કલ્યાણ કારી. ૯
રૂઢી કે રિવાજે નઠારૂ જે પેખો, ઉખાડો ભલે હોય પુરાણી મેખો;
જમાનાનુકુળ વર્તજો ધર્મ ધારી, તમે સહુ કરો કાર્ય કલ્યાણ કારી. ૧૦
નઠારૂં જો લાગે તમોને મનેથી, કરો દુર તેને તમારી કનેથી;
સુધારો સુખે જીંદગીને તમારી, તમે સહુ કરો કાર્ય કલ્યાણ કારી. ૧૧
રહે મન નટવા તણુ દોરે માંથે, તમે તે સમા ચાલજો આ સમાજે;
નથી જ્ઞાતિ સેવા ન મોટાઇ મારી, તમે સહુ કરો કાર્ય કલ્યાણ કારી. ૧૨
દેવા દાન બેસો તે વારે સંભાળો, કહ્યું શાસ્ત્રકારે જે સુપાત્ર ભાળો;
દઇ દાન તેને લો કીર્તિ પ્રસારી, તમે સહુ કરો કાર્ય કલ્યાણ કારી. ૧૩
સદાએ રહે સંપ ધન ધાન્ય વાસો, પ્રતિદીન એવા કરોને પ્રયાસો;
કહે હિતકર એ ફરજ ઉરધારી, તમે સહુ કરો કાર્ય કલ્યાણ કારી. ૧૪

ના. જો. મારફતીઆ.

બાવળા નિવાસી શુકલ કે જેમણે ઉપદેશકનું પણ કામ કર્યું હતું તેમણે નીચે જણાવેલી રા. છગનલાલ કવિની બે કૃતિઓ ગાઈ સંભળાવી.

સત્યના પ્રકાસી જાગો—એ રાગ.

પ્રીતેથી પ્રણામ કરીએ, ઉમિયારે માતા;
ઉમિયારે માતા દેવી, ઉમિયારે માતા. ટેક.
માતા છો તમે અમારાં, બાળકો અમે તમારાં;
સારાં કે ગણી નઠારાં, કરો સુખ સાતા. પ્રીતેથી.
કરૂણાળુ કૃપાળ દેવી. સુખી થઈએ તમને સેવી;
કૃપા કરો અમ પર એવી, તમે જગ ત્રાતા. પ્રીતેથી
સહુને સુબુદ્ધિ આપો, કુસંપને કલેશ કાપો;
જપીએ તમારા જાપો, સદા સુખ દાતા. પ્રીતેથી.
તનુજ સૌ માત તારા, સંપીને કરે સુધારા;
બંધુઓ બધા અમારા, બને ગુણ જ્ઞાતા. પ્રીતેથી.
માજી સહુ સંકટ હરજો, કાર્ય આ પુરણ કરજો;
'છગન'ની શ્રવણે ધરજો, વિનંતી વિધાતા. પ્રીતેથી

આજ શ્યામ મોહિલીનો—એ રાગ.

ધન્ય છે અપાર વાર, પાટીદાર બંધુઓ;
પાટીદાર બંધુઓ, સ્વજ્ઞાતિના શુભેચ્છકો. ટેક.
શ્રી કડવા પાટીદાર શુભેચ્છક, સમાજની આજ રૂડી છે બેઠક;
તેના ઉત્તેજક થયાછો બેશક, ભેદ શું જાણે અભેદુઓ. ધન્ય.
આપણી જ્ઞાતિની ઉન્નતિ કાજ, સ્થાપી આ વીદ્વજનો એ સમાજ.
સંવત ઓગણી છાસડનાજ, માગશર માસથી જુઓ. ધન્ય.
જ્ઞાતિ બન્ધુઓના છે બુરાહાલ, હળી મળી કરો તે તણો ખ્યાલ;
કઈક કુચાલ કરે બે હાલ, ખામી તપાસીને જુઓ. ધન્ય.
રૂઢીનાં બંધન કરો નિકંદન, રાજી રહે જ્યમ શ્રી રઘુનંદન;
'છગન' સર્વને કરે છે વંદન, દયા ધરો દયા સિંધુઓ. ધન્ય.

ઉપર પ્રમાણેની સ્તુતિઓ અને મેમ્બરોને મુબારકબાદી અપાયા પછી સમાજની બેઠકને લગતું કામકાજ શરૂ કરતાં—

મે. પ્રમુખ સાહેબે જણાવ્યું કે–

ભાઇઓ ! આપ સઘળાની સંમતીથી ગઇ કાલે ના. વૉઇસરોય તરફ ભક્તિભાવ દર્શાવનારો જે ઠરાવ પસાર થયો છે તે તે નામદારને મોકલી આપ્યો છે એટલે એ આ બેઠક વખતે પસાર થયેલા ઠરાવો પૈકીનો પહેલો ઠરાવ ગણાશે. હવે આપણા નામદાર શહેનશાહ પ્રત્યે જે ભક્તિભાવ છે તે તાજો કરી આપવા માટે હું બીજો ઠરાવ રજુ કરૂં છું જેને આપ સઘળા તાળીઓથી વધાવી લેઈ પોતાની સંમતી દર્શાવશો.

ઠરાવ ૨ જો.

"આ સમાજ આપણા ના. શહેનશાહ અને શહેનશાહ બાનુનું દીર્ઘાયુષ્ય ઇચ્છે છે." (તાળીઓ.)

ઉપરનો ઠરાવ પસાર થયા બાદ દેશાઇશ્રી લાલસિંહજીભાઇએ નીચે જણાવેલો ઠરાવ રજુ કર્યો હતો.

ઠરાવ ૩ જો

"વિદ્યા એ સાચુ ધન અને મોટામાં મોટી શક્તિ હોવાથી દરેક બન્ધુઓએ પોતાનાં સંતાનોને બને ત્યાં સુધી કેળવણી આપવી."

ઉપરનો ઠરાવ રજુ કર્યા બાદ તેમણે જણાવ્યું કે ગૃહસ્થો મેં રજુ કરેલો ઠરાવ આપણી સમાજ કરે છે અને તેનું કારણ એ છે કે વિદ્યાના ફાયદા આપણે સમજીએ છીએ. જેઓ કેળવાયેલા નથી તેમની સ્થિતિ ઢોર જેવી જણાય છે અને ઢોરની યોનીમાં પોતાને ખપાવે છે. બે હજાર વર્ષોપર ઇંગ્લાંડની પ્રજાની સ્થિતિ આપણાં ગામડાં કરતાં પણ હલકી હતી, આજે તેઓ કેળવણીથીજ આપણા કરતાં આગળ વધ્યા છે અને સર્વોત્તમ ગણાય છે, તેમજ આપણે પણ તેમને સુખી માનીએ છીએ તે સઘળાનો પ્રતાપ કેળવણી છે. આપણા લેઉવા બન્ધુઓએ સારી કેળવણી લીધી છે અને આપણે પણ લઇએ છીએ જેથી ભવિષ્યમાં તેના ફાયદા જણાયા સિવાય રહેશે નહિ. ધાર્મિક અને નૈતિક કેળવણી બહુ ઉચ્ચ પ્રકારની છે, તેનાથી પુત્રો પિતાને તારે છે કે જે કારણ માટે પુત્ર જન્મનો હેતુ છે. પિતાને તારે તેવા પુત્ર આપણને જોઇએ છીએ જેથી તેમને કેળવણી આપવાની ઘણી આવસ્યકતા છે. અમેરિકાના ખેડુતો આજે કરોડપતિ બન્યા છે તેનું કારણ પણ કેળવણીજ છે, માટે આપણે કેળવણી લેવાથી સારી સ્થિતિમાં આવી શકીશું.

રા. હરીલાલ રણછોડદાસ માસ્તરે ઉપરના ઠરાવને ટેકો આપતાં ઘણુંજ અસરકારક ભાષણ વાંચી સંભળાવ્યું જેનો સાર એ હતો કે.–

માત્ર ભણવું એનોજ અર્થ કેળવણી લેવી એવું નથી કેળવણીનો અર્થ ઘણો ઉંડો છે. મારા સ્કુલ સુપરવાઇઝર તરિકેના અનુભવ ઉપરથી હુ કહુંછું કે સાત ચોપડી ભણેલા એવા હજારો છોકરા મેં જોયા છે પણ તે કેળવાયેલા છે એમ કહેવાય નહિ. ભણવુ અને ગણવું એ બંને હોય ત્યારે કેળવણી લીધી છે એમ કહેવાય. શારીરિક, માનસિક અને અધ્યાત્મિક શક્તિઓ ખીલે ત્યારે કેળવાયેલા છે એમ કહેવાય. તેઓ પોતાનું અને જગતનું કલ્યાણ કરી શકે એવા થાય એજ કેળવણી લેવાનો હેતુ છે. ભણીને નોકરીઓ કરવી એટલા પુરતોજ કેળવણીનો આશય સમજવો જોઇએ નહિ વગેરે અનેક સદ્બોધો અને ગૃહસંસાર ઉત્તમ કેવી રીતે બનાવી શકાય અને તે માટે કેવા પ્રકારે કેળવણી લઇ સ્ત્રી તથા

પુરૂષોએ તૈયાર થવાની જરૂર છે તે ઘણું સ્પષ્ટ રીતે સમજાવ્યું હતું તેમજ કેળવણીથી જે મુખ્ય ફાયદાઓ થાય છે તેનું વિગતવાર બ્યાન આપી નીચે જણાવેલા દશ મુખ્ય ફાયદાઓ કેળવણી લેવાથી થાય છે તેની શ્રોતાઓના મનમાં સારી છાપ બેસાડી હતી.

(૧) તેનાથી પૈસા પેદા કરતા થવાય છે. (૨) શરીર સાચવતાં આવડે છે. (૩) ફાયદા અને ગેરફાયદાઓ સમજવાની શક્તિ આવે છે. (૪) હૃદય હિંમતવાળુ, દૃઢ અને સાહસિક થાય છે. (૫) કેળવણીથીજ સુખ મળે છે. (૬) સંતતિ સારી ઉછરે છે. (૭) વ્યવહારમાં વિવેક કરતાં આવડે છે. (૮) દાવકાઈ આવે છે. (૯) ચાલાકી આવે છે. (૧૦) મન વિશાળ થાય છે. આ દરેક ફાયદાઓ કેવી રીતે થાય છે તે વિગતવાર સમજાવ્યા બાદ આપણા દેશની અન્ય જ્ઞાતિઓએ પોતાનાં બાળકોને કેળવણી આપવા માટે જે જે સમગ્ર હીલચાલવાળા પ્રયાસો કર્યા છે તેનું દિગ્દર્શન કરાવી આપણા માટે કયા માર્ગ શ્રેષ્ટ છે તે પણ સમજાવ્યું હતું. અને તે ઠરાવ સર્વાનુમતે પસાર થયા બાદ નીચેનો ઠરાવ દેશાઈશ્રી લાલસિંહજીભાઇએ રજુ કર્યો હતો.

ઠરાવ ૪ થો.

"ઑા. ગોખલેના પ્રાથમિક કેળવણીના બીલને આ સમાજ સંપૂર્ણ ટેકો આપે છે ઉપરાંત આપણી કોમ કેળવણીમાં ઘણી પછાત હોવાથી તેમને પ્રાથામક કેળવણી મફત અને ફરજ્યાત આપવાની ના. દયાળુ સરકારને વિનંતી કરવાનો આ સમાજ ઠરાવ કરે છે."

ઉપરનો ઠરાવ રજુ કરતા તેમણે જણાવ્યું કે પ્રાથમિક કેળવણીનો ખરડો ના. વૉઇસરોયની કાઉન્સીલમાં આપણા દેશભક્ત ઑા. મી. ગોખલેએ રજુ કર્યો હતો અને સ્થાનિક સરકારોના અભિપ્રાય માટે તે મુલતવી રહ્યો છે તેમજ સ્થાનિક સરકારોને પણ જાતિઓના અભિપ્રાય જાણ્યા સિવાય તે વિષે ચોક્કસ મત આપી શકાય તેમ જણાતું નથી માટે આપણે આ ઠરાવ પસાર કરી આપણી જ્ઞાતિ તરફથી મોકલી આપવો જોઇએ. આપણને તેનાથી ફાયદો થવાનો હોવાથી આપણે લાભદાયક ઠરાવ પસાર કરીએ છીએ અને હિન્દુસ્થાનની ઘણી કોમો પ્રાથમિક કેળવણી મફત મળે તે માટે પ્રયાસ કરે છે તેમ આપણે કરીએ છીએ. કેળવણી વિષે ઘણું કહેવાયું છે એટલે આપનો વિશેષ વખત લેતો નથી. આ ઠરાવને ટેકો આપતા—

મી. કેસવલાલ માધવલાલ વકીલે જણાવ્યુ કે જે ઠરાવ આપણે પસાર કરીએ છીએ તેની મતલબ આપ સઘળા સમજ્યા હશો. કુમારશ્રી લાલસિંહજીભાઇએ તે રજુ કર્યો છે અને હુ તે ઠરાવને અનુમોદન આપુંછું. આગળના સવાલમાં કેળવણી વિષે ઘણું બોલાયું છે પરંતુ તે ફરજ્યાત અને મફત મેળવવા માટે આપણે ના. સરકારને અરજ કરવાની છે. ના. ગાયકવાડ સરકારે પોતાની પ્રજાના કલ્યાણને માટે આવો ઠરાવ કર્યો છે અને ઘણાં થોડાં વર્ષમાં તે પ્રજા કેળવણામાં આગળ વધશે એટલે વિદ્યા પ્રાપ્ત કરી હોય તેવા ખેડુતો ખેતીવાડી પણ સારી કરી શકશે. દરેક માણસ પ્રાથમિક કેળવણી લીધા સિવાય લાયક ગણાતો નથી માટે આપ સઘળા ભાઇઓ ના. સરકારને તે માટે અરજ કરવામાં સામેલ થશો. (તાળીઓ) ઉપરના ઠરાવને વિશેષ અનુમોદન આપતાં મી. જીવણલાલ અમૃતલાલ

અમદાવાદવાળાએ જણાવ્યું કે આ ઠરાવને હું અંતઃકરણથી ટેકો આપુંછું. કેળવણી લેવાજ જોઇએ પરંતુ પૈસા વગર તે લઈ શકાતી નથી અને તે લેવા માટે આપણી પાસે પૈસા નથી. આપણે માત્ર બોલીનેજ કાર્ય કરવાનું નથી કારણ જેમ પાયા વગર મકાન રહેતું નથી તેમ પૈસાની પહેલી જરૂર છે. આ સમાજે તે માટે દરેક વખતે ઘણી મહેનત અને ખંતથી પ્રયાસ કર્યો છે જેથી તેના મેમ્બરોને ધન્યવાદ ઘટે છે. સમાજની આ ત્રીજી બેઠક છે અને તેમાં દરેક પ્રકારના વિષયો ચર્ચાય છે, પરતુ ઘણા બન્ધુઓ અજ્ઞાન છે તેમને કેળવવા અને ઉત્તેજન આપવું તે મુખ્ય કર્તવ્ય છે, છેલ્લાં ત્રણ વર્ષો થય જે કાંઇ થયું છે તે આ સમાજનાજ પ્રતાપે થયું છે. ના. દરબારશ્રીને ત્યાં થયેલો મેળાવડો તે પણ આપણા પ્રયાસને લીધેજ હતો ત્યાં "મહામંડળ" ની સ્થાપના થઇ છે તેમાથા ગરીબોને કેળવણી લેવામાં ઉત્તેજન મળશે એવી આશા છે.

ઉપરનો ઠરાવ સર્વાનુમતે પસાર થયા બાદ નીચે જણાવેલો ઠરાવ ગોંડલ સ્ટેઇટના કૃષિ ઉપદેશક રા. ગોકળદાસ કાનજીભાઈ ઉપલેટાવાળાએ રજુ કર્યો હતો.

ઠરાવ ૫ મો.

"ખેતીવાડી આ દેશનો મુખ્ય આધાર હોવાથી તે સંબંધી ગુજરાતી ભાષામાં કેળવણી આપવા, બનતી ત્વરાએ અમદાવાદ શહેરમાં એક ખેતીવાડીની સ્કુલ ઉઘાડવા ના. દયાળુ સરકારને આ સમાજ વિનંતી કરે છે."

આ ઠરાવ રજુ કર્યા પછી રા. ગોકળભાઇએ જણાવ્યું કે ખેતીવાડી ઉપર માત્ર વેપારરોજગારનોજ નહિ પરંતુ રાજયનો આધાર પણ તેના ઉપર છે. દુનિયાંની દરેક વસ્તુઓ જમીનમાંથીજ પેદા થાય છે અને એટલા માટે આપણા ઋષિ મુનિઓએ ખેતીવાડીને ઉત્તમ ગણી છે. આવી ઉત્તમ ખેતી મૂકીને નોકરી પસંદ કરવાથા ઘણા માણસો અધમ દશામાં આવી ગયા હશે પરંતુ તેમના નબળાઇનુંજ એ કારણ છે. ખેતીવાડી બગડી જવાનું મુખ્ય કારણ ખેડુતોની દેવાદાર સ્થિતિ છે, એટલે સેંકડે ૫૦ ટકા જેટલા ખેડુતો કરજદાર હોય છે. ખેતી કરનારનો મોટો ભાગ એટલે લગભગ ૬૦ ટકા જેટલા ખેડુતો સાધન સપન્ન વગરના છે એમ કહીએ તોપણ ચાલે. આ પ્રમાણે ખેડુતોની નબળી દશા થવાનું કારણ કેળવણી અને ધનનો અભાવ છે. ખેતીવાડી ઉત્તમ બનાવવા માટે ઘણા સુધારાઓ કરવાની જરૂર છે તે બાજુએ મૂકી કુધારારૂપી ઉંડાં ખરચો કરતા જાય છે પરિણામે પૈસે ટકે દુ:ખી હોવાથી તેમની જમીનો પણ રસેકસે ઉતરતી જાય છે. સુધારાઓ તરફ વિરોધ જણાવાનું મુખ્ય કારણ કુસંપ છે અને બીજાં પણ કેટલાંક કારણો છે, પરતુ જ્ઞાન સંપાદન કરવામાં કુધારારૂપિ રિવાજો આડા આવે છે તેમાં શંકા જેવું કાંઇજ નથી. ખેતીવાડી એ સાધારણ વિષય નથી તેમાં પણ જ્ઞાન સંપાદન કરવાની જરૂર પડે છે અને તે વિદ્યા પ્રાપ્ત કર્યા સિવાય મળી શકતું નથી. જ્ઞાન એટલે બુદ્ધિ છે, તેને અક્કલ કહો તોપણ કોઇ કાર્ય તેના સિવાય થઇ શકે નહિ. ખેતીવાડીમાં તર્ક કરવાની પણ જરૂર પડે છે અને કેળવણી લીધા સિવાય તર્કશક્તિ ખીલતી નથી. જેવી રીતે વૈદકશાસ્ત્રનો અભ્યાસ કર્યા વિનાના ઘણા વૈદો ઉંટવૈદાં કરે છે તેમ ખેતીવાડીનું પણ છે, એટલે ખેતીવાડીના શાસ્ત્રનો અભ્યાસ કર્યા સિવાય પહેલાંના વખતમાં બાપદાદા કરતા હતા તેમ સમજી કરે જવાથી ઉત્પન્નમાં

ઘણુંજ ઓછું આવે છે; આગળની કહેવત પ્રમાણે એક વખત વાવીને સાતવાર લણુવાનો પ્રસંગ જતો રહ્યો છે. અત્યારે તો સાતવાર વાવીએ તોપણ એટલું ઉત્પન્ન આવતું નથી. આપણી જમીનો ઉતરી ગઈ છે તેને સુધારવા માટે મહેનત, બુદ્ધિ અને પૈસાની એક સરખી જરૂર છે. આપણી આ સમાજ અને જ્ઞાતિના અન્ય બંધુઓ ખેતીવાડી સબંધી જે પ્રયાસ કરે છે તેના શુભ પરિણામો આવો! એવી આપણે પ્રભુ પ્રત્યે પ્રાર્થના કરવી જોઇએ. આપણી સ્થિતિ ઘણીજ નબળી થઈ ગઇ છે એટલે જમીનો પણ નબળી થઇ જાય તેમાં નવાઇ શુ છે? ઉપર પ્રમાણે ભાષણ કર્યાબાદ ખેતીવાડીના કામકાજમાં–વાવવા, નીંદવા અને ખેડવા વગેરે પ્રકારનું સ્પષ્ટિકરણ કરી ખેતીવાડીની પદ્ધતિ વિષે ઘણું સારૂં જ્ઞાન સમજાવ્યું હતું, અને ખેતીનાડી સુધારવા માટે તે સંબંધી જ્ઞાન પ્રાપ્ત થઇ શકે તેવી નિશાળોની જરૂરીઆતો વિષે સમજાવ્યા બાદ–

ટીકરવાળા રા. શીવલાલભાઇએ ઉપરના ઠરાવને ટેકો આપતાં જણાવ્યું કે–રા. ગોકળદાશભાઇએ ખેતીવાડી વિષે આપણને ઘણું કહ્યુંછે તોપણ બે શબ્દો કહેવાની હું રજા લઉછું. ભાઇઓ! અત્યારે આપણી કોમ ખેતીવાડી કરનારી છે એમ કહીએ તોપણ ચાલે, એટલે જે મુખ્ય ધંધો ખેતીવાડી છે તેના ઉપર આપણા ગુજરાનનો આધાર રહેલો જણાય છે. કવિ શિરોમણી સામળભટે સત્ય કહ્યું છે કે "કણબી પાછળ કરોડ, કણબી કોઇ વાંસે નહિ" મતલબ કે આખા દેશનો આધાર ખેતી કરતી કોમ ઉપર છે એ તેમણે બતાવી આપ્યું છે, અને દીર્ઘદૃષ્ટિથી વિચાર કરીએ તો રાજ્યની તિજોરીનો આધાર પણ ખેતીવાડી ઉપરજ જણાય છે. આવી જે મુખ્ય ખેતીવાડી તેનું શાસ્ત્ર શિખવા માટે ઘણીજ જરૂર છે, અને તેથી તે સંબંધી જ્ઞાન આપનારી શાળાઓ ઉઘાડવા માટે આપણે ના. સરકારને વિનંતી કરીએ છીએ. ખેતીના જ્ઞાનના અભાવે આપણી સ્થિતિ નબળી થઇ ગઈ છે તેમાં પણ મજુરી મોંઘી થઇ જવાથી આપણને વિશેષ નુકસાન થયું છે. ઘણી જગ્યાએ જોઇશું તો બીજા ધંધાદારીઓ, નોકરો, કારીગરો કે મજુરો કરતાં પણ આપણી સ્થિતિ હલકા પ્રકારની થઇ ગયેલી જણાય છે, તેનું કારણ ખેતીવાડીના જ્ઞાનનો અભાવ અને સાધનો મેળવવાની મુશ્કેલી સિવાય બીજું સમજાતું નથી. બીજા દેશની ખેતીવાડીનાં ઉત્તમ પ્રકારનાં, સુધરેલી ઢબનાં દરેક જાતનાં સાધનો અને તેમનું જ્ઞાન જોઇ આપણને ખ્યાલ આવે છે કે કેટલા વર્ષો સુધી પ્રયત્ન કરીશું ત્યારે આપણે તેમના જેવી સ્થિતિ પ્રાપ્ત કરી શકીશું તેનો આપણા આગેવાનોએ પણ ખાસ વિચાર કરવાની જરૂર છે. ખેતીવાડીનું જ્ઞાન મેળવવા માટે જે સ્કુલની જરૂર છે, તેવી સ્કુલ અમદાવાદમાં ઉઘાડવાની ના. સરકારને હુ પણ વિનંતી કરૂં છું અને આ ઠરાવને અંતઃકરણથી ટેકો આપું છું.

રા. તુલસીદાસ ગોપાળદાસે આ ઠરાવને અનુમોદન આપતાં જણાવ્યું કે મારી પહેલાંના ઘણા બન્ધુઓએ આ ઠરાવની આવશ્યક્તા વિષે આપને સમજાવ્યું છે અને હું પણ એજ કહું છે કે દુનિયાના બીજા દેશો આજે સમૃદ્ધ થઇ ગયેલા જણાય છે તે પણ ખેતીવાડીનોજ પ્રતાપ છે. આપણે અનુભવી અને ડાહ્યા પુરૂષોના કહેવા ઉપર ઓછું લક્ષ આપીએ છીએ, અને ઘણી વખતે અજ્ઞાન માણસો કોઈ પણ વાતનું લક્ષ નહિ આપતાં સુધારાને હસી કહાડે છે. તેવા અજ્ઞાન પુરૂષોને લીધે આપણી જ્ઞાતિનો મોટો ભાગ આગળ વધી શકતો નથી એમ મારે કહેવું જોઇએ. આપણે સુધરતા નથી ત્યાં સુધીજ ગરીબ છીએ પણ

કુધારાઓ કહાડો અને સુધરેલી કે અનુસરતી પદ્ધતિ પ્રમાણે તમે દરેક પ્રકારના રિવાજો કે કામકાજ કરો એટલે તમે કરોડોપતિ થશો તેમાં નવાઇ જેવું નથી. અમેરિકાના ખેડુતો જંગલી સ્થિતિમાંથી કરોડોપતિ થયા છે, તેનું કારણ તપાસો! ખેતીવાડીનું જ્ઞાન સંપાદન કરવા માટે શારીરિક અને માનસિક એવી બંને પ્રકારની સંપત્તિની જરૂર છે, તે પ્રાપ્ત કરો અને ખેતીવાડીના શાસ્ત્રનો અભ્યાસ કરો. કૃષિશાસ્ત્રના,અભ્યાસ માટે જે સ્કુલની જરૂર છે, તે ઠરાવને ટેકો આપવાની મને જે તક આપવામાં આવી છે, તે માટે હું આપનો ઉપકાર માનું છું.

રા. ખુસાલદાસ વેલજીભાઇ ગાબટવાળાએ આ ઠરાવને ટેકો આપતાં આપણા દેશની ખેતીવાડીની પ્રાચિન તેમજ અર્વાચિન ઉત્પન્ન વિષે ઘણું સારૂં અજવાળુ પાડયુ હતું અને ખેતીવાડી ઘણી ઉતરી ગઈ છે, તે દાખલા દલીલોથી સમજાવ્યા બાદ ખેતીવાડીની સ્કુલની કેટલી જરૂર છે તે પણ સમજાવ્યું હતુ. ત્યાર પછી

શેઠ ગોરધનભાઈ મોહનલાલે આ ઠરાવને ટેકો આપતાં વિલાયતી યંત્રોવડે ખેતીવાડી કરવાથી થતા ફાયદા સમજાવ્યા હતા અને તે માટે લેવા જોઇતા ઉપાયો જણાવ્યા પછી ખેતીવાડીનું જ્ઞાન મેળવવાની જરૂરીઆતનો પોતાનો જાત અનુભવ સમજાવ્યો હતો. ત્યાર બાદ આ ઠરાવને અમદાવાદવાળા શેઠ માણેકલાલ કેશવલાલ જીવાભાઇએ પણ ટેકો આપ્યા પછી સર્વાનુમતે પસાર થયો હતો.

ઠરાવ ૬ ઠો.

"મરણ પાછળનાં જમણો અશાસ્ત્રોકત તેમજ નીતિ વિરૂદ્ધ અને ખર્ચાળ હોવાથી તેનો બને તે રીતે અટકાવ કરવા આ સમાજ સઘળા જ્ઞાતિ બંધુઓને ભલામણ કરે છે."

રા. કાળીદાસ હરજીવનદાસે ઉપરનો ઠરાવ રજુ કરતાં જણાવ્યું કે, મરણ પાછળનાં જમણો શાસ્ત્ર વિરૂદ્ધ છે તે વાત સર્વમાન્ય થઇ ગઇ છે, કારણ કે તેનો કોઇ જગ્યાએ આધાર નથી. ગરૂડપુરાણુ જેવાં પુસ્તકોમાં પણ નથી. દેવ મંદિરોમાં મરણ નિમીત્તનું સીધુ-આટો, દાળ સ્વિકારવામાં આવતું નથી કારણ કે તે શાસ્ત્ર વિરૂદ્ધ છે, ધર્મ વિરૂદ્ધ છે. મરણુ પાછળનાં જમણો મરનાર પામે તે માટે કરવામાં આવે છે, એવું ધતિંગ હવે ચાલતું નથી કારણ આપણે સમજ્યા છીએ કે ધર્મને બહાને એક પ્રકારનો આ ઢોંગ ચાલે છે એક મુસાફર કહે છે કે જો હિન્દુસ્થાનમાં ઢોંગ ચલાવવો હોય તો ધર્મને બહાને, ઈગ્લાંડમાં રાજદ્વારી હીલચાલને બહાને અને અમેરિકામાં સંસાર સુધારાને બહાને ચાલે છે. સાધુઓનો વેષ ધારણ કરીને આવેલા વાઘરી લોકો ધર્મને બહાને કેવા છેતરી જાય છે? સ્ત્રીઓમાં કેટલીક અંધ માન્યતાઓ હોય છે તેમને ઉપદેશો આપી કેળવવી જોઇએ મરણ જેવા શોકને ટાણે ઉલટું જમણુ કરવું તે કેવું નઠારૂં જણાય છે. પંગતમાં તે પ્રસંગે લો લાડુ! લાડુ તમારે! બોલાય છે, તે શું કોઇનું મરણ થયાનો શોક દેખાડે છે? રોવા કુટવામાં કોઇ કચાસ રાખે તો બૈરાંઓ વાંધા પાડે છે, કોઈ કાંણે આવી શકે નહિ તો શોકની મહત્તા ઘટી જાય છે, પણ મરણુ થયા પછી દશ બાર દિવસે અને તેજ માણસના મરણ નિમીત્તે લાડુ ઉડાવવા એ શોકના કે લોહીના લાડુ છે. અને તે જમવામાં મહાપાપ છે. તેમજ

મરણ થયાને થોડાજ દિવસો થયા હોય તે પ્રસંગે કપડાં લત્તાંથી શણગારાઇને ઠાઠમાઠથી પંગતમાં મહાલવું તે કેટલું નીતિ વિરૂદ્ધ છે તે પણ આપ સમજતા હશો.

સેંકડો રૂપિઆનાં આધણો મુકયા સિવાય આવાં ખરચો પણ થતાં નથી એટલે ખરચો કરવામાં જર અને જમીન બંને મુકી ખાધાં છે, તે નામદાર સરકારે હમણાં ખેતી-વાડીનો કાયદો કર્યો છે તે ઉપરથી જાણી શકાય છે. રળીખાવાનું જે મુખ્ય સાધન જમીન તે મુકી ખાવા પછી કેવી રીતે વહેવારમાં નભી શકાય! તેમાં નીરાધાર થઇ ગયા કે કોઇ મદદ પણ કરે નહિ! મરણ પાછળનાં ખરચો કરવા માટે કેટલાક દુષ્ટ માણસો અનેક પ્રકારની ખટપટો અને હીલચાલો કરે કરાવે છે, છેવટે નનામા કાગળો પણ લખાવે છે. આ પ્રમાણે થવાથી કેટલાક નબળા મનના અને અજ્ઞાન બંધુઓ ગભરાઇને પ્રેત ભોજનો કરવા માટે લલચાઇ પડે છે. ભાઇઓ! આવાં કારજો નહિ કરવામાંજ આબરૂ છે અને તે કરતાં પણ વિશેષ તો મરણ પાછળનાં જમણો નહિ જમવામાં છે, માટે દરેક ભાઇએ તે નહીં જમવા માટે પોતાના મનથી પ્રતિજ્ઞા કરવી જોઇએ. મરણનાં જમણો બંધ કરવા માટે દરેક સમજુઓ તરફથી કહેવામાં આવે છે, પરંતુ જ્યારે ગૃહસ્થો અને ઇજ્જતવાળા માણસો આવાં ખરચો નહીં કરે ત્યારેજ તે બંધ થશે; પ્રથમ તેમણે આ ખરચો અટકાવવાં જોઈએ જેથી નહીં કરવાનો રીવાજ થઈ જશે. (તાળીઓ.) આ ઠરાવને અમદાવાદવાળા શેઠ કાળીદાસ મોહનલાલ અને બાપુ જમનાદાસે અનુમોદન આપ્યા પછી

રા. છગનલાલ પિતામ્બરદાસે આ ઠરાવને વિશેષ અનુમોદન આપતાં જણાવ્યું કે, મારા પાટીદાર ભાઇઓ! હવે તો હદ થઇ છે! મરણ પાછળનાં ખરચો વિષે ઘણું કહેવાયું છે. આપણા પૈસાની પાયમાલી થઈ તે સાથે આપણી જીંદગીની પણ થઇ છે. હવે કાંઇક સમજ્યા છીએ અને તે ખુશી થવા જેવું છે. ગઇ સાલમાં કલોલના એક પાટીદારે રૂપિયા ૧૪૦૦ ખરચીને તેનાં માબાપ પાછળ ખરચ કર્યું હતું. તેને પરસોતમ હરગોવન નામના વાણીએ તે લેણું વસુલ કરવા જેલમાં! પુરાવ્યો હતો!! કહો હવે શું બાકી છે? આ હકીકત બધા લોકો જાણે છે. આવી બે ત્રણ તકરારો મેં ચૂકવી છે અને એવી રીતે દેવાદારો કહે છે કે, છોડીઓ વોળાવીશું–સાસરે મોકલીશું–એટલે દેવું ભરીશું! (મતલબ કે છોડીના પૈસા લઈ તેને વેચી માબાપનું ખરચ કર્યુ તેમાં આપીશું.) આપણે આવાં ખરચો કરીનેજ ઘર અને જમીનો મુકી ખાધાં છે. કારણ આપણે કોઇ એવો વેપાર નથી અથવા ઘર ખરચ નથી કે તેમાં ખાદ જાય. કેટલીક વખતે છોકરો પરણ્યા વગર રહી જતો હોય તો ઘર જમીન ગીરો મુકાય છે, પણ આ બધાં અધર્મવાળાં ખરચોમાં વાણી-આઓને રજીષ્ટર દસ્તાવેજો કરી આપ્યા હોય છે, એટલે ત્રણ પહેડી સુધી પણ તે છોડાવી શકાતાં નથી. આવાં ખરચો અટકાવો એજ સુધારો છે. કેટલાક કહે છે કે, માએ મોટા કર્યા માટે તેનું ખરચ કરીને તેની પાછળ મોકલવું જોઇએ! ભાઇઓ! આ બધું ખોટું અને ઢોંગ છે. કેટલાક લોકો પોતાનો સ્વાર્થ સાધવા માટે આવું ઉંધુ સમજાવે છે. હવે શીરાનો જે સ્વાદ વળાદ! છે તે કહાડી નાંખો. પારકુ રંધેલું ખાવાની દાનત રાખવી તે સારૂ નથી તેથી તો નર્કમાં જવાય છે. અમારી તરફ કારજો બંધ કરવાથી સ્થિતિ સુધરતી આવે છે, તેનો હું એકજ દાખલો આપીશ કે અમે ૧૬ આની અને બીજા વિભાગવાળાએ આઠ

આની સરકારી બાકી ભરી છે. તે વગેરે ઘણાજ અસરકારક શબ્દોમાં દાખલા દલીલોથી સમજાવ્યા બાદ કહ્યું કે આ રિવાજ જૂનો છે એવું લોકો કહે છે, પરંતુ ચાણસ્માવાળા પા. પરભુદાસ બાભઈના મૂખે મેં સાંભળ્યું છે કે, માત્ર એકસો વર્ષથીજ આ રિવાજ ચાલુ થયો જણાય છે: ત્યારબાદ બાવળાવાળા—

મી. પુરૂષોત્તમદાસે પણ એજ મતલબનું વિવેચન કરી આ ઠરાવને ટેકો આપ્યો અને તે સર્વાનુમતે પસાર થયો હતો. ત્યાર બાદ **માધાના પિતાનું પ્રેમભોજન** યાને **કારજની કહાણી*** નામે આખ્યાન દે. અમરસિંહજીભાઇએ તૈયાર કરેલું તે સભાસદો તેમજ દરેક જ્ઞાતિ બંધુઓની સમક્ષ કરી બતાવવાનું હોવાથી લગભગ પોણા ચાર વાગે બેઠકને લગતું કામકાજ ખલાસ થયું હતું અને આખ્યાન થઇ રહ્યા બાદ સબજેક્ટ કમીટિના મેમ્બરોને ઠરાવો પસંદ કરવા માટે મીટિંગમાં હાજર થવાની સૂચના આપવામાં આવી હતી.

લગભગ ચાર વાગે ઉપરોક્ત આખ્યાન સંગીતનાં સાજ સાથે રા. અમરસિંહભાઈ તથા મી. પુરૂષોત્તમ તંત્રી અને મી. કેશવલાલ વકીલે કર્યું હતું. આખ્યાનની વસ્તુ–નાયક અને નાયિકાનું ચરિત્ર ખરેખર એક બનેલી હકીકત ઉપરથીજ ઉપજાવી કહાડવામાં આવ્યું હતું, માત્ર નામ ઠામ પુરતોજ લેખકે ફેરફાર કર્યો હતો. આખ્યાનનો પૂર્વરંગ ઘણો લંબાઇ જવા છતાં શ્રોતાઓને રસ પડવાથી તે દિવસે પૂર્વરંગનોજ ચિતાર આપી આવતી કાલ ઉપર આખ્યાન મુલત્વી રાખવામા આવ્યું હતું. "**અમર**" ની કવિત્વશક્તિથી ભાગ્યેજ આપણા બન્ધુઓ અજાણ રહ્યા છે. તેનાં ગાયનો એવાંતો કર્ણપ્રીય, સરળ અને રસિક થઇ પડયાં છે કે, આ લેખકે મુંબઈની લોકલ ટ્રેનોમાં પણ તે ગાતાં અન્યજ્ઞાતિના ગુજરાતિઓને જોયા છે. આખ્યાન વિષે અમારે ઘણું કહેવાનું છે, પરંતુ સ્થળ સંકોચનેલીધે તેનું અવલોકન કરી શકાયું નથી, પ્રસંગોપાત આપીશું. ઉપરોકત આખ્યાન ખલાસ થયા બાદ સાંજરે સબજેકટ કમીટિએ ઠરાવો પસંદ કરવાનું કાર્ય કર્યું હતું, અને આવતી કાલે સવારના સાડાઆઠ વાગ્યા ઉપર સમાજની બેઠક મુલત્વી રહી હતી.

તા. ૩૦–૧૨–૧૨ નો છેલ્લો દિવસ.

સવારનાં દાતણ પાણી અને ચાહ વગેરે લીધા બાદ લગભગ સાડાઆઠ વાગ્યાથી સભાસદોએ મંડપમાં આવવા માંડયું હતું અને પ્રમુખ સાહેબના આવી ગયા બાદ નવ વાગતાં કામકાજની શરૂઆત કરવા પહેલાં મી રતીલાલ અંબારામ સ્વયંસેવકે એક કવિતા ગાઇ સંભળાવી હતી અને ત્યાર પછી બેઠકને લગતું–ઠરાવ પસાર કરવાનું કાર્ય આગળ ચાલ્યું હતું.

ઠરાવ ૭ મો.

" આપણી જ્ઞાતિના જુદા જુદા વિભાગોમાં ચાલતા કન્યા વિક્રયના રિવાજને સંદતર નાબુદ કરવાનો આ સમાજ ઠરાવ કરે છે. "

*"સતી આખ્યાન"ની માફક પ્રેતભોજનના આખ્યાનનાં ગાયનોની ચોપડી મુંબઈ નિવાસી રા. નારાયણજીભાઈ મીસ્ત્રીએ છપાવી આપી છે, તેની કિંમત એક આનો છે. પુસ્તકની ઉપજ સમાજના ઉપદેશક ફંડમાં લઇ જવાની રા. નારાયણજીએ જે ઉદારતા બતાવી છે તે ખાતે તેમને ખરેખર ધન્યવાદ ઘટે છે. **સદરહુ આખ્યામનાં ગાયનની ચોપડીઓ સમાજની ઓફીસેથી મળી શકે છે.**

ઉપરનો ઠરાવ રજુ કરતાં લાડોલવાળા રા. જેશીંગભાઇએ શરૂઆતમાં પરમાત્માની કૃતિ વિષે એક ભજન ગાવામાં ઉદ્યમ કરી ધન પ્રાપ્ત કરવાની, તેમજ અહંકારનો ત્યાગ કરવામાં બુદ્ધિની શ્રેષ્ટતા વિષે વિવેચન કર્યું હતું. કૂળવાનો છાએ એમ સમજી અહકાર કરનારાઓને જે પાપ લાગે છે, તે સમજાવ્યું હતું અને છેવટે કન્યાનું દાન આપવાને બદલે જે માણસો પૈસા લેછે, તે કૃત્ય કેટલું નીચ છે તે યુક્તિ અને દ્દષ્ટાંતથી સમજાવ્યું હતું એક,, રજસ્વલા સ્ત્રી કુતરાંની ખોપરીમાં અનાજ રાંધતી હતી છતાં કન્યાવિક્રય કરનાર માણસનો પડછાયો તેના ઉપર પડવાથી તે અન્ન અભડાઇ ગયું એમ સમજી ફેંકી દીધું અને ખાધું નહિ." આ વાર્તાનું દ્દષ્ટાંત એવું તો સચોટ સમજાવ્યું હતું કે શ્રોતાઓ ઉપર તેની ઘણીજ ઉંડી અસર થઇ હતી.

રા. મોતીલાલ કહાનદાસ કઠલાલ વાળાએ ઉપરના ઠરાવને અનુમોદન આપતાં જણાવ્યું કે કન્યાવિક્રયથી મહા પાપ લાગે છે, અને તે એક અધર્મ છે; તેજ પ્રમાણે વર વિક્રય કરવો એટલે પૈસાની ખાતર પોતાના પુત્રને લાયક નહી હોય તેવી કન્યાઓ સાથે લગ્નની ગાંઠથી જોડી દેવો તે પણ ઓછું પાપ નથી. આવા પ્રકારના વિક્રયાથી ઘર સંસાર અકારો થઇ પડે છે, અને છુટા છેડા વગેરે કરવાના પ્રસંગો આવે છે, માટે આ ઠરાવ કેટલો અગત્યનો છે તે તરફ હું આપ સઘળાનું ધ્યાન ખેંચું છું.

રા. ગોકળદાસ કાનજીભાઇ ઉપલેટાવાળાએ ઉપરના ઠરાવને વિશેષ અનુમોદન આપતાં કહ્યું કે, ભાઇઓ! કન્યા વિક્રયનો રિવાજ શાસ્ત્ર વિરૂદ્ધ છે. એક શ્લોકમાં કહ્યું છે કે, દીકરીનો પૈસો ખાનાર માતા તેનુ કાળજું અને બાપ તેનું માંથું ખાય છે; વળી તેમાંથી જમનાર માણસો તેના રૂધીરનું પાન કરે છે ! તદુપરાંત તે કન્યાની માતા, ભાઇ, બાપ વગેરે પિત્રાઇઓ રૌ રૌ નર્કમાં જાય છે. મેરૂ સમાન ઢગલાઓ ભસ્મ થઇ જાય છે, ગંગામાં નહાવાથી પાપ જતું રહે છે પરંતુ કન્યાવિક્રયનું પાપ નાશ પામતું નથી. ગુરૂની સ્ત્રી સાથે ગમન, અને પ્રેત ભાગ—બારમાના પિંડનું ભોજન—ચામડામાં લઇને ખાવું તે દરેક કરતાં કન્યાના પૈસા લેવા તે વધારે ખરાબ છે. પારધીઓ બીજાં અન્ય પ્રાણીઓનો નાશ કરે છે, પરંતુ કન્યાવિક્રય કરનાર માબાપો તો પોતાનાજ બાળકના પ્રાણ લે છે! દીકરો અને દીકરી એકજ પેટે જન્મે છે, ત્યારે દિકરીના ઘરમાંથી લઇ દિકરાને આપવું તે પણ એક જાતનો અધમ છે. ઘણી જગ્યાએ દિકરાઓ માબાપને ડાંગો મારે છે, પુરૂ ખાવા પણ આપતા નથી, પરંતુ દિકરીઓ તો માબાપની ચાકરી કરી તેમનામાં વિશેષ ભક્તિ ભાવ રાખે છે માટે દિકરીને અન્યાય કરવો તે પરમાત્માને છેતરવા જેવું છે, જેથી દિકરીના પૈસા લેવા નહિ તેવી આપણે ચોક્કસ પ્રતિજ્ઞાઓ લેવી જોઇએ.

રા. ધનસાભાઇ જેકણદાસ ભગતે જણાવ્યું કે, કન્યાવિક્રય વિષે અત્યારે જે ચર્ચા થઈ ગઈ છે તે આપ સઘળા જાણો છો, અને હું પણ કહું છું કે તે મહા પાપ છે. આપણાં શાસ્ત્રોમાં અનેક પ્રકારનાં પાપો વર્ણવ્યાં છે અને તે દરેકમાંથી પ્રાયશ્ચિત કરી ને મુક્ત થઈ શકાય છે, પરંતુ કન્યાવિક્રયનું તો પ્રાયશ્ચિતજ નથી. આ રિવાજ બંધ પાડવા માટે આપણે જે પુરૂષાર્થ કરવો પડે છે તેનું મૂળ તપાસીએ તો જણાશે કે જેઓ ગરિબ છે, પૈસાની જેમને તાણ પડે છે, અને છોકરાઓ માટે કન્યા લાવવાને પૈસા આપવા પડે છે, તે માબાપો

કન્યા વિક્રય કરે છે. મતલબ કે જેને પૈસાની અછત છે તેઓજ કન્યાવિક્રયમાં હાથ ઘાલે છે, શ્રીમંતો કન્યા વિક્રય કરતા નથી, એટલે ખરૂં પુછો તો કન્યા વિક્રય કરાવનારી જે નિર્ધનતા એજ મહા પાપ છે. આ નિર્ધનતા મટાડવા માટે આપણે અયોગ્ય ખરચો અટકાવવાં જોઇએ અને કરકસર કરી ધનનો સંગ્રહ કરવો જોઇએ.

આ વખતે અમદાવાદથી સમાજમાં ભાગ લેવા માટે અમદાવાદની જ્ઞાતિના વનમાળીદાસવાળા **શેઠ માણેકલાલભાઈ** તથા **ચંદુલાલભાઇ** પધાર્યા હતા જેમને સઘળા બન્ધુઓએ ઉભા થઇ માન આપ્યું હતું અને તે સદ્દગૃહસ્થોને પ્રમુખ સાહેબની બાજુમાં પુલપીટ ઉપર જગ્યા આપવામાં આવી હતી.

કન્યા વિક્રય કરનાર નર્કે જાય છે એટલુંજ નહિ પણ કરાવનારાઓ પણ તેમની પહેલાં નર્કે જાય છે. માંડવા ધોવરામણનાં ખરચોના બહાને કન્યાવિક્રય વધતો જાય છે. આપણે સઘળા જે અત્રે એકઠા થયા છીએ તેમાં કન્યાવિક્રય કરનારા કદાચ નહિ હોય પરંતુ તે કરાવનારા તો હશેજ ! માટે ભાઇઓ ! આપણે પોતેજ તે રિવાજ નાબુદ કરાવા માટે ઉપાયો લેવાના છે. આપણામાં કન્યાઓ આપવાના જથ્થાઓ પડી ગયા છે, એટલે જે તરફ ઢાળ હોય તે તરફ પાણી વળે છે તેમ કન્યાઓ પણ ખેંચાઈ જાય છે, પરંતુ તે અગવડો દુર કરી શકાય તેવી છે અને આપણે તે માટે પણ ઘણું કરવાનું છે.

રા. શિવલાલભાઇ પિતામ્બરદાસ ટિકર વાળાએ આ ઠરાવને વિ.અનુમોદન આપ્યા બાદ સર્વાનુંમતે પસાર થયો હતો.

ઠરાવ ૮ મો.

" બાળ લગ્ન કરવાં તે તદૃન નુકસાનકારક અને અધર્મ યુક્ત છે, માટે શાસ્ત્રોક્ત રીતે અને યોગ્ય એટલે મોટી ઉમરે લગ્ન કરવાનો આ સમાજ ઠરાવ કરે છે અને સમસ્ત જ્ઞાતિ બન્ધુઓને આગ્રહ પૂર્વક સૂચના કરે છે. "

મેં. ડોકટર સાહેબે આ ઠરાવ રજુ કરતાં જણાવ્યું કે–ભાઇઓ ! ઉપરનો ઠરાવ આપની પાસે રજુ કરવા માટે મને આજ્ઞા થઇ છે અને હું આશા રાખું છું કે, તે માટે આપ રજા આપશો. (તાળીઓ) આપણે જાણીએ છીએ કે: જેનામાં જે વસ્તુની ખામી હોય તે મેળવવા માટે પ્રયત્નો કરાય છે. રણમાં મુસાફરી કરતા માણસો પાણીની જરૂર વખતે તરફડે છે, અને ઉંચા વૃક્ષો ઉપર ચહડીને તેની શોધ કરે છે. માંદો માણસ પોતાને આરામ થઈ જાય તે માટે ગુણકારી દવાઓ અને અનુભવી વૈદ દાક્તરોની શોધમાં ફર્યા કરે છે. જેઓ નિર્ધન છે તેઓ સારો ઉદ્યોગ મેળવી ધન પ્રાપ્ત કરવાના પ્રયત્નો કરે છે. આપણી જ્ઞાતિની સ્થિતિ તપાસીએ તો દરેક વાતે દુ:ખી જણાશે. ખેતી માટે બળદ અને સાધનો હોય તો કામ કરવાની શક્તિ હોતી નથી અથવા તે સંબંધી જ્ઞાન હોતું નથી. આ બધાનું મૂળ વિદ્યા છે અને તેમાં આપણે ઘણાજ પછાત છીએ, પરંતુ વિદ્યા ભણી શક્તા નથી તેનું કારણ બાળલગ્નનો રિવાજ છે. આગળના વખતમાં આપણી પાસે ધન હતું કારણ ખરચો ઘણાં ઓછાં હતાં, હમણાં આપણે ગરિબ સ્થિતિ ભોગવીએ છીએ કારણકે જમા-

નાને અનુસરી આપણે વિદ્યા પ્રાપ્ત કરતા નથી, રીત રિવાજો ને વળગી રહીએ છીએ એટલે ઘણી હલકી વર્ણો કરતાં પણ આપણે પશ્ચાત પડી ગયા છીએ. આગળના વખતમાં આપણા બાપદાદાઓએ સમયને અનુસરીને રીતરિવાજમાં ફેરફારો કર્યા છે કારણ કે તે વખતે તેમ કરવામાં ફાયદો હશે. અત્યારે આપણને જેમાં ફાયદો જણાય તે આપણે કરીએ તો તે પણ તેમના પગલેજ ચાલવાનું છે. પંજાબમાંથી આવ્યા પછી આપણે જુદા જુદા ભાગોમાં વસ્યા અને દુર દુરના ભાગોમાં જવા આવવાની મુશીબતોને લઇને એકઠા થઇ શકયા નહિ, અથવા તો મી. પુરૂષોત્તમદાસે કણબી ક્ષત્રિય ઉત્પત્તિના પુસ્તકમાં જણાવ્યું છે, તે પ્રમાણેની અનેક અગવડોને લઈને આપણા લગ્નનુ જે બંધારણ થઈ ગયું હતું તેજ હાલમાં કાયમ રાખવાથી નુકસાન થતું જણાયું છે; માટે આપણે પણ સમયને અનુસરી શાસ્ત્રોક્તરીતે લગ્ન પદ્ધતિ રાખવી જોઇએ, તેથી આપણને અનેક પ્રકારના ફાયદાઓ થઈ શકશે. પુત્રને પાંચે વરસે વિદ્યા ભણાવવા માંડીએ છીએ પણ તે પહેલાં તો લગ્ન આવી જાય ય તો પરણાવી દેવો પડે છે. પરણાવ્યા પછી કન્યા ઉંમરે આવતાં તેને તેડવી પડે છે અને છોકરાઓને ભણવાનું બંધ થઇ જાય છે. આ પ્રમાણે થવાથી છોકરો તથા છોડી બંનેના સુખનો અંત આવે છે. આ જમાનો વિદ્યાનો છે અને તમે જુઓ છો કે જેઓ ભણ્યા છે, તેઓ આપણા ઉપર સત્તા ભોગવે છે, એટલે ભણાવ્યા સિવાય ચાલે તેમ નથી; અને ભણાવવા માટે તેમને કુંવારાં રાખવાંજ જોઇએ ત્યારેજ તેઓ ભણશે. છોકરાઓ કે છોડીઓને ભણવા માટે વખત મળે ત્યારેજ તેઓ ભણી શકે અને ભણે તો પુસ્તકો વાંચે અને અક્કલ ખીલે. સંસાર:વ્યવહાર ચલાવતાં આવડે અને પતિએ સ્ત્રીના અને સ્ત્રીએ પતિના કાર્યમાં કેવી રીતે ઉપયોગી થઇ પડવું તેનું જ્ઞાન આપોઆપ થઇ જાય, એટલે સારૂં ખોટું સમજતાં શીખે, અને તેમનામાં ઉત્પન્ન થતા વિખવાદો અટકે.

છોકરાઓને ભણાવવાથી ખેતીવાડીનું જ્ઞાન પણ સારૂં મળે છે પણ ભણે ક્યારે ! તેમને કુંવારા રાખવામાં આવે તોજ ! ઘણી વખતે આપણે એક ઉપર બીજી સ્ત્રી કરવાના અને છુટકા આપવાના દોષ અન્ય માણસોના ઉપર મુંકીએ છીએ તે આપણીજ ભૂલ છે. તમે સમજી શકશો કે તે દરેક સુખને માટેજ પ્રયત્નો કરે છે. જેઓ દુ:ખી છે તેમને જુદાં કરવા માટે છુટકાનો રિવાજ પડયો છે. બસેંહ અને પાંચસેંહ ખરચનારાઓની પુત્રીઓ પણ દુ:ખી જણાય છે ! હું નથી ધારતો કે કોઈ ઉભો થઈને કહી શકે કે આ રિવાજથી ફાયદો છે! પ્રથમ ઘણા પુરૂષોનું એમ ધારવું હતું કે આ રિવાજથી ફાયદો છે, પણ હમણાં કોઈ તેમ કહેતું નથી અને તે રિવાજ આપ સઘળાઓની મદદથી નાબુદ થઇ જશે અને ત્યારેજ આપણો ઘરસંસાર સુખી નિવડશે. આ રિવાજ બંધ પડવાથી છોકરાંઓ વિદ્યા પ્રાપ્ત કરશે અને ઘર, જમીનો અને લેણું દેણું સંભાળી શકસે, તેથી આપણી આર્થિક સ્થિતિ પણ સુધરશે. ભણેલા છોકરાઓ નકામાં ખરચો કરશે નહિ અને હંમેશાં દેવામાંથી મુક્ત રહેવાના પ્રયત્નો કરશે. થોડી પુંજીમાં વધારે વેપાર કરી શકસે અને તેમની સ્ત્રીઓ પણ ઓછા ખરચે ઘર સંસાર ચલાવી પતિને સુખદાયક થશે. તે સઘળાનો આધાર લગ્નની ઉંમર અને પદ્ધતિ ઉપર છે. તેમની યોગ્યાયોગ્યતાનો વિચાર થઇ શકે તેવીજ સ્થિતિમાં તેમને લગ્નની ગાંઠથી જોડવાં જોઇએ. અત્યારે જેમ તમને જમીનોની કિંમત નથી અને માણુરીઓ આપવા જાઓ છો તે પ્રમાણે તમને શાસ્ત્રોક્ત લગ્નોની પણ કિંમત નથી.' દશ. પંદર

વર્ષ પછી જ્યારે સુધરેલી પદ્ધતિએ ખેતી થશે ત્યારે જમીનની કિંમત દશગણી વધી જશે અને ઉત્પન્ન પણ વધશે. તેજ પ્રમાણે જ્યારે દેશકાળને અનુસરીને લગ્નો થવા માંડશે અને તેવાં દંપતિઓ સંસારમાં સુખી થતાં જોઇશું ત્યાં સુધી આ કઢંગો રિવાજ ટગુમગુ જણાસે પણ આવા દશ વીસ કે પચીસ દાખલાઓ જ્યાં નજરે જણાશે કે તે રિવાજ રહેવાનો નથી. હું હમણાંજ કહી ગયો છું કે સુખ મેળવવા પ્રયત્ન કરવો તે મનુષ્ય નો સ્વભાવ છે અને તેજ પ્રમાણે ભણેલા છોકરાઓ લગ્ન કરશે. (તાળીઓ)

ઠરાવ સંબંધી આટલી હકીકત જણાવ્યા બાદ પ્લેગ અને કોલેરાના સમયમાં માણસો એ રાખવી જોઇતી કાળજી તથા ઢોરોના રોગ સંબંધી કેટલુંક જ્ઞાન શ્રોતાઓને આપ્યું હતું. ત્યાર બાદ આ ઠરાવ ને ટેકો આપતાં.

રા. મોહનલાલ ત્રિભોવનદાસે પણ બાળ લગ્નના રિવાજ વિષે ઘણું લંબાણથી ભાષણ આપ્યું હતું જેની મતલબ એ હતી કે—

બ્રહ્મચર્યથી દરેક પ્રકારની શોધો અને મોક્ષ મેળવી શકાય છે તે બ્રહ્મચર્યને આપણે ભુલી ગયા છીએ જે મોટી ઉંમરે લગ્ન કર્યાથીજ પ્રાપ્ત થાય છે. બાળકોને વિદ્યા ભણાવવા માટે એક ફંડ ઉભુ કરવાની જેમણે મહેનત ઉઠાવી છે તેઓ એવી પણ પ્રતિજ્ઞા લેશે (?) કે ગમે તે નાત કે જાતનો પણ વિદ્વાન હોય તેનેજ પોતાની કન્યાઓ આપીશું ત્યારેજ કન્યાઓ સુખી થશે અને બાળલગ્ન દુર થશે. કજોડાંઓથી પ્રેમ ઉત્પન્ન થતો નથી કારણ કે પુરૂષ દરેક પ્રકારની કેળવણી લેછે અને કન્યા તો ઢોર જેવી ને જેવીજ રહે છે. પ્રેમ ઉત્પન્ન નહીં થવાનું એ મુખ્ય કારણ છે. આવાં કજોડાંથી ઉત્પન્ન થતી સંતતી પણ તેવીજ થાય છે. રૂપને લઇને પણ કજોડાં થાય છે, કદાચ કુદરતી આફતોને લઈને કન્યાઓ લુલી કે આંધળી થાય તોપણ પ્રેમ રહેતો નથી અને દંપતિના અનુપમ સાત્વિક પ્રેમ સિવાય ઉન્નતિ થવી નથી. બાળલગ્નથી ૪૦ ટકા જેટલાં સંતાનો મરી જાય છે, તદુપરાંત મૃત્યુ પણ જલદી આવે છે કારણ કે વીર્યની તાકાત કમતી થઈ ગઈ છે, એટલે વંશ વૃદ્ધિ પણ અટકી છે. આપણી વસ્તી ૧૪ લાખની છે પણ તે શું કામની છે? અખંડ બ્રહ્મચર્ય પાળીને નામના કહાડે અને તેમના જેવાજ પુત્રો ઉત્પન્ન કરે તેમની જરૂર છે. સ્ત્રીઓ ને ક્ષય રોગ થાય છે તેનું કારણ પણ બાળલગ્નનોજ રિવાજ છે. આ રિવાજ નાબુદ કરવા અને તમારી જ્ઞાતિનું કલ્યાણ થાય તેવાં કાર્યો કરવામાં તમે ગાળો ખાઓ અને સહન કરો તો મનુષ્યમાંથી દેવ બનશો. વલ્લભાચાર્ય અને સહેજાનંદે ઘણું સહન કર્યું છે માન અને પ્રતિષ્ટા મેળવવાની જેઓને અભિલાષા થાય તેમણે જાણવું કે આપણા દાંતે ખટાસ લાગી છે, એટલે ખટાસવાળા માણસની પ્રતિષ્ટા સચવાતી નથી, તેમ આવા સ્વાર્થોનો ત્યાગ કર્યા સિવાય જ્ઞાતિનું કલ્યાણ પણ થઈ શકતું નથી. જૂના વિચારવાળા પણ ઘણા બન્ધુઓ સમજુ છે અને તે જો જ્ઞાતિ હીત્તનાં કાર્ય કરવા બહાર પડે તો તેમને માન આપવા માટે અમે તૈયાર છીએ વગેરે ઘણી શિખામણો આપી હતી.

રા. લક્ષ્મણભાઇ ભીખાભાઇ માસ્તરે ઉપરના ઠરાવને ટેકો આપતાં બાળલગ્ન વિષે એક ઉત્તમ નિબંધના રૂપમાં નીચે પ્રમાણે ભાષણ આપ્યું હતું

મહેરબાન પ્રમુખ સાહેબ અને જ્ઞાતિબંધુઓ! હિંદુઓની ઘણી જ્ઞાતિઓ છે તેમાં આપણી કણબીની જ્ઞાતિ ઉંચ જ્ઞાતિઓમાંની એક ગણાય છે. બ્રાહ્મણ, ક્ષત્રિય, વૈશ્ય વગેરે જુદી જુદી જ્ઞાતિઓના આગેવાનો અને કેળવાએલા લોકો તરફથી જ્ઞાતિઓના બંધારણમાં સુધારો કરવાને અનેક પ્રયત્નો હાલના જમાનામાં થતા આપણા જોવામાં આવે છે, અને તેઓ અનેક રસ્તે પોતાના જ્ઞાતિ જનોને મદદ કરીને તેમની પડતી દશા થતી અટકાવવાને યત્ન કરે છે. તેજ પ્રમાણે આપણી જગતના બાપ તરીકે -વિશ્વંભર તરીકે-ગણાતી જ્ઞાતિની ઉન્નતી કરવાને આગેવાનોએ અને કેળવાએલા ગૃહસ્થોએ હવે કમર બાંધી આગળ પડવાની ખાસ જરૂર છે. જો તે પ્રમાણે નહિ કરવામાં આવે તો બીજી સુધારામાં આગળ વધતી જતી જ્ઞાતિઓના પ્રમાણમાં આપણી જ્ઞાતિ ઘણી પછાત પડી જશે અને દિવસે દિવસે અધમ અવસ્થાએ જઈ પહોંચશે. માટે સદ્‌ગૃહસ્થો આપણી જ્ઞાતિની ચઢતી શીરીતે થાય તે સંબંધે વિચાર કરવાને આપણે વખતોવખત આવી સમાજો ભરવાની ખાસ જરૂર છે.

ઘણી વખત એવું કહેવામાં આવે છે કે, સમાજોમાં લાંબાંલાંબાં ભાષણો અપાય છે અને વિચારો કરવામાં આવે છે, પણ તેમાંનું થોડુંજ આચારમાં મુકાય છે. હિંદુઓની પડતીનું આ એક સબળ કારણ છે. કહેવું જોઇએ કે આચારમાં મૂકવાને હિંમત અને સાહસ જોઇએ. એ સદ્‌ગુણો આ દેશની પ્રજામાં ખીલ્યા નથી ત્યાં સુધી સઘળા વિચારો આચારમાં મૂકવાનું બનવું અશક્ય છે. છતાં આપણામાંના બધા જો થોડી હિંમત અને થોડુંક સાહસ કરવાની ખંત દેખાડીએ તો મારા આજના ભાષણમાં જણાવેલા વિચારો પૈકી ઘણા ખરા આચારમાં મૂકી શકીએ તેવા છે.

કેટલાકો કહેછે કે સુધારા કરવાની જરૂર નથી. શું આપણા બાપ દાદાએ જે નિયમ કર્યા છે તે ખોટા છે? આપણે તેમનાથી વધારે ડાહ્યા છીએ? બેશક આપણા બાપદાદાઓને મૂર્ખ કહેવાની હું હિમાયત કરતો નથી, તેમણે બાંધેલી સડકો ખોટી નથી, પણ તે ઘણી જૂની થઈ ગઈ છે તેથી તેને સુધારીને હાલના જમાના પ્રમાણે નવી બાંધવાની હું ભલામણ કરૂંછું. જે નિયમો આપણા વડીલોએ કર્યા છે તે તે જમાનાને બંધ બેસતા હતા, પરંતુ હાલના જમાનામાં દેશ, કાળ, સ્થિતિ, રાજ્ય અને જીંદગી ગાળવાનાં સાધનોમાં ઘણા ફેરફાર થયા છે. તેવા જમાનામાં તે નિયમો પૈકી ઘણાક તો નિરૂપયોગી જેવા થઈ ગયા છે, માટે આપણે જ્ઞાતિ બંધારણનો કોહોવાએલો ભાગ છોડી દેવો જોઇએ અને જમાનાને યોગ્ય સુધારા દાખલ કરવા જોઇએ.

ગૃહસ્થો! જે સુધારા દાખલ કરવાને હું આપની સમક્ષ આજે બોલવા ઉભો થયોછું; તેમાંનો સૌથી વધારે અગત્યનો અને સહેલથી દાખલ કરી શકાય તેવો સુધારો **'બાળલગ્ન અટકાવવાં'** તે છે. એ રૂઢીથી થતાં મહાભારત નુકસાનો આપ સર્વેએ ઘણીવાર સાંભળ્યાં છે અને પ્રત્યક્ષ જોયાં છે, તોપણ આ સ્થળે તેનો આબેહુબ ચિતાર આપવાને મને બોલવા દેવાને રજા આપશો એવી સવિનય માગણી કરૂંછું. બાળલગ્નની રૂઢી એ એક ખપ્પર જોગણી છે, અને તે કણબીઓનાં કુમળાં બાળકોમાંનાં લાખો કરોડોનું રૂધિરપાન કરે છે. તે રૂઢી શિયાળામાં કપાસના ખેતરમાં પડતા હીમ જેવી છે. ખેતરોમાંના સઘળા તુલની કુમળી ટીશીઓને બાળી નાંખે છે અને ફાલફૂલનું સત્યાનાશ વાળી નાંખે છે તેમ બાળલગ્નનો રિવાજ આપણી જ્ઞાતિનું નખોદ વાળે છે; માટે એ પાપી રાક્ષસી રિવાજ સત્વર બંધ કરવાની જરૂર છે; નહિતો

આપણી જ્ઞાતિ દુઃખ અને દારિદ્રના મહાસાગરને તળીએ ડૂબી જશે. ગૃહસ્થો! તેનાથી જે જે ખાને ખરાબીઓ થાય છે તેનું ટુંકમાં અત્રે હું વર્ણન કરીશ.

પહેલું તો તે રૂઢીથી શરીરની ભયંકર ખુવારી થાય છે. આપણે જાણીએ છીએ કે કાચાં ફળો તુરાં અને બેસ્વાદ લાગે છે, તેઓ પરિપક્વ સ્થિતિમાંજ સ્વાદિષ્ટ અને આનંદદાયક લાગે છે. તેજ પ્રમાણે કાચી વયનો સંસાર ખાટો, કડવો કે તૂરોજ નિવડે છે. વીર્ય એ શરીર રૂપી મહારાજ્ય નો રાજા છે, અને કાચો રાજા-પ્રજાને માથે ભાગ્યો હોય તો પ્રજા દુઃખમાંજ સડવાની. તેજ મિશાલે કાચું વીર્ય ઝરવા લાગવાથી શરીરના સઘળા અવયવો મંદ, નિસ્તેજ, કમતાકાત અને રોગિષ્ટજ બનવાના. ઓછામાં ઓછું સ્ત્રીઓ માટે ૧૬ વર્ષ અને પુરૂષો માટે ૨૫ વર્ષની ઉમ્મરે વીર્ય પરિપક્વ સ્થિતિ ધારણ કરે છે અને તેજ વય લગ્ન માટે લાયક છે. એજ પ્રસંગે સંસાર માંડવાથી તે આનંદરૂપ અને સુખરૂપ નિવડવાનો સંભવ છે.

શરીરના રૂધિર, માંસ, મેદ આદિ ધાતુઓમાં વીર્ય ધાતુ ઉત્તમ છે અને સર્વ ખોરાકનું છેલ્લામાં છેલ્લું તે તત્વ છે. ધાતુનું મુખ્ય રહેઠાણ મગજ છે છતાં તે આખા શરીરમાં પ્રસરી રહેલો છે. તે વીર્ય-ધાતુજ મનુષ્યનું રૂપ છે. જેના શરીરમાં જેટલી વીર્યની પ્રાપ્તિ, તેના પ્રમાણમાં તેની સુંદરતા ખીલી ઉઠે છે. યુરોપિઅનોનાં મજબુત શરીર જોતાં આ વાતની સાબિતિ પ્રત્યક્ષ જણાઇ આવે છે. કાચું વીર્ય ઝરવા માંડવાથી રૂપ સૌંદર્ય ઉડી જાય છે, તે ઉપરાંત શરીરનો જઠરાગ્નિ મંદ પડી જાય છે. વીર્ય એ શરીરનો અગ્નિ છે તે મંદ પડવાથી ખોરાક પાચન થઈ શકતો નથી અને પરિણામે શરીર રોગનું ઘર થઇ જાય છે. આવા બાળલગ્નના ભોગ થઈ પડેલાને જુવાનીમાંજ ડાકટરો અને વૈદ્યાનાં ઘર ભરવાં પડે છે. અનેક રૂપે વીર્યની નબળાઈ જણાવા લાગે છે અને આખરે તેમને લાગે છે કે મારૂં શરીર ખરાબખસ્ત થઇ ગયું છે, હવે હું ઝાઝું જીવી શકું તેમ નથી. આ ફિકરમાં જીવવાનાં ઘણાંએ ફાંફા મારે છે, પણ અફસોસની વાત છે કે બુંદની બગડી હોજે સુધરતી નથી, અને ભર જુવાનીમાં બાળલગ્ન રૂપી છુરી જોગણી તે બિચારાનો ભોગ લે છે. અને બાળ વિધવા તથા વૃદ્ધ માબાપોને રડતાં કૂટતાં મૂકી તે આ ફાની દુનિયાનો ત્યાગ કરી ચાલ્યો જાય છે.

બાળલગનીયાઓ કદાચ બહુ વહેલા ન મરે તોપણ તેઓ જીવતાં સુધી નિર્માલ્ય, મંદ અને નિસ્તેજ તથા રોગીતો રહે છેજ, એ નિઃસંશય વાત છે. તેઓની મનશક્તિ તદ્દન જડ થઇ જાય છે. તેનામાં સ્મરણશક્તિનું પ્રાબલ્ય ઓછું થઈ જવાથી પ્રથમ તો નિશાળના અભ્યાસમાં નભી શકાતું નથી અને તેથી તે વિદ્યાભ્યાસ છોડી દેછે અને થોડોઘણો અભ્યાસ કરવાને લીધે તેઓએ બહુ હલકા પગારની નોકરી કે નાની મુડીથી ચલાવેલા ધંધામાં પડવું પડે છે, જેને પરિણામે તેમની આખી જીંદગી પૈસાની તાણમાં અને દેવામાં ડૂબી ગયેલી રહે છે, અને સુખનું સ્વપ્ન પણ દેખી શકતા નથી.

સ્મરણશક્તિના નાશ સાથે મનની બીજી શક્તિઓ જેવી કે તર્ક, કલ્પનાદિ પણ મંદ પડી જાય છે તો તેવાં બાળકો ઉમદા કવિઓ કે સાહસિક વેપારીઓ કે ઉત્તમ ચિત્રકારો કેવી રીતે થઇ શકે ? બળવાન વીર્ય શક્તિ વગર સાહસ, શૌર્ય, ખંત દઢતા વગેરે ગુણો પ્રાપ્ત

થઇ શકતા નથી. આવા દૈવી ગુણો પ્રાપ્ત કરવાને યોગ્ય વયનાં વરકન્યાનાં ફરજંદોજ લાયક છે. બાળલગ્નીઆઓ કે તેમની પ્રજા બિલકુલ નાલાયક થઇ જાય છે.

નાનાં બાળકોને ઘરસંસારમાં નાંખવાથી કાચા અને અલ્પ વીર્યથી પાકેલાં ફરજંદો પ્રથમ તો શરીરે લષ્ઠ હોઈ શકે નહિ એ ખુલ્લું છે, તે ઉપરાંત તે ઠીંગણાં, કદરૂપાં અને અલ્પાયુ નીવડે છે. તેમનું શરીર તો રોગનું ઘરજ થઇ જાય છે. તેમની સારવારમાં અને દવા-દારૂમાં માબાપો ખરાબખસ્ત થઇ જાય છે. બચ્ચાંનો આનદ તેઓ બિલકુલ ભોગવી શકતાં નથી અને એટલાં તો કાયર થાય છે કે છેવટે તેઓ કહે છે કે આ કરતાં તો વાંઝીયાં સારાં. ગૃહસ્થો! મૂળથીજ આવી સ્થિતિમાં મહા પ્રયત્ને પરાણે ઉછરેલી પ્રજા અભ્યાસમાં અને બીજી મન શક્તિમ પણ ઉત્તમ નહિ નીવડવાથી છેવટે હીણકમાઉ થાય છે. જેથી વૃદ્ધાવસ્થાએ પહોંચેલાં માબાપોને તેઓ રળવાની ધુંસરીથી મુક્ત કરી શકતાંનથી, અને જે આશાએ બાળકોને ઉછેરવામાં આવે છે તે આશાઓ તેઓ પૂરી પાડી શકતાં નથી.

આપણે આપણાં બાળકોને નાની વયમાં પરણાવીએ છીએ ત્યારે એટલી નાની વયમાં તેઓના સ્વભાવ મળતા આવશેકે કેમ તેનું જરા પણ ભાન રાખતા નથી. તેઓના સ્વભાવ ઘણીવાર મળતા આવતા નથી અને પછી મહા કવિ દલપતરામના કહેવા પ્રમાણે 'સ્વભાવે કજોડું નથી દુ:ખ થોડું ' એ અનિવાર્ય દુ:ખ ઉત્પન્ન થાય છે. ક્ષણે ક્ષણે એક બીજાની આંખો વઢે છે. ધણીનું બોલ્યું ધણીઆણી સહન કરતી નથી અને ધણીઆણીનું કામ ધણીને પસંદ હોતું નથી, આથી રોજ લડાઇ જાગે છે, તેમની ફજેતીના ફાળકા થાય છે અને આડોશી પાડોશીઓ રોજ તમાશા જુએ છે. આખરે કજીઆથી ગોળાનું પાણી પણ સુકાય છે, લક્ષ્મીની નાસ્તિ થાય છે અને દરિદ્રતા આપણા બાળકોના ઘરમાં નિવાસ કરે છે. આખરે ઘર ભાગે છે. અળખામણી સ્ત્રીને કાઢી મૂકીને કે ઘરમાં રાખીને બીજી લાવે છે અને આમ બે સ્ત્રીનો ધણી સદાય દુ:ખી થાય છે. નવી અને જુનીની લડાઇઓથી આપણામાંના થોડાકજ અજાણ્યા હશો. ધણી ધણીઆણીનો સ્વભાવ મળતો નહિ આવવાથીજ વ્યભિચાર ઉત્પન્ન થાય છે. પુરૂષ કિંવા સ્ત્રી આ દુષ્ટ માર્ગે વહન કરે છે ત્યારથીજ સંસાર સુખનું સત્યાનાશ વાળે છે અને આસ-પાસની નવી ઉછરતી પ્રજાને ખોટો દાખલો આપે છે. બાળહત્યા પણ વ્યભિચારનુંજ દુષ્ટ પરિણામ છે.

બાળવયમાં પરણાવેલાં જોડાં પૈકી ઘણાંખરાં તો નાની વયમાંજ ખંડિત થાય છે અને માબાપોએ તેમને પરણાવતાં કરેલું ખર્ચ બધું બરબાદ જાય છે આપણામાં નાતરાંનો રિવાજ છે એટલું સારૂં છે, પણ ફરીથી ખર્ચ કરવાનું તો ઉભુંજ રહે છે. ગઈ લગ્નસરા પછી આવા બનાવો બનેલા ઘણા આપના જોવામાં આવ્યા હશેજ. આમ થાય છે તેનું કારણ એ છે કે નાનો દીવો સહેલથી હોલવાય છે, પણ મોટી મશાલને હોલાતાં વાર લાગે છે તે પ્રમાણે મુખ્ય વયનાં માણસો જે રોગના સામા થઇ શકે છે તે રોગ નાના બાળકને સહેજમાં ઝડપી લેછે. મોટી ઉમર કરતાં નાની ઉમરમાં મરણનું પ્રમાણ હમેશાં વધારે હોય છે. માટે મોટી વયે પરણાવેલાં જોડાં પૈકી ખંડિત થવાનો ભય ચોક્કસ રીતે ઓછો છે.

ઉપર જણાવેલા બાળલગ્નના ગેરફાયદા ઉપરાંત બીજા અનેક ગેરફાયદા છે જે અત્રે જણાવવા જેટલો સમય નથી.

ગૃહસ્થો! તમો આપણી જ્ઞાતિમાં કેવા કેવા સુધારા કરવા તે વિષય ઉપર વિચાર કરવા

એકઠા થયા છો તેમાં તમારા મનમાં ઘણાક વિષયો રમી રહેલા હોવા જોઇએ, પરંતુ તે સર્વે વિષયોમાં બાળલગ્નનો અટકાવ એ વિષય મુખ્ય અને જલદીથી હાથ ધરવા જેવો હોવાથી હું તે વિષય ઉપર ટીકા કરવામાં છૂટથી બોલ્યો છું અને આશા રાખું છું કે આપણા સુધારાના હાથમાં ધરેલા વિષયો પૈકી આ રૂઢીના બહિષ્કારને પ્રથમ સ્થાન આપશો. આજે આ લાંબા ભાષણથી મેં આપનો અમુલ્ય વખત રોક્યો તે માટે સવિનય માફી માગી હું આ ઠરાવને અતઃકરણથી અનુમોદન આપુંછું.

રા ચતુરભાઇ હીરદાસ વકીલે આ ઠરાવને વિ. અનુમોદન આપતાં જણાવ્યુ કે, બાળ-લગ્નના રિવાજથા આપણને જે નુકસાન થયું છે તે આપણે હવે સમજી શકયા છીએ. કન્યા વિક્રય અત્યારે ઘણો છે એટલે છુટાં લગ્નથી કન્યાવિક્રય વધશે તે વાત ખોટી છે. ઉલટાં અત્યારે કજોડાં અને છુટાછેડા વગેરે થાય છે, તેમજ કન્યાવિક્રય પણ બંધ પડશે અને કુસંપ ઓછો થસે. આપણા લગ્નો જે નિષેધ રૂપ છે તે આપ સમજ્યા છો એ ખુશી થવા જેવુ છે. નાની ઉંમરે પરણાવવાથી કન્યાઓ મળે નહિતો તાણ પડે એ વાત તદ્દન ખોટી છે, ગરિબોને તાણ પડે એમ કહેવાય છે, પણ તે તો અત્યારે પણ છે એટલે જે ગરિબ છે તેને અત્યારના રિવાજથીજ કન્યાઓ મળતી નથી. અષ્ટ મંગળાની કન્યા લાવવી હોયતો રૂ ૫૦૦–૮૦૦ આપવા પડે છે !

આ રિવાજથી જે મહાન્ નુકસાન થાય છે તે એ છે, કે બાળકો વિદ્યા પ્રાપ્ત કરી શક્તાં નથી અને પારણામે આપણી ખેતીવાડી તથા ઘર સંસાર સુધરતો નથા. ગરિબોનાં છોકરાં મોટી ઉંમરે પરણે તો નુકસાન શું છે? ગૃહસ્થોનાં છોકરાં પણ મોટી ઉંમરેજ પરણવાં જોઇએ તે સિવાય વિદ્યા પ્રાપ્ત કરી શકાવાની નથી. બાળલગ્નથી તેમને વિદ્યા ભણાવવી બંધ કરવી પડે છે. આપણા ના. શ્રીમંત સરકાર ગાયકવાડ મહારાજાએ જે ૧૬ અને ૧૨ વર્ષની ઉંમર ઠરાવી છે (તાળીઓ) તે તદ્દન વ્યાજબી છે અને આપણે દરેકે તે કાયદાને માન આપી ચાલવું જોઇએ તેમાજ આપણી ઉન્નતિ છે. હું આશા રાખુંછું કે દરેક ભાઇઓ આ ઠરાવને વધાવી લેશો (તાળીઓ) સર્વાનુંમતે પસાર થયા બાદ મે. પ્રમુખ સાહેબે નીચે જણાવેલા ઠરાવો રજુ કર્યા હતા અને તે દરેક સર્વાનુંમતે પસાર થયેલા જાહેર કરવામાં આવ્યા હતા ગઇ કાલનું અધુરૂં આખ્યાન આજે બપોરે પુરૂ કરવાનુ હોવાથા, ઠરાવો પસાર કરવાના કામકાજમાં વખતની કરકસર કરવાની જરૂર જણાઇ હતી.

ઠરાવ ૯ મો.

" બાળલગ્ન પ્રતિબંધક નિબંધ"ની ૮મી કલમની પેટા કલમ કનો અપવાદ કહાડી નાંખવા અને તે કાયદો આપણી કોમને અન્ય કોમોની માફક સંપૂર્ણ રીતે લાગુ કરાવવા માટે ના. વડોદરા સરકારને અરજ કરવાનો આ સમાજ ઠરાવ કરે છે. "

ઠરાવ ૧૦ મો.

" બાળલગ્ન પ્રતિબંધક નિબંધ " અન્વયે સ્ટાંપ ફી અને દંડની જે રકમ વસુલ કરવામાં આવી હોય તેમાંથી કડવા પાટીદાર વિદ્યાર્થીઓને ખેતીવાડીની કેળવણી તથા ઉચ્ચ પ્રકારની કેળવણી આપવા માટે ના. વડોદરા સરકારને નમ્રતા પૂર્વક અરજ ગુજારવાનો આ સમાજ ઠરાવ કરે છે. "

ઠરાવ ૧૧ મો.

" આ સમાજની વ્યવસ્થાપક કમીટિની બાબતમાં આ સમાજ એવો ઠરાવ કરે છે કે–

अ. હાલમાં તેના મેમ્બરોની સંખ્યા ૭ની છે તેમાં ત્રણે બેઠકોના પ્રેસિડેન્ટ સાહેબો-નો ઉમેરો કરી સાતને બદલે એકંદર સંખ્યા ૧૦ની કરવી.

ब ખાલી પડેલા મેમ્બરોની જગ્યાએ બીજા મેમ્બરો નીમી ૧૦ની સંખ્યા કાયમ રાખવા માટે તે કમીટિને સત્તા આપવામા આવે છે.

क. આ કમીટિ ઓછામાં ઓછા ત્રણ મેમ્બરો હાજર હશે ત્યાં સુધી પોતાનું કામ-કાજ ચલાવી શકશે એટલે કૅારમ ત્રણનું ગણાશે. "

ઠરાવ ૧૨ મો.

" સમાજના ચોપડા તપાસવા અને હિસાબ મંજુર કરવા માટે રા. કાળીદાસ મોહન-લાલ અને રા. મોહનલાલ ત્રીભોવનદાસને ઓડીટર નિમવામાં આવે છે. "

ઠરાવ ૧૩ મો.

" જે મેમ્બરો પોતાના સંયુક્ત કુટુંબના ૧૬ વર્ષની ઉમર સુધીના વિદ્યાર્થીઓ પો-તાની સાથે સમાજમાં લાવસે તે દરેકની સરભરા ફીનો ૧ા રૂપિયો લઇ દાખલ કરવામાં આવશે પરંતુ તે મેમ્બર ગણાશે નહિ એવો આ સમાજના નિયમોમાં વધારો કરવાનો આ સમાજ ઠરાવ કરે છે. "

ઠરાવ ૧૪ મો.

" આપણી જ્ઞાતિમાં ઉચ્ચ કેળવણી લઇ પાસ થયેલા નીચે જણાવેલા વિદ્યાર્થીઓને અભિનંદન આપવાનો આ સમાજ ઠરાવ કરે છે."

મી. પોપટલાલ શીવલાલ ટીકર.		B. A. L. L. B.
"	શંભુલાલ ખોડીદાસ.	B. A.
"	નારણદાસ ગોપાળદાસ.	B. A.
"	નગીનભાઇ વ્રજલાલ.	Matric-ex.
"	લલ્લુભાઇ સોમનાથ.	Matric-ex.

ઠરાવ ૧૫ મો.

" શ્રી કડવા પાટીદારશુભેચ્છક સમાજ બોર્ડિંગનો વહીવટ તેનાં પુરાંત નાણાં અને તેને લગતા સઘળા સામાન સાથે બનતી ત્વરાએ " શ્રી કડવા પાટીદાર હીત વર્ધક મહા-મંડળને સોંપી દેવાનો અને તે બાબતની તે બોર્ડિંગના મે. પ્રેસીડેન્ટ સાહેબ અને ટ્રેઝરરને ખબર આપવાનો આ સમાજ ઠરાવ કરે છે, અને ઉક્ત મહામંડળને આ સમાજ વિનંતી કરે છે કે તેનો વહિવટ બનતી ત્વરાએ સંભાળી લેવો "

ઠરાવ ૧૬ મો.

" સમાજ વિરૂદ્ધ હીલચાલ કરવાથી ગંગારામ જેઠીદાસ છત્રાલાને બોર્ડિંગના નોકર તરિકે અને સમાજના ઉપદેશકમાંથી દુર કરવાનો આ સમાજ ઠરાવ કરે છે."

ઠરાવ ૧૭ મો.

" આ સમાજના આશયોનો ફેલાવો કરવાની જરૂર જણાયાથી તે માટે પગારદાર ઉપ-દેશક નિમવાની વ્યવસ્થાપક કમીટિને સત્તા આપવાનો આ સમાજ ઠરાવ કરે છે. "

ઉપર પ્રમાણે ઠરાવો પસાર થયા બાદ સમાજની બેઠક બપોરના બે વાગતા ઉપર મુલતવી રહી હતી અને સઘળા ભાઇઓ જમવા માટે પધાર્યા હતા.

બપોરના બે વાગ્યા પછી મેમ્બરોએ સભા મંડપમાં હાજરી આપી હતી અને લગભગ સવા બે વાગે કામકાજની શરૂઆત કરતાં મે. પ્રેસીડેન્ટ સાહેબની પરવાનગીથી રા. ઝીણાભાઇ દેશાઇએ, આ સમાજના કાર્યને મુબારક બાદી અને સહાનુભૂતિ આપનારા બહાર ગામથી આવેલા નવા કાગળો વાંચી સંભળાવ્યા હતા.

રા. બેચરભાઈ રાયજીભાઇ ગણપતપુરાવાળાનો પત્ર.

અમીન મોતીલાલ કેશવલાલ ગોજારીઆવાળાનો પત્ર.

રા. બેઘાભાઇ મનોરદાસ રાજપુરવાળાનો પત્ર.

ઉપરના પત્રો વાંચી સંભળાવ્યા પછી મી. પુરૂષોત્તમદાસ બાવળા વાળાએ " સુબોધ રત્નમાળા " નામક પુસ્તક સંબંધી વિવેચન કરી લેખકના સાહસને ઉત્તેજન આપવા સંબંધી વિનંતિ કરી હતી. ઉપર જણાવેલા સત્તર ઠરાવો આપની સમક્ષ રજુ થયા છે અને તે સર્વાનુંમતે પસાર થયા છે, તે જાણી મને અત્યંત આનંદ થાય છે, વગેરે શબ્દોમાં મે. પ્રમુખ સાહેબે સભાસદોને આવકાર આપ્યા બાદ નીચે જણાવેલા ઠરાવો રજુ કર્યા હતા અને તે પણ સર્વાનુંમતે પસાર થયેલા જાહેર કરવામાં આવ્યા હતા.

ઠરાવ ૧૮ મો.

" એક સ્ત્રીની હયાતીમાં ખાસ ખરેખરા કારણ સિવાય અને સ્ત્રીની ૨૫ વર્ષની વય પહેલાં બીજી સ્ત્રી કરવાના રિવાજને આ સમાજ ધિક્કારે છે. "

ઠરાવ ૧૯ મો.

" સ્થાનિક અને બહાર ગામના જે સ્વયંસેવકોએ આ બેઠકના અંગે સમાજની સેવા બજાવી છે, તે માટે તેમનો ઉપકાર માનવાનો અને તેના કેપ્ટન મી. માણેકલાલ જનુંભાઇને ધન્યવાદ આપવાનો આ સમાજ કરે છે. "

ઠરાવ ૨૦ મો.

" બાવળા ગામના જ્ઞાતિબંધુઓએ સમાજની સેવા બજાવી છે, તે માટે તેમનો અને સમાજના સેક્રેટરી તથા વ્યવસ્થાપક કમીટિએ જે ઉમદા સેવા બજાવી છે, તે ખાતે તેમનો પણ આભાર માનવાનો આ સમાજ ઠરાવ કરે છે. "

ઠરાવ ૨૧ મો.

" આ મહોત્સવ પ્રસંગે પસાર કરવામાં આવેલા ઠરાવોનો અમલ કરવા અને તે તે સંબંધી યોગ્ય ગોઠવણ કરવા આ સમાજ મે. પ્રમુખ સાહેબને સત્તા આપવાનો ઠરાવ કરે છે."

ઉપરનો છેલ્લો ઠરાવ રા. ઝીણાભાઇ દેશાઇએ રજુ કર્યો હતો, અને તેને કુમારશ્રી લાલસિંહજી વગેરે એ ટેકો આપ્યા બાદ પસાર થયો હતો. મે. ડૉકટર સાહેબે સભાસદોને ઉદ્દેશી જણાવ્યું કે અમદાવાદનિવાસી **રા. રણછોડલાલ વસા** કે જેઓ અમદાવાદમાં એક જાણીતા ખાનદાન કુટુંબના સદ્ગૃહસ્થ છે, તેમણે આપણી સમાજને પ્રસંગોપાત સારી મદદ કરી છે, અને તેજ પ્રમાણે આ બેઠકના કામને લગતી સેવા કરનાર દરેક સ્વયંસેવકોને તેમના તરફથી " **યુવાવસ્થાનો શિક્ષક** " નામે પુસ્તક ઇનામ આપવા માટે તેમણે ઇચ્છા દર્શાવી છે. આ પુસ્તક વિલ્યમ કૉબેટકૃત " એડવાઇઝ ટુ યંગમેન " નામક પુસ્તક ઉપરથી તૈયાર કરી વૈદ્ય જટાશંકર લીલાધરે પ્રસિદ્ધ કર્યું છે, જેની કિંમત એક રૂપિયો છે. સદરહુ પુસ્તક યુવક સ્ત્રી અને પુરૂષો બંનેને એક સરખું ઉપયોગી છે, અને તેટલા માટે સ્વયંસેવકોને ઇનામ તરિકે વહેંચ-

વાથી તેઓ ઘણું સારૂં જ્ઞાન તેમાંથી સંપાદાન કરી શકસે એવી મારી ખાત્રી છે. હું આશા રાખુંછું કે આપ સઘળા તેમના આ કાર્ય તરફ સંમતી દર્શાવી તેમને ધન્યવાદ આપશો."
(તાળીઓ).

ત્યાર બાદ મી. પુરૂષોત્તમ તંત્રી તરફથી બહાર પડેલા "કણબી ક્ષત્રિય ઉત્પત્તિ અને ઇતિહાસ" નામક પુસ્તકની ઉપયોગિતા અને લેખકના સ્તુત્ય પ્રયાસ સંબંધી બોલતાં જણાવ્યું હતું કે "આખી કોમની ઉત્પત્તિ અને ઇતિહાસ જેવું આ પુસ્તક આપણનેજ નહિ પરંતુ ભવિષ્યની પ્રજાને તેમજ અન્ય ઇતિહાસકારોને પણ ઉપયોગી થઇ પડશે એવી મારી ખાત્રી છે. તેની એક ખાસ ઉપયાગિતા વિષે મારે આપને કહેવાનું છે તે એ છે કે છેલ્લાં પચાસ વર્ષોનો સુધારાનો ક્રમસઃ ઇતિહાસ તેમાં આપવામાં આવ્યો છે તેમાંથી આપણને ઘણું શિખવાનું મળે છે, અને સુધારાની હિલચાલ કરનારા અથવા તે તરફ સંમતિ દર્શાવનારા કે જ્ઞાતિ સ્વભાવનો અભ્યાસ કરવા ઇચ્છતા કોઇપણ બન્ધુને કોઇપણ ઠેકાણે નહિ મળી શકે તેવી માહેતી તે પુસ્તકમાંથી મળી શકે તેમ છે. આપણા માનવંત તંત્રી મી. પુરૂષોત્તમભાઇની જ્ઞાતિસેવા વિષે આપણે દરેકને સંપૂર્ણ વિશ્વાસ છે, અને જે તન મન અને ધનથી કરીને અત્યાર સુધી તેમણે જ્ઞાતિની સેવા ઉઠાવી છે (તાળીઓ) તે માટે આપણે તેમને જે કાંઇ બદલો આપીએ તે ઓછોજ છે. અનેક મુશીબતો અને શ્રમ વેઠી તેમણે આ પુસ્તક બહાર પાડયું છે, છતાં જનસમાજને તદ્દન પડતર કિંમતેજ તે આપવા માટે તેમણે જે ઉપકાર કર્યો છે (તાળીઓ) તેથી આપણી કોમ ઉપર તેમનો ઓછો અહેશાન થયો નથી, જુદા જુદા વિભાગના આપણા જ્ઞાતિ બન્ધુઓની તે પુસ્તકમાં છબીઓ આપી તેમનાં જીવન ચરિત્રો પણ તેમને લખ્યાં છે, જે આપણને ઘણાં ઉપયોગી થઇ પડશે, અને ભવિષ્યમાં તે પુસ્તકની બીજી આવૃત્તિ બહાર પડતાં તે કરતાં પણ વિશેષ જ્ઞાન મળી શકે તેવી ગોઠવણ તે કરશે, એવી મને સંપૂર્ણ ખાત્રી છે." વગેરે પુસ્તક અને લેખકના ગુણોની પ્રશંસા કર્યા બાદ પુસ્તકનાં દરેક પ્રકરણોનું અવલોકન કરી સંભળાવ્યું હતું. એક ક્ષત્રિય રાજકર્તી કોમ તરીકે આપણે મટી જઇ આજે ખેડુત જેવી સ્થિતિમાં આવી પડવાનાં કારણો સમજાવ્યા બાદ વિલાયત અને અન્ય દેશોના અમીરોના દાખલા આપી જણાવ્યું હતું કે સ્થિત્યાંત્તર એ કુદરતનો સ્વભાવ છે, અને આપણે આવી અધમ સ્થિતિમાં આવી ગયા છીએ તેથી બેદિલ કે નારાજ થઈ જવાનું પ્રયોજન નથી. આપણા જેવાજ ઇંગ્લાંડના લોર્ડ પણ રાજાની ગણતરીમાં હતા; આજે તેમનાં સંતાનો ઘણાં હલકાં કામો કરી પોતાનો ગુજારો કરે છે. એક લૉર્ડની છોકરીને મ્હેં ટાઇપીસ્ટની નોકરી કરતાં જોઈ છે, ત્યારે આપણે ખેતી કરીએ છીએ તેથી શરમાવાનું પ્રયોજન નથી, વગેરે દાખલા દલીલોથી ઐતિહાસિક રૂપરેખાનો ચિતાર આપી આપણે ક્ષત્રિય છીએ, તેનું અચ્છુ ભાન કરાવ્યું હતું.

ઉપરોક્ત પુસ્તક સંબંધી વિવેચન કર્યા બાદ મે. ડૉકટર સાહેબે જણાવ્યું કે, આવું ઉપયોગી અને કિમતી પુસ્તક આપણી જ્ઞાતિનાં બાવળાની સ્કુલમાં અભ્યાસ કરતાં સમજી શકે તેવાં) બાળકો તથા બાળકીઓને પોતા તરફથી ઇનામ આપવા માટે આપણા પ્રમુખ સાહેબ મે. રતીલાલભાઇએ ખાએશ જણાવી છે, અને તે વહેંચવા માટે નિશાળના મહેતાજી અને રીસેપ્સન કમીટિના ચેરમેન બનતી ગોઠવણ કરશે જેઓ પહેલા બીજા ધોરણનો અભ્યાસ કરે છે તેવાં બાળકો માટે "બ્રહ્મચર્ય" અને "બાળલગ્ન"નાં ઉપયોગી પુસ્તકો વહેં-

ચવામાં આવશે, તેમજ છોકરા છોડીઓને પતાસાં પણ વહેંચવામાં આવશે. બાવળા ગામમાં આપણી સમાજની બેઠક થઇ, અને તે બેઠકના પ્રમુખ સાહેબ તરફથી ત્યાંના વિદ્યાર્થીઓને જે આવા પ્રકારનો લાભ મળ્યો છે તે ઘણુંજ પ્રશંસનિય અને દાખલો બેસાડવા સમાન કાર્ય થયું છે તે માટે આપણે મે. પ્રમુખ સાહેબનો ખાસ ઉપકાર માનવો ઘટે છે. (તાળીઓ)

ત્યાર બાદ મે. પ્રમુખ સાહેબના હાથે સ્વયંસેવકોને "યુવાવસ્થાનો શિક્ષક" નામનાં પુસ્તકો ઇનામ આપવાનું કાર્ય થયું હતું. તે થઈ રહ્યા બાદ તેમણે જણાવ્યું કે "સમાજની ચોથી બેઠક જે જે ભાઇઓને પોતાના ગામમાં કરવાની ઇચ્છા હોય તેમણે અત્યારે આમત્રણ કરવું, અને સંયોગોનો વિચાર કરી વ્યવસ્થાપક કમીટિ પોતાને અનુકૂળ લાગશે તે ગામનું આમંત્રણ સ્વિકારી વખતસર સૂચના કરશે. મે. પ્રમુખ સાહેબની ઉપરોક્ત સૂચનાથી નીચે જણાવેલા ઉત્સાહી અને દિલસોજ બંધુઓએ પોતાને ત્યાં સમાજની આવતી બેઠક લેઇ જવા માટે આમંત્રણો કર્યાં હતાં.

૧. ગણુપતપુરાવાળા શ્રીયુત્ બહેચરભાઇના ભાઈ રા. કીસોરભાઇએ પોતાને ત્યાં સમાજ ભરવાની માગણી કરી જણાવ્યું હતું કે અમારી માગણી ઘણા વખતની છે, માટે અમારૂં આમંત્રણ આ વખતે સ્વિકારવાની સમાજે મહેરબાની કરવી જોઇએ.

૨. ચુંવાણુના આગેવાનો તરફથી રામપુરા મુકામે સમાજ ભરવાની માગણી શેઠ ગોરધનભાઈએ કરી હતી.

૩. કાઠીઆવાડમાં ધ્રાંગધ્રા મુકામે સમાજની આવતી બેઠક કરવા માટે રા. ગોકળદાસ કાનજીભાઇ વગેરે તરફથી દે. અમરસિંહજીભાઇએ માગણી કરી હતી.

૪. શ્રી કડવા પાડીદાર હિતવર્ધક મંડળ—વિરમગામ તરફથી તે મંડળના નેતા મી. પુરૂષોત્તમ તંત્રીએ આવતી બેઠક વિરમગામ મુકામે કરવાની વિનંતી કરી હતી.

૫. કડી પ્રગણામાં બેઠક થાય તે માટે સરઢવ મુકામે આવતી સમાજ ભરવાની રા. છગનલાલભાઇએ માગણી કરી હતી.

ઉપર પ્રમાણે માગણીઓનું કાર્ય સંપૂર્ણ થતાં સાડા ત્રણ વાગે ગઈ કાલનું બાકી રહેલું મરણ પાછળનું આખ્યાન શરૂ થયું હતું, અને તે ઘણાજ ઉમંગથી શ્રોતાઓએ સાંભળ્યું હતું. ઉપસંહારમાં ઉમિયા માતાની સ્તુતિ ગવાયા બાદ તેના લેખક રા. અમરસિંહભાઇએ મરણ પાછળનાં ખરચો વિષે એક ટૂંકુ પણ બોધદાયક ભાષણ આપ્યું હતું. કામકાજની સમાપ્તિ અર્થે જે ઠરાવ પસાર કરવાનો બાકી હતો તે મે. ડાકટર સાહેબે રજુ કરતાં જણાવ્યું કે.

ઠરાવ ૨૨ મો.

"આ બેઠકનું પ્રમુખપદ સ્વિકારી સમાજનું કામકાજ નિગેહબાનીથી ચલાવવા માટે આ સમાજ મે. પ્રેસીડેન્ટ સાહેબનો ઉપકાર માને છે,"

ઉપરના ઠરાવને મી. તુલસીદાસ કાસવાવાળા તેમજ દે. નારણભાઈ મારફતીઆ અને કુ. લાલસિંહજીભાઇ વગેરેએ ટેકો આપ્યા બાદ તાળીઓના ગગડાટ વચ્ચે પસાર થયો હતો.

ચાલુ બેઠકને લગતું કામકાજ આટોપતાં મે. પ્રમુખ સાહેબે નીચે પ્રમાણે પોતાના ઉદ્‌ગારો પ્રદર્શિત કર્યા હતા.

જ્ઞાતિબન્ધુઓ !

આપ સર્વેએ આ બેઠકના ત્રણે દિવસોમાં ઘણા ઉત્સાહ અને શાંતિથી કામકાજ તરફ દિલસોજી બતાવી છે, તથા મને મારી પોતાની ફરજો અદા કરવામાં જે સહાનુભૂતિ અને

તરફ પ્રેમવૃત્તિ આપે રાખી છે તે માટે હું આપનો આભાર માનું છું. આ બેઠકના દિવસો આપણા વિદ્વાન બન્ધુઓ તરફથી જે જે સદ્બોધ આપણને આપવામાં આવ્યો છે, ને આપણી કોમની ઉન્નતિ માટે જે જે ઠરાવો પસાર કરવામાં આવ્યા છે, તે અમલમાં મુકવા માટે આપ સઘળા જીગરથી પુરૂષાર્થ કરશો એવી મને ખાત્રી છે. આપણે પોતે જે કાંઇ સાંભળ્યું છે તે આપણા માટેજ નહિ પરંતુ આખી જ્ઞાતિને માટે બોલાયું છે, એટલે પોતપોતાના સ્થળે ગયા પછી અન્ય બંધુઓને આ ઉત્તમ કાર્ય અને ઠરાવોથી વાકેફ કરશો તો તમારી ફરજ કેટલેક અંશે પરિપૂર્ણ થએલી ગણાશે.

કેવા પ્રકારે આપણે અધમ સ્થિતિમાં આવી પડ્યા છીએ, અને તેમાંથી નીકળી ઉન્નત સ્થિતિ પ્રાપ્ત કરવા માટે આપણે કેવા પ્રયાસો આદરવાના છે, તે આપણે સ્પષ્ટ રીતે સમજી શક્યા છીએ; તો પણ હું આપને ભલામણ કરૂં છું—ખાસ વિનંતી કરૂં છું—કે આપણી લગ્ન પદ્ધતિ એજ આપણી અવનતિનું કારણ છે. ધાર્મિક તેમજ સાંસારિક બંને પ્રકારની અધમતા તેને લઇનેજ આપણામાં જણાય છે. કન્યાવિક્રય, છુટાછેડા, દ્વિત્રીઆ તેમજ અન્ય કોમો કરતાં વિદ્યામાં પચ્છાતપણું તે આપણા બાળલગ્નના રિવાજને લઇનેજ જન્મ પામ્યાં છે. તે રિવાજના મરણ પછી તેનું પણ મરણ છે; અને ખાત્રીથી સમજજો કે શાસ્ત્રોક્ત લગ્નપદ્ધતિથી આપણી સ્થિતિમાં ઘણું ઉચ્ચ પરિવર્તન થઈ જશે અને દરેક વાતે સુખી થઇશું.

કરકસર કરી આપણી આર્થિક સ્થિતિ સુધારવાની કેટલી જરૂર છે તે આપણે સહુ જાણીએ છીએ. મરણ પાછળનાં પ્રેતભોજનોમાં ઉડ઼ાઉ ખરચો કરી આપણે કંગાલ થઈ પડ્યા છીએ તેનું યથાર્થ સ્વરૂપ આપણી સમક્ષ આપણા વિદ્વાન બન્ધુ અમરસિંહભાઇએ કરેલા આખ્યાનથી ખડુ થયું છે, અને હંમેશને માટે તમારા હૃદયમાં તેનું રટણ રહેશે એમ હું ધારૂં છું. મરણ પાછળનાં ખરચો જો કે મૃતઃપ્રાય થવા આવ્યાં છે, તોપણ તે નહીં કરવા સાથે તેવાં જમણો નહી જમવા માટે આપણને રા. કાળીદાસભાઇએ જે સૂચના કરી છે તે ખરેખર આવકારદાયક છે, અને આપ સઘળા તેવાં ભોજનો અટકાવવા બનતું કરશો એવી હું વિનંતી કરૂં છું.

માત્ર થોડાજ વખતના આપણા પુરૂષાર્થથી આપણી માનસિક સ્થિતિમાં જે ફેરફાર થયો તેને લઇને કેટલાક રીત રિવાજો પ્રત્યે આપણી કોમની જે અંધ શ્રદ્ધા જોવામાં આવતી તે ઘણે અંશે નષ્ટ થતી જાય છે, અને આપ સઘળા આ પ્રમાણે દરવર્ષે પુરૂષાર્થ ચાલુ રાખશો તો ઘણાજ નજીકના વખતમાં આપણું રૂડું ભવિષ્ય જોવાને આપણે ભાગ્યશાળી થઇશું. આપણા વિચારો સુધર્યા છે અને સમજતા થયા છીએ તેનું કારણ ઉપદેશ છે. ઉપદેશક રાખવાની જે અનિવાર્ય આવસ્યક્તા શરૂઆતથીજ છે, અને તે માટે સમાજના કાર્યવાહકોની લાગણી સ્વિકારી પગારદાર ઉપદેશક રાખવાનો આપણે જે ઠરાવ કર્યો છે, તે ખાસ ફળદાયક થઇ પડશે. પણ તે સાથે મારે આપને એ પણ કહેવું જોઇએ કે, સમાજની પૈસા સંબંધી સ્થિતિ ઘણીજ કંગાલ છે. આપણા જેવા સભાસદો છતાં સમાજના ફંડમાં કાંઈ ન મળે! આ વાત ખાસ ધ્યાનમાં રાખવા જેવી છે. ઉપદેશક તમારી તરફ આવે તે વખતે દરેક વાતે સગવડ કરી આપવા ઉપરાંત બની શકે તેટલી ઉપદેશક અને જનરલ ફંડમાં પૈસા વધે તેવી તજવીજ કરવા કૃપા કરશો, અને આપણે પોતે આપણા માટેજ કરીએ છીએ એ મહામંત્ર હમેશાં યાદ રાખશો.

આ વખતે આપણને ખાસ ખુશાલી ઉપજે તેવો બનાવ એ બન્યો છે કે, અમદા જ્ઞાતિના શેઠ રા. માણેકલાલભાઈ તથા ચંદુલાલભાઇએ આપણી સમાંજના મેમ્બર ઠ આપણી હીલચાલમાં અંતઃકરણથી ભાગ લીધો છે, (તાળીઓ) તેમજ સુરતવાળા ડૈ.. ગોરધનભાઇએ પણ આપણા કાર્ય તરફ સહાનુભૂતિ રાખી અત્રે પધાર્યા છે તે બનાવથી સમાજના હિતમાં ખાસ ઉમેરો થયો છે. (તાળીઓ) આપ સર્વે આ ઉપરથી જોઈ શકશો કે આપણું કાર્ય સંગીનપણે આગળ વધે છે અને જ્ઞાતિના તમામ સમજુ પુરૂષો આપણા કાર્ય તરફ પ્રેમ ભરી લાગણીથી જુએ છે. આવા પ્રતિષ્ટિત ગૃહસ્થો આપણા કાર્યમાં ભાગ લે તો હું ધારૂં છું કે આપણા કામકાજનો બોજો ઓછો થઇ જાય અને નવિન બળ પ્રાપ્ત થતું જાય. જો કે બાવળામાં તકરાર છે—એ ભાગ છે—વગેરે પ્રકારની સત્ય હકીકત આપણા દરેક મેમ્બરોના સમજવામાંજ હતી, તોપણ સમાજની સેવા ઉઠા· વવામાં બાવળા ગામે જે ભાગ લીધો છે તે માટે આપ સઘળાએ તેને ધન્યવાદ આપવાનો ઠરાવ કર્યો છે તે આપના હૃદયની ઉદાર મનોવૃત્તિ બતાવી આપે છે. આ ગામના પુરૂષોએ આપણા કામકાજમાં કોઈ પ્રકારનું વિઘ્ન આવે નહિ તેને માટે જે કાળજી બતાવી છે તે માટે હું તેમનો ખાસ આભાર માનું છું અને મારી અંતિમ ઇચ્છા છે કે તેમનામાં પડેલી તકરારનો જુજ વખતમાં પરમાત્મા અંત લાવે.

આપ સઘળાએ મારા કામકાજ પ્રત્યે જે સંમતિ દર્શાવી છે, અને પ્રમુખ તરિકે જે માન આપ્યુ છે તે સારૂં હું આપનો સંપુર્ણ આભારી થયો છું અને ફરીથી આપ સઘળા બન્ધુઓનો ઉપકાર માનુછું. (તાળીઓ).

ઉપર પ્રમાણે કામકાજની સમાપ્તિ કરનારૂં ભાષણ આપી મે. પ્રમુખ સાહેબે પોતાની જગ્યા લીધા બાદ—

દેશાઇ અમરસિંહજીભાઇએ જણાવ્યુ કે—આપણી સમાજ તરફથી "કડવા વિજય" નામનું માસિક નીકળે છે તેની ઉપજ ખરચ આ સમાજના માંથે છે. કેટલાક બંધુઓનું એ વર્ષનું લવાજમ પણ આવ્યુ નથી. કોનું નથી આવ્યું તે કહેવા હું ઉઠયો નથી, પણ જે ભાઇઓ પાસે લવાજમ લેણું છે તેમણે ભરી દેવું અને સમાજના ફંડને મદદ કરવી. હમ- ણાંજ મે. પ્રમુખ સાહેબે કહ્યું કે આપણા ફંડમાં પૈસા નથી તે સત્ય છે, અને આપની સમક્ષ થોડા વખતમાં હિસાબ બહાર પડશે ત્યારે આપ સમજી સકશો કે આપણાં કામકાજના પ્રમાણમાં ખરેખર કાંઇજ નથી. મારે આપને યાદ આપવું જોઇએ કે ગઇ બેઠક વખતે વડોદરા મુકામે આપણે મી. પુરૂષોત્તમદાસ પાસેથી ' કડવા વિજય " લઇ લીધુ છે, તે એજ મતલબથી કે ગ્રાહકોને સસ્તે લવાજમે આપી શકાય. પણ ક્યારે ' ગ્રાહકોની સંખ્યા વધે તોજ ' પણ સંખ્યા વધવાની વાતતો બાજુએ રહી પરંતુ ચડેલુ લવાજમ પણ વસુલ થતું નથી. માસિકની આ વસ્તુ સ્થિતિ દરેક ભાઇઓ ધ્યાનમાં રાખશો એ અમારી અરજ છે.

મે. પ્રમુખ સાહેબે બેઠક બરખાસ્ત કરતાં જણાવ્યું કે ભાઇઓ ! ના. દરબારશ્રીના પ્રમુખપણા નીચે સ્થપાયેલા "મહા મંડળ" માં જેમણે નાણાં મંડાવ્યાં છે તે ભરી દેશો અને મદદ કરશો તેવી હું આપને ભલામણ કરૂંછું. આ વર્ષની બેઠકને લગતું કાર્ય પરિપૂર્ણ થયું છે, અને આવતે વર્ષે દરેક ભાઇઓ પધારશો એવી હું વિનંતી કરૂંછું. ત્યારબાદ ઉમિયા માતાની જય બોલાવી સભા વિસર્જન થઇ હતી અને અમદાવાદના પ્રખ્યાત ફોટોગ્રાફર મી. કવંડએ ઘણાખરા સભાસદોને એકજ સ્થળે ગોઠવી છબી પાડી હતી.

કિંમત એક આ

બાવળા મુકામે સમાજની ત્રીજી બેઠક ભ· ·વાયું હતું તેનાં ગાયનો ઘણુાંજ બોધદાયક ને કર્ણપ્રીય તેમજ ુ. ખરા બંધુઓએ ગાયનના પુસ્તકની માગણી રી હતી. આ પુસ્તક શા. નારાયણ **દીક્ષીએ** પોતાના ખરચે સમાજને છપાવી આપી તેની ઉપજ સમાજના ઉપદેશક ફંડમા પી છે. એટલે પુસ્તક મળવાનાં ઠેકાણેથી તે પુસ્તક એક આનો આપી ખરીદ કરવા માટે સમાજના મેમ્બરોને વિનંતી કરવામાં આવે છે.

ઉત્પત્તિ અને ઈતિહાસ.

સાદુ પુંઠુ રૂ. ૦-૧૦-૦ છીંટનું પુંઠુ રૂ. ૧-૦ ૦ ટપાલ ખર્ચ રૂ. ૦-૪-૦

જે ગ્રાહકોને ટપાલ ખરચના રૂ૦-૪-૦ બચાવવા હોય તેમણે પણ મળવાનાં ઠેકાણે-થીંજ આ પુસ્તકની કિમત આપી ખરીદ કરવું. અગ.ઉથી થયેલાં જે ગ્રાહકોનાં નામ પુસ્તક સાથે બહાર પાડયાં છે તેમને સાદા પુંઠાનું પુસ્તક રૂ૦-૮-૦ની અને છીંટના પુંઠાનું રૂ. ૧-૦-૦ ની કિમતે મળી સકશે.

પાસે શુંટું ડીવીઝન વહીવટદાર.

ગ માસ્તર ઠા. સ્કુલમાં.

પા. રામજીભાઇ તાજાભાઇ.

. તન માણેકલાલ રાધાભા ઠા. કોઠારીવાડો.

વીસનગર—અમીન ચતુરભાઈ રાધાભાઇ ઠા. વહીવટદાર કચેરી.

વડોદરા—મી. પુરૂષોત્તમદાસ હરગોવિંદદાસ માસ્તર ઠા. વાડીવચલી પોળ.

ગણપતપુરા—રા. બેચરભાઈ રાયજીભાઇ. પો. કરજણ.

સાણંદ—પા. જમનાદાસ વ્રજભાઇ.

બાવળા—પા. પુરૂષોત્તમ લલ્લુભાઇ.

સુરત—રા. ગંગુભાઈ નગીનદાસ ટી[illegible]વાળા. ઠા. વાડીફળીઆ.

મુંબઇ—શેઠ જેઠાલાલ ચંદુલાલ કકડાવાળા. મેમણ મહોલ્લો જકરીઆ મસિદ.

ઘાટકે પર—રા. નારાયણજી રામજીભાઇ મીસ્ત્રી. જૈન દેરાશર પાસે.